ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી વિરચિત

# ॥ शान्त सुधारस ॥

~ ગીતમાલા ~

# શાન્ત સુધારસ ગીતમાલા

ઉપાધ્યાયશ્રી વિનયવિજય મહારાજ વિરચિત

# શાન્ત સુધારસ

## ગીતમાલા

(ગદ્ય તથા પદ્ય અનુવાદ સાથે)


ગદ્ય અનુવાદ
આ. શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજ

પદ્ય અનુવાદ
આ. શ્રી સદ્ગુણસૂરિ મહારાજ

સમશ્લોકી પદ્યાનુવાદ
પં. શ્રી ભદ્રંકર વિજયજી શિષ્ય મુનિશ્રી ધુરંધર વિજયજી મહારાજ



પ્રકાશક
શ્રીશ્રુત જ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ-૩૮૦ ૦૧૪

પ્રકાશકઃ

શ્રીશ્રુત જ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ-૩૮૦ ૦૧૪

પ્રાપ્તિ સ્થાનઃ

**જીતેન્દ્ર કાપડિયા**

૧ અજંતા પ્રિન્ટર્સ, લાભ કોમ્પલેક્ષ,

૧૨-બી, સત્તરતાલુકા સોસાયટી, પોસ્ટઃ નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪

ફોનઃ (ઓ) ૨૭૫૪૫૫૫૭, (રહે.) ૨૬૬૦૦૯૨૬

**શરદભાઈ શાહ**

વી.ટી. એપાર્ટમેન્ટ, કાળા નાળા, ભાવનગર (સૌરાષ્ટ્ર)

**વિજય દોશી**

સી/૬૦૩, દત્તાણી નગર, બોરિવલી (વેસ્ટ), મુંબઈ

પ્રથમ આવૃત્તિઃ

વિ.સં. ૨૦૬૨ માગસર વદિ ત્રીજ રવિવાર, શ્રીસેરીસાતીર્થ

પ્રતઃ ૧૦૦૦

પુનર્મુદ્રણ : ૨૦૧૧

મૂલ્યઃ રૂ. ૧૦૦

ડિઝાઈનર : અપૂર્વ આશર

૧૦ બિરવા રો હાઉસિસ, બોપલ, અમદાવાદ ૩૮૦ ૦૫૮

ફોનઃ (૦૨૭૧૭) ૨૩૫૫૯૦

મુદ્રણસહાય : કિરીટ ગ્રાફીક્સ - અમદાવાદ. મો. ૯૮૯૮૪૯૦૦૯૧

ભાવપૂર્વક શ્રુતભક્તિથી ભાવિત થનાર ભાગ્યશાળી

બબુબેન નગીનદાસ શાહ

હ. ભરતભાઈ નગીનદાસ શાહ

શાંતિનગર, અમદાવાદ

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
विद्यागाधा[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

॥ નમોનમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

## પ્રકાશનની આગળ-પાછળ

પ્રત્યેક વાચકને નવો ગ્રંથ હાથમાં આવે ત્યારે તેની જન્મકુંડળી જાણવામાં ખૂબ જ રસ હોય છે એમાં પણ પ્રેરક વ્યક્તિનો સીધો સંબંધ ન હોય ત્યારે તો વિશેષ.

આ પ્રકાશનમાં શુભની ઉપાસના અને ઉત્તમ ચીજ ઉત્તમ રીતે શ્રીસંઘ સમક્ષ મૂકવાનો રસ એ જ એક હેતુ છે. આવી સારી વસ્તુ શ્રીસંઘ પાસે આવે; શ્રીસંઘ તેનું મુક્તકંઠે ગાન કરે, તેમાં રહેલી ઉત્તમ વાતો ક્યારેક કોઈકના હૃદયને સ્પર્શી જાય તો તેની ચિત્તવૃત્તિઓનું ઉર્ધ્વીકરણ સહજ બની જાય જેમ કેઃ

क्षणमात्मविचारचन्दनद्रुम
वातोर्मि रसास्पृशन्तु माम् ॥

(આત્મવિચારના ચંદનવૃક્ષમાં થઈને આવતો મંદ-શીતળ અને સુગંધી પવન મને એક ક્ષણ માટે પણ સ્પર્શો.)

અર્થાત્ રોજ આત્માનો ક્ષણવાર વિચાર આવે તેવી મારી ઇચ્છા છે.

આવા શુભ ભાવથી પ્રકાશિત આ પ્રકાશન સર્વત્ર ઉલ્લાસભેર આવકાર પામો.

સૌંદર્યમંડિત શુભતત્ત્વનું આંખ દ્વારા આદર પામી મનને પેલે પાર આત્માના મંદિરમાં સ્થાપન થાય છે તો અસત્‌ના અંધારાને જવું પડે છે. પ્રકાશની રમણા અત્ર-તત્ર-સર્વત્ર અજવાળાં પાથરતી રહે છે.

અજવાળું એ જીવન છે આપણે ક્ષણેક્ષણ જીવંત રહેવા સર્જાયા છીએ.

ચાલો સમસ્વરે અને ક્યારેક તાર સ્વરે તેનું ગાન કરીએ

**શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિશિષ્ય**

**પ્ર૦**

# આનંદપૂર્વક સ્મરણ કરીએ છીએ

ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજનો ઉપકાર માનીએ છીએ.

આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજને આ રચના ઘણી ગમતી હતી, તેઓએ લખેલું સુગમ-પ્રસન્ન ગદ્ય આપણને મળ્યું માટે તેમના પ્રતિ કૃતજ્ઞતા પ્રદર્શિત કરીએ છીએ.

આ અદ્દ્ભુત ગીતમાલાને ગુર્જરગિરામાં ગાન કરી શકાય તેવા લય સાથે પદ્યમાં ઉતારનાર આ. શ્રી સદ્દ્ગુણસૂરિ મહારાજનું ભાવભર્યું સ્મરણ કરીએ છીએ.

મૂળ રસાળ શાન્તસુધારસ ગીતમાલાને સમશ્લોકી પદ્યાનુવાદમાં ઢાળવાનું કામ સહજ રીતે કરનાર અમારા મિત્ર કવિ મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજ (ડીસા)ને પણ કૃતજ્ઞતા સાથે વંદન પુષ્પો અર્પણ કરીએ છીએ.

અને અંતે

તમારા હાથમાં જે રૂપકડું પુસ્તક છે અને તમારું મન મોહી રહ્યું છે તે બધી સાજસજ્જા અને મુદ્રણ સંબંધી સુંદરતા વધારનાર શ્રી અપૂર્વ શિવજી આશરને અંતઃકરણના શુભાશીર્વાદ પાઠવતાં આનંદ અનુભવીએ છીએ.

# શાન્ત સુધારસ ગીતમાલા: ટૂંક પરિચય

જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજની પ્રાણવાન પરંપરામાં વિક્રમની સત્તરમી શતાબ્દીમાં થયેલા ઉપાધ્યાય શ્રીકીર્તિવિજયજી મહારાજનાં શિષ્ય ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે શાન્ત સુધારસ ગીતમાળાની રચના કરી છે. તેઓ જ્યારે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા ત્યારે ચિત્તને મૈત્રી આદિ ભાવનાની વિચારધારાથી ભરી-ભરી બનાવવા માટે આ અનિત્યાદિ બાર અને મૈત્રી આદિ ચાર એમ કુલ સોળ ભાવનાને સંસ્કૃતમાં ગાઈ શકાય તેવા ઢાળમાં રચી છે. પ્રત્યેક ભાવનાના આઠ શ્લોક અને આઠ કડીમાં એક ઢાળ એમ આ સોળ દુ બત્રીસ અષ્ટકની રળિયામણી રચના કરી છે.

આ ગીતમાલાની સંસ્કૃત ભાષા સુગમ છે, સહજ છે અને પ્રાસાદિક છે. આને ગુજરાતીભાષામાં લયબદ્ધ રીતે ઢાળવાની જરૂર હતી. અલબત્ત એવા પ્રયત્નો એકથી વધારે થયા છે પણ તેમાં છેલ્લા વર્ષોમાં આ. શ્રી સદ્ગુણસૂરિ મહારાજે મુક્ત પદ્યાનુવાદ રચ્યો છે અને મુનિ શ્રી ધુરંધરવિજયજીએ સમશ્લોકી પદ્યાનુવાદ રચ્યો છે. એ બંને રચના ગુજરાતીમાં સારી રીતે ગાઈ શકાય તેવી છે. તે બંને એક સાથે અહીં મૂકી છે. વળી **શાન્ત સુધારસ** મૂળનો ગુજરાતી ગદ્યમાં અનુવાદ આ. શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજે કર્યો છે, તે પણ આમાં સામેલ છે જે સંસ્કૃતના અર્થ સમજવામાં ઉપયોગી છે તેથી એ પણ આપવામાં આવ્યો છે.

આમ, *શાન્ત સુધારસ* – મૂળ, તેનો ગદ્ય અનુવાદ અને શ્રી સદ્ગુણસૂરિ મ.નો મુક્ત પદ્યાનુવાદ અને મુનિરાજ શ્રી ધુરંધર મહારાજનો સમશ્લોકી પદ્યાનુવાદ આમ ચાર રચના અહીં આકર્ષક મુદ્રણમાં સુંદર સાજસજ્જા ॥ ૧॥
સાથે મળે છે જે પ્રત્યેક સાધુ-સાધ્વી તથા શ્રાવક શ્રાવિકાને માણવી ગમશે, ગાવી ગમશે અને સંસારની આસક્તિથી મળતાં ચિત્તસંતાપને સ્થાને ચિત્તસંતોષ અને તે દ્વારા ચિત્ત શાન્તિ પામી શકશે એ જ આ મુદ્રણ પાછળનો આશય છે અને તેમાં જ તેની સાર્થકતા છે.

આ બીજી આવૃત્તિવેળાએ દરેક ભાવનાની આગળ મેં ઉમેરેલા લખાણ જે તે ભાવનાને સમજવામાં ઉપયોગી થશે.

## શાન્ત સુધારસ ગીતમાલા :: ૧-૧૭૮

ગદ્ય અનુવાદઃ આ. શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજ • પદ્ય અનુવાદઃ આ. શ્રી સદ્‌ગુણસૂરિ મહારાજ


मंगलाचरण ~ મંગલાચરણ
२ : ७

प्रथम
अनित्यभावना ~ અનિત્યભાવના
८ : १७

द्वितीय
अशरणभावना ~ અશરણભાવના
१८ : २७

तृतीय
संसारभावना ~ સંસારભાવના
२८ : ३७

चतुर्थ
एकत्वभावना ~ એકત્વભાવના
३८ : ४७

पंचम
अन्यत्वभावना ~ અન્યત્વભાવના
४८ : ५७

षष्ठ
अशुचिभावना ~ અશુચિભાવના
५८ : ६७

सप्तम
आश्रवभावना ~ આશ્રવભાવના
६८ : ७७

अष्ट
संवरभावना ~ સંવરભાવના
७८ : ८५

नवम

निर्जराभावना ~ નિર્જરાભાવના

८६ : ९५

दशम

धर्मभावना ~ ધર્મભાવના

९६ : १०५

एकादश

लोकस्वरूपभावना ~ લોકસ્વરૂપભાવના

१०६ : ११५

द्वादश

बोधिदुर्लभभावना ~ બોધિદુર્લભભાવના

११६ : १२७

त्रयोदश

मैत्रीभावना ~ મૈત્રીભાવના

१२८ : १३७

चतुर्दश

प्रमोदभावना ~ પ્રમોદભાવના

१३८ : १४९

पञ्चदश

कारुण्यभावना ~ કારુણ્યભાવના

१५० : १६१

षोडश

माध्यस्थ्यभावना ~ માધ્યસ્થ્યભાવના

१६२ : १७१

प्रशस्ति ~ પ્રશસ્તિ

१७२ : १७७

અનુવાદક પ્રશસ્તિ : ૧૭૮

શાન્ત સુધારસ ગીતમાલા :: ૧૭૯


સમશ્લોકી પદ્યાનુવાદઃ પં. શ્રી ભદ્રંકર વિજયજી શિષ્ય મુનિશ્રી ધુરંધર વિજયજી મહારાજ

॥ १२ ॥

ઉપાધ્યાયશ્રી વિનયવિજય મહારાજ વિરચિત

# શાન્ત સુધારસ

## ગીતમાલા

(ગદ્ય તથા પદ્ય અનુવાદ સાથે)


ગદ્ય અનુવાદ
આ. શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજ

પદ્ય અનુવાદ
આ. શ્રી સદ્દગુણસૂરિ મહારાજ

# मंगलाचरण

शार्दूलविक्रीडित

नीरन्ध्रे भवकानने परिगलत्पञ्चाश्रवाम्भोधरे
नानाकर्मलतावितानगहने मोहान्धकारोद्धुरे ।
भ्रान्तानामिह देहिनां स्थिरकृते कारुण्यपुण्यात्मभि-
स्तीर्थेशैः प्रथितास्सुधारसकिरो रम्या गिरः पान्तु वः ॥ १ ॥

द्रुतविलम्बित

स्फुरति चेतसि भावनया विना, न विदुषामपि शान्तसुधारसः ।
न च सुखं कृशमप्यमुना विना, जगति मोहविषादविषाकुले ॥ २ ॥

यदि भवभ्रमखेदपराङ्मुखं, यदि च चित्तमनन्तसुखोन्मुखम् ।
शृणुत तत्सुधियः शुभभावनाभृतरसं मम शान्तसुधारसम् ॥ ३ ॥

**१**. આ એક પ્રગાઢ ભવવન છે. તેમાં પાંચ આશ્રવોનાં વાદળાં નિરંતર વરસી રહ્યાં છે. તેમાં વિવિધ કર્મોની વેલડીઓ પથરાયેલી છે. અને તેમાં મોહનો પ્રગાઢ વ્યાપેલો છે. આવા ભવવનમાં ભૂલા પડેલા જીવોના હિત માટે કરુણાસભર તીર્થંકર ભગવંતોએ ઉપદેશેલી અમૃતનીતરતી ભવ્યવાણી તમારી રક્ષા કરો. **૨**. ભલે તમે વિદ્વાન હો, શાસ્ત્રજ્ઞ હો, પરંતુ જો તમે શુભ ભાવનાઓમાં રમતા નથી તો તમારા મનમાં શાન્ત સુધાનો આસ્વાદ તમે નહીં કરી શકો. એ શાન્ત સુધારસ

# મંગલાચરણ

શાર્દૂલવિક્રીડિત

જ્યાં પંચાશ્રવ મેઘ તાંડવ કરે, સંસાર રૂપી વને,
ને જ્યાં કર્મલતા વિતાન વિલસે, જ્યાં મોહ અંધાર છે,
ત્યાં ભૂલ્યા ભમતા પ્રવાસિજનને, કારુણ્ય શ્રેયસ્કરા
શ્રી તીર્થંકરની સુધારસભરી, રક્ષા કરો આ ગિરા ૧

દ્રુતવિલંબિત

શુભ નિમિત્ત વિના હિત ના સ્ફુરે, બુધજનો પણ તે શુભ આચરે,
શમ સુધારસ ભાવ વિના ખરે, વિષમ આ જગમાં સુખ ના મળે. ૨

જગતના દવથી મન જો બળે, સુખ અનંત મહીં મન જો વળે,
સુમતિ! આચર તો શુભ ભાવના, વિચર શાંત સુધારસમાં સદા. ૩



વિના, મોહવિષાદના ઝેરથી, હલાહલથી વ્યાપ્ત એવા આ જગતમાં લેશમાત્ર સુખ નથી. **3**. માટે, હે બુદ્ધિમાન પુરુષો, જો તમારું ચિત્ત ભવભ્રમણના થાકથી ઉદ્વિગ્ન થયું હોય અને અનંત સુખમય મોક્ષ મેળવવા તત્પર બન્યું હોય તો શુભ ભાવનાના અમૃતરસથી છલોછલ ભરેલા આ **'શાન્ત સુધારસ'** ગ્રંથનું એકાગ્ર મનથી શ્રવણ કરો.

सुमनसो मनसि श्रुतपावना, निदधतां द्व्यधिका दशभावनाः ।
यदिह रोहति मोहतिरोहिताऽद्भुतगतिर्विदिता समतालता ॥ ४ ॥

रथोद्धता

आर्त्तरौद्रपरिणामपावकप्लुष्टभावुकविवेकसौष्ठवे ।
मानसे विषयलोलुपात्मनां, क्व प्ररोहतितमां शमाङ्कुरः ॥ ५ ॥

वसन्ततिलका

यस्याशयं श्रुतकृतातिशयं विवेकपीयूषवर्षरमणीयरमं श्रयन्ते ।
सद्भावनासुरलता न हि तस्य दूरे, लोकोत्तरप्रशमसौख्यफलप्रसूतिः ॥ ६ ॥

**४**. હે પવિત્ર મનવાળા વિદ્વાનો, સાંભળવા માત્રથી અંતઃકરણને પાવન કરનારી આ બાર ભાવનાઓને તમારા ચિત્તમાં ધારણ કરો. એથી એક મોટો લાભ થશે તમને! મોહથી આચ્છાદિત થયેલી સમતા, દબાઈ ગયેલી સમતાની વેલડી, પુનઃ નવપલ્લવિત થશે. મોહનું આચ્છાદન દૂર થશે. **૫**. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ક્રૂર વિચારો આગ જેવા છે. આ આગ સુંદર વિવેકની શોભાને સળગાવી દે છે. જે હૃદયમાં વિવેકની શોભા બળી ગઈ, તે હૃદયમાં સમતાનો અંકુર કેવી

સુમન! આ શ્રુતપાવન ભાવના, હૃદયમાં ધર આ સમતા લતા,
સુજન અંતર મૌક્તિક માળ શી તિમિર મોહ તણાં હરતી સદા. ૪

રથોદ્ધતા

અશુભ જે પરિણામ દવે બળી મન તણી ધરતી નર જેહની,
વિષય લોલપુ તે મનમાં અરે! પ્રશમ અંકુર શું પ્રગટે ખરે! ૫

વસંતતિલકા

જેણે જિનેશ વચનામૃત પાન કીધાં, જેણે વિવેકસરનાં શુભ વારિ પીધાં,
જે ભાવના સુરલતા નહિ દૂર રાખે તે ભાગ્યવંત શમનાં સુખને જ ચાખે. ૬



રીતે પ્રગટ થઈ શકે? ૬. સમ્યગ્ જ્ઞાનના અભ્યાસથી ઉન્નત બનેલા અને વિવેકરૂપ અમૃતની વૃષ્ટિથી મૃદુ સુશોભિત થયેલા અંતઃકરણમાં જ આ સુંદર શુભ ભાવનાઓ રહે છે! એ ભાવનાઓ, અલૌકિક પ્રશમ સુખનું ફળ આપનારી કલ્પવૃક્ષની લતાઓ પેદા કરે છે.

अनुष्टुप

अनित्यत्वाशरणते, भवमेकत्वमन्यताम् ।
अशौचमाश्रवं चात्मन् ! संवरं परिभावय ॥ ७ ॥

कर्मणो निर्जरां धर्म-सूक्ततां लोकपद्धतिम् ।
बोधिदुर्लभतामेतां, भावयन्मुच्यसे भवात् ॥ ८ ॥



૭-૮. આ 'શાન્ત સુધારસ' ગ્રંથમાં અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના, એકત્વ ભાવના, અન્યત્વ ભાવના, અશુચિ ભાવના, આશ્રવ ભાવના, સંવર ભાવના, કર્મનિર્જરા ભાવના, ધર્મસુકૃત ભાવના અને બોધિદુર્લભ ભાવના –

અનુષ્ટુપ

અનિત્ય અશરણ ભાવના, ચેતન! નિત્ય વિચાર,
ભવસ્થિતિ એકત્વને, અન્યત્વ અશુચિ સાર. ૭

આશ્રવ સંવર નિર્જરા, ધર્મ ને લોક સ્વભાવ
બોધિ મૈત્રી પ્રમોદ ને, કરુણા માધ્યસ્થ ભાવ. ૮

આ બાર ભાવનાઓ ઉપરાંત મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાઓનો સમાવેશ થયો છે. ભવપ્રપંચથી મુક્ત થવા આ ભાવનાઓ રોજ ભાવતા રહો.

# અનિત્યભાવના

ભાવના એટલે વિચારણા.

શબ્દ ભાવના પ્રસિદ્ધ છે. પણ વિચારણા શબ્દ અપ્રચલિત છે. જે વિચાર આચારમાં મુકીએ તેની સામી બાજુનો વિચાર કરીએ તો પહેલા વિચારનો ઉપચાર લાગે.



એવી વિચારણાના પ્રકાર બાર છે. એમાં પહેલી છ ભાવના/વિચારણા સમ્યકદર્શન પ્રાપ્ત કરાવનાર છે અને છેલ્લી છ ભાવના/વિચારણા સમ્યકદર્શનને પોષણ આપનાર છે.

પહેલી વિચારણા ઘણી મહત્ત્વની છે. અનિત્ય ભાવના/વિચારણા જગત આખું અનિત્ય છે માટે તેમાં આસક્ત થવા જેવું નથી. કારણ કે સ્વયં પોતે અનિત્ય છે તેમાં નિત્યની આશા કેવી? એક કવિત સુંદર છે તે કંઠે કરવાલાયક છે, તે આ પ્રમાણે છે:

***વિદ્યુતલક્ષ્મી, પ્રભુતા પતંગ,***
***આયુષ્ય એ તો જલના તરંગ,***
***પુરંદરી ચાપ, અનંગ રંગ,***
***શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ.***

એના માટે સંસ્કૃતમાં પણ એક ઉક્તિ સરસ આવે છે **અનિત્યં સંસારે ભવતિ સકલં યનનયનગમ** (સંસારમાં જે બધું દેખાય છે, તે સર્વ અનિત્ય છે.)

અનિત્ય ભાવનાની વિચારણામાં દેવલોકમાં જે સર્વથી ચડિયાતા સુખો જેમાં કહેવાય છે તે સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવોનું આયુષ્ય પણ તેત્રીસ સાગરોપમનું છે અને ત્યાંથી આવવું પડે છે. જેમ જેમ અવસર્પિણીકાર

વીતતો જાય છે તેમ તેમ પદાર્થોનાં, વ્યક્તિના, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બદલાતા રહે છે. જે આજે છે સવારે તે સાંજે નથી. તેનું એક પદ પૂજ્યપાદ અમૃતસૂરીશ્વરજી મહારાજે રચેલ છે.

*જોડે રમ્યા જેની અતિશય, પ્રીતથી જોડે જમ્યા,*
*જોડે નિશાળ વિશે જતા, પરલોકમાં તે પણ ગયા,*
*સવારમાં જોયેલ તે પણ, સાંજ નવ દેખાય છે,*
*હે મિત્ર, આ સંસારનો કેવો વિચિત્ર સ્વભાવ છે.*

આકાશમાં સાંજના સમયે એટલે કે સૂર્યાસ્ત પછી જે વાદળો પશ્ચિમ આકાશમાં દેખાય છે, તે પ્રકાશ, તે રૂવાબ ક્ષણમાં જ અંધારામાં પલટાઈ જાય છે.

શરીર જે યુવાવસ્થામાં હોય છે તે વૃધ્ધાવસ્થામાં નથી હોતું. આપણને કોઈ પૂછે કે તાકાત ક્યાં ગઈ? કાન, દાંત, આાંખ અને ચાલવાની ગતિ બધામાં ફેર પડે છે ત્યારે એ શક્તિ ક્યાં ગઈ? તેનો ઉત્તર આપણી પાસે હોતો નથી.

આયુષ્યનો વિચાર કરો તો સાવ સાદા, સારા કેટલાંય માણસોને આપણે મુકી આવ્યા છીએ.

જો સર્વ વસ્તુને અનિત્ય હૃદયથી માનીએ તો તેના નિમિત્તે ક્રોધ આદિ કષાયો કરવાનું મન થાય નહીં. જે વસ્તુ ટકવાની જ નથી, તેના માટે રાગદ્વેષ કરવા આપણા જેવા બુદ્ધિમાનોને શોભે નહીં.

ચંચળ શબ્દનો અર્થ અનિત્ય જ થાય છે જે ચક્ષુથી દેખાય એ સર્વ ચંચળ છે – અનિત્ય છે.

જ્યાં બધું જ ચપલ – ચંચળ – અનિત્ય હોય અને તે વધારે ચંચળ પણ પ્રતિકૂળતાને ખેંચી લાવે તે ભોગસુખો પરાધીન છે, ભયાવહ છે અને અનિત્ય સુખોને શા માટે વિચારકે ભોગવવા?

# प्रथम
# अनित्यभावना

पुष्पिताग्रा

वपुरवपुरिदं विदभ्रलीलापरिचितमप्यतिभङ्गुरं नराणाम् ।
तदतिभिदुरयौवनाविनीतं भवति कथं विदुषां महोदयाय ॥ १ ॥

शार्दूलविक्रीडितम्

आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः सम्पदः,
सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं स्वप्नेन्द्रजालोपमं,
तत्किं वस्तु भवे भवेदिह मुदामालम्बनं यत्सताम् ॥ २ ॥

**૧.** ઉપા. વિનયવિજયજી પોતાના આત્માને સંબોધીને કહે છે : હે આત્મન્, તારું આ શરીર ભલે આજે સુંદર હોય... ઉન્મત્ત હોય, પરંતુ ધ્યાન રાખ કે આ પાણીના પરપોટા જેવું ક્ષણિક છે, એક દિવસ વિનાશ પામનારું છે. અનિત્ય છે. અતિ ચંચળ યૌવનના ઉન્માદથી ઉન્મત્ત આ શરીર, વિદ્વાનોના મહોદય માટે શી રીતે થાય? ન જ થાય. (આ રીતે મહાકવિએ સર્વ પ્રથમ શરીરની અનિત્યતા બતાવી). **૨.** પવનના સુસવાટાઓથી ચંચળ

# પ્રથમ
# અનિત્યભાવના

પુષ્પિતાગ્રા

નભ જલદ સમી શરીરલીલા વિકસિત છતાંય અસ્ત થાયે,
ક્ષણિક મદભરી કહી યુવાની ન ઉદય કારણ થાય સર્વ ભાવો. ૧

શાર્દૂલવિક્રીડિત

જાણે આયુષ્ય વાયુ ચંચલ સમું ને સંપદા આપદા,
ભોગો ઇંદ્રિયના બધા ચલિત છે સંધ્યા તણા રંગ શા
સૌએ સ્વપ્ન સમા, વિલીન બનતા સંસારના સંગમો,
સર્વે નશ્વર મિત્ર બંધુ વનિતા, શું ઇંદ્ર જાલે રમો? ૨



બની જતા જલતરંગો જેવું ચંચળ આપણું આયુષ્ય છે. રિદ્ધિ-સિદ્ધિ અને સંપદાઓ... વિપત્તિઓનાં વાદળાંઓથી ઘેરાયેલી છે. સંધ્યાના ક્ષણિક રંગો જેવા પાંચ ઇન્દ્રિયોના વિષયસુખો છે. મિત્ર-સ્ત્રી-સ્વજનોના સંગમનું સુખ સ્વપ્ન જેવું છે. કહો, આ સંસારમાં એવી કઈ વસ્તુ છે, કે જેનાથી વિદ્વાનોને – અને ડાહ્યા માણસોને હર્ષ થાય?

प्रातर्भ्रातरिहावदातरुचयो ये चेतनाचेतना,
दृष्टा विश्वमनःप्रमोदविधुरा भावाः स्वतः सुन्दराः।
तांस्तत्रैव दिने विपाकविरसाद् हा नश्यतः पश्यत-
श्चेतः प्रेतहतं जहाति न भवप्रेमानुबन्धं मम ॥ ३ ॥

**3.** મારા ભાઈ, જે પદાર્થો પ્રભાતમાં સુંદર શોભાવાળા હોય છે, મનને ખુશ કરી દેનારા હોય છે, આહ્લાદક અને આકર્ષક હોય છે – તે જ પદાર્થો જોતજોતામાં સંધ્યા સમયે નીરસ, અનાકર્ષક, નિસ્તેજ બની જતા હોય

જે આત્મા રમતો પ્રભાત સમયે સાંજે ન દેખાય તે,
આજે વસ્તુ જણાય રમ્ય મનને કાલે વિરૂપી દિસે,
નેત્રો સન્મુખ જાય છે સ્વજન સૌ આ મૃત્યુને બારણે,
મારું તો પણ બંધુ! ઘેલુ મનડું ના પ્રેમલીલા તજે. ૩



છે! આ નજરે જોવા છતાં મારું પ્રેતહત – મૂઢ મન સંસારના રંગરાગ છોડતું નથી. ખરેખર, ખેદની વાત છે.

# गेयाष्टक

(राग : भैरव)

मूढ मुह्यसि मुधा मूढ मुह्यसि मुधा, विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।
कुशशिरसि नीरभिव गलदनिलकम्पितं, विनय जानीहि जीवितमसारम् ॥ मूढ० ॥ ध्रुवपद ॥

पश्य भङ्गुरमिदं विषयसुखसौहृदं, पश्यतामेव नश्यति सहासम् ।
एतदनुहरति संसाररूपं रयाज्ज्वलज्जलदबालिकारुचिविलासम् ॥ मूढ० ॥ १ ॥

हन्त हतयौवनं पुच्छमिव शौवनं, कुटिलमति तदपि लघुदृष्टनष्टम् ।
तेन बत परवशा परवशा हतधियः, कटुकमिह किं न कलयन्ति कष्टम्? ॥ मूढ० ॥ २ ॥

यदपि पिण्याकतामङ्गमिदमुपगतं, भुवनदुर्जयजरापीतसारम् ।
तदपि गतलज्जमुज्झति मनो नाङ्गिनां, वितथमतिकुथितमन्मथविकारम् ॥ मूढ० ॥ ३ ॥

**ધ્રુવપદઃ** હે મૂઢ જીવ! તારા મનમાં પરિવાર આદિ બધા સાંસારિક વૈભવોનો વારંવાર વિચાર કરી, વ્યર્થ મોહ પામે છે. તારું જીવન, ડાભના પાંદડા પર રહેલા જલબિંદુ જેવું છે, ક્ષણિક છે. **૧ઃ** તું તપાસી જો : વિષય સુખોનો સંબંધ કેવો ક્ષણભંગુર છે. હાથતાલી દઈને જોતજોતામાં જતો રહે છે. આ સંસારની માયા વીજળીના ઝબકારા જેવી છે.

## ગેયાષ્ટક

(રાગ: આશાવરી)

મોહમાં કેમ મુંઝાય... ચેતન... મોહમાં કેમ મુંઝાય,
જીવન ફોગટ જાય... ચેતન... જીવન ફોગટ જાય...
અનિલકંપિત તૃણ પર જલનું બિન્દુ જિમ સરી જાય,
તિમ આ વૈભવ સાથી આયુ ક્ષણમાં ઉડી જાય.

વીજચમકારા સમ સંસારે, સર્વ વિલાસ ગણાય,
વિષયસુખની પણ આ મૈત્રી, જોતાં નશ્વર થાય. ચેતન૦૧

શ્વાન પુચ્છ સમ યૌવન કેરી, વાંકી એની કેડી,
એને પરવશ મુરખ કેવાં, કષ્ટ કરે તન તોડી. ચેતન૦૨

દુર્જય દૂત જરાનાં આવ્યાં, શ્વેત કેશ ને પળીયાં,
કામનાગિણી કેડો ન મેલે, ભલે શરીર લડથડીયાં. ચેતન૦૩





**૨:** કૂતરાની પૂંછડી જેવું કુટિલ છે યૌવન. જોતજોતામાં તે નાશ પામે છે. યૌવનમાં સ્ત્રીઓને પરવશ, નષ્ટ બુદ્ધિવાળા જીવો, વિષયોના કટુરસપૂર્ણ કષ્ટોને કેમ સમજી શકતા નથી? ભારે આશ્ચર્યની વાત છે. **૩:** આ જગતમાં અતિ દુર્જય જરાથી સત્ત્વહીન અને ક્ષીણ દેહવાળા જીવોનું નિર્લજ્જ મન, કુત્સિત કામવિકારોને તજતું નથી. શરમની વાત છે.

सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं, कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत्तदा वस्तु सांसारिकं, स्थिरतरं भवति चिन्तय निकामम् ॥ मूढ० ॥ ४ ॥

यैः समं क्रीडिता ये च भृशमीडिता, यैः सहाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयङ्गतान्, निर्विशङ्काः स्म इति धिक् प्रमादम् ॥ मूढ० ॥ ५ ॥

असकृदुन्मिष्य निमिषन्ति सिन्धूर्मिवच्चेतनाचेतनाः सर्वभावाः ।
इन्द्रजालोपमाः स्वजनजनसङ्गमास्तेषु रज्यन्ति मूढस्वभावाः ॥ मूढ० ॥ ६ ॥

कवलयन्नविरतं जङ्गमाजङ्गमं, जगदहो नैव तृप्यति कृतान्तः ।
मुखगतान् खादतस्तस्य करतलगतैर्न कथमुपलप्यसेऽस्माभिरन्तः ॥ मूढ० ॥ ७ ॥

नित्यमेकं चिदानन्दमयमात्मनो, रूपमभिरूप्य सुखमनुभवेयम् ।
प्रशमरसनवसुधापानविनयोत्सवो, भवतु सततं सतामिह भवेऽयम् ॥ मूढ० ॥ ८ ॥

**૪:** અનુત્તર દેવલોકનાં દેવોનાં સુખ પણ કાળે કરીને નષ્ટ થઈ જાય છે. તો પછી બીજી કઈ સંસારની વસ્તુ સ્થિર હોઈ શકે, તેનો પૂર્ણ વિચાર કર. **૫:** જેમની સાથે રમ્યા, જેમની સાથે સ્નેહની વાતો કરી, જેમનાં વખાણ કર્યાં તેમને ભસ્મ થયેલા જોઈને, પણ આપણે નિઃશંક વર્તીએ છીએ! આવા પ્રમાદને ધિક્કાર હો. **૬:** સમુદ્રના તરંગોની જેમ બધા સજીવ-નિર્જીવ પદાર્થો જન્મે છે ને વિલય પામે છે, ઇન્દ્રજાળ જેવા સ્વજનોના અને ધનના સંયોગો મળેલા છે. તેમાં મૂઢ જીવો રંગાઈ જાય છે. **૭:** આશ્ચર્ય! સ્થાવર-જંગમ જગતને હમેશાં ભક્ષણ કરતો કાળ કદાપિ તૃપ્ત થયો નથી; એવા

સુખ અનુત્તરનાં ભલે મોટાં, તે પણ ક્ષણ સથવાર,
કાલ દુષ્ટ જ્યાં કરવટ બદલે, કોણ સ્થિર સંસાર? ચેતન૦૪

સાથે રમતા જમતા ભમતા, પ્રેમથી જે નરનાર,
એક દિન રાખમાં એ ભૂંસાયા, નામ નહિ અણસાર. ચેતન૦૫

સમુદ્રલહરી સમ સહુ ભાવો, ઉપજે ક્ષણ વિલાય,
મુરખ શું રાચે તું એમાં, ઇંદ્રજાલ કહેવાય. ચેતન૦૬

સ્થાવર જંગમ સૌને કરતો, કોળીયો આ યમરાય,
સ્વાહા કરતો કર ધરી સૌને, અંત જ કેમ પમાય? ચેતન૦૭

નિત્ય ચિદાનંદ આતમ રમતાં, શાંત સુધારસ પામે,
શમરસનો વિનયોત્સવ કરતાં સદ્ગુણ મહોત્સવ જામે. ચેતન૦૮



કાળના હાથે ચઢેલા આપણો પણ છૂટકો થવાનો નથી. ૮: માટે, નિત્ય એક અને ચિદાનન્દમય આત્મસ્વરૂપને ઓળખીને, 'મારે આત્મસુખનો જ અનુભવ કરવો છે.' ગ્રંથકાર કહે છે : પ્રશમરસરૂપ અભિનવ નવીન અમૃતપાન વડે, સત્પુરુષોને આ જ ભવમા ઉત્સવ હોજો! તે માટે નિત્ય એક અને ચિદાનંદમય આત્મસ્વરૂપને ઓળખીને મારે સ્વાભાવિક આત્મસુખને અનુભવવું જોઈએ. પ્રમશરસરૂપી અભિનવ અમૃતપાન કરવારૂપ ઉત્સવ, સત્પુરુષોને આ જ ભવમાં હોજો!

# અશરણભાવના



શરણ શબ્દનો અર્થ ઘર થાય છે અને રક્ષણ કરનાર તેવો પણ થાય છે પણ શરણું લેવું તો નિત્યનું લેવું. અનિત્ય એવું શરીર તેના માટે ડૉક્ટર-વૈદ્યનું શરણું લેવામાં આવે છે. કોઈ ડૉક્ટર કે વૈદ્ય ક્યારેય પણ વચન આપતા નથી કે સાજા થઈ જશો. ગમે ત્યારે મૃત્યુ આવી જાય છે.

**કો નવિ શરણમ્** – મૃત્યુમાંથી કોઈ બચાવતું નથી. આપણે જેના પર ભરોસો રાખીએ છે તે મૂળ વસ્તુ જ તકલાદી છે એટલે આપણો ભરોસો ખોટો ઠરે છે. ત્યારે પણ મૃત્યુને માટે No entry લાગુ પડતું નથી. મૃત્યુનાં દુઃખથી ડરીને કોઈ ગુફામાં બેસો કે દરિયાને તળિયે બેસો પણ નિયત સમયે એટલે નક્કી કરેલ સમયે તે આવી જ જાય છે.

શરણ એક અરિહંતનું હો! તે સ્વયં દુઃખમાંથી ઊગારનાર છે કારણ કે, જન્મ, જરા, મૃત્યુનાં દુઃખને એટલે અરિહંતોએ અનુભવ્યું છે. ઘણા જીવોને જન્મ, જરા, મૃત્યુથી ઉગાર્યા પણ છે.

નીતિકારોએ પણ કહ્યું છે કે તમે જે નિવેદન કરવાના છો, દુઃખ જે પામ્યા હોય અને દુઃખ દૂર કરવા શક્તિમાન હોય તેને દુઃખ જણાવવું.

અરિહંત સિવાય કોઈપણ આત્માની પાસે મૃત્યુ દુઃખ દૂર કરવાની શક્તિ નથી. માટે આખું જગત શરણ વિનાનું છે.

ધર્મ એક એવું શરણ છે કે તમે બધેથી હારીને, કંટાળીને ધર્મના શરણે આવો તો પણ ધર્મ તેનો સ્વીકાર કરે છે, એટલો ધર્મ ઉદાર છે. પ્રેમાળ સ્વજનો જોતાં રહે અને પોતાના સ્વજનને મૃત્યુ ઉપાડી જાય, પોતે જોતાં રહી જાય એવું બને છે. ત્યારે વૈદ્યોની ઔષધિઓ, રસાયણ બધું તેમનું તેમ રહે છે.

પંચ પરમેષ્ઠી ભગવંતો શરણરૂપ છે અને શરણે આવેલાનું તે પૂર્ણ રક્ષણ કરે છે. રાજા હોય તેની પાસે ગમે તેટલા ઘોડાં, હાથી હોય છતાં તેને મૃત્યુ પાસે જતા કોઈ રોકતું નથી. સિકંદર આખી પૃથ્વી જીતી ગયો હતો અને મૃત્યુ આવ્યું ત્યારે પોતાના બે હાથ ખુલ્લાં રખાવ્યાં હતાં. તેના માટે કવિએ લખ્યું છે:

*ક્રોડોની મિલકત આપતાં પણ તે સિકંદર ના બચ્યો,*
*દોરી તૂટી આયુષ્યની તો સાંધનારું કોણ છે?*

આમ મૃત્યુ પાસે બધાં અશરણ છે. જે વસ્તુ જેના હાથમાં હોય, આપણી એવી માન્યતા હોય, જેને આપણે અધીન રહીએ છીએ, જેમ દર્દી ડૉક્ટરને અધીન રહે છે, દાદરો ઊતરવો હોય તો પણ ડૉક્ટરને પૂછે છે, કારણ કે, દેહનું આરોગ્ય ડૉક્ટરને અધીન છે. તે રીતે આત્માનું આરોગ્ય ગુરુમહારાજને અધીન છે. કારણ કે, આત્માની આબાદી કે બરબાદી ગુરુમહારાજને અધીન છે. ધર્મનું ઔષધ બતાવે છે, વિદ્યા, મંત્ર, ઔષધો પણ કર્મના પ્રમાણે જ લાભ કરે છે અને શરણરૂપ થતા નથી. ધર્મ એક એવું શરણ છે કે જે જવાબદારી લે છે. તમે તેને કઈ રીતે સેવો છો તેના પર આધાર છે. માટે નિત્ય તત્ત્વો જીવ મૃત્યુ પામે છે ત્યારે સ્ત્રીઓ પણ ઘરનાં બારણે ઊભી રહે છે. પશુઓ પણ ગમાણમાં રહે છે. એક ધર્મ (પૂણ્ય-પાપ) સાથે આવે છે. માટે ધર્મ તે શરણ છે.

# द्वितीय
# अशरणभावना

शार्दूलविक्रीडित

ये षट्खण्डमहीमहीनतरसा निर्जित्य बभ्राजिरे,
ये च स्वर्गभुजो भुजोर्जितमदा मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनैर्निर्दल्यमाना हठा-
दत्राणाः शरणाय हा दश दिशः प्रैक्षन्त दीनाननाः ॥ १ ॥

स्वागता

तावदेव मदविभ्रममाली, तावदेव गुणगौरवशाली ।
यावदक्षमकृतान्तकटाक्षैर्नेक्षितो विशरणो नरकीटः ॥ २ ॥

१. પોતાના અતુલ પરાક્રમથી સમગ્ર પૃથ્વી પર વિજય મેળવનારા સમ્રાટો ચક્રવર્તીઓ અને પોતાની અજેય શક્તિથી ઉન્મત્ત તથા અપૂર્વ હર્ષથી સદૈવ આનંદિત રહેનારા દેવો ને દેવેન્દ્રો... જ્યારે તેમના ઉપર નિર્દય યમરાજ બલાત્કાર કરે છે અને પોતાના તીક્ષ્ણ દાંતોથી એમને ચીરી નાંખે છે... ત્યારે તે ચક્રવર્તીઓ અને દેવ-દેવેન્દ્રા... દીન-હીન બની....

# દ્વિતીય
# અશરણભાવના

શાર્દૂલવિક્રીડિત

જે ષટ્ ખંડ ધરા કરી વિજયને આ ભૂમિ કંપાવતા,
જેઓ સ્વર્ગ સુખે વસે મદ ધરી સિંહાસને મ્હાલતા,
તેઓ સૌ અતિથી થયા યમ તણા રોતા પરાણે ખરે,
જોતા દીન મુખે દિશા પ્રતિ કહે 'રક્ષો મને કો' અરે!' ૧

સ્વાગતા

જંતુ આ શરણહીન અરે રે! ત્યાં સુધી મદ વિલાસ કરે છે;
ને ગણાય ગુણ ગૌરવશાલી જ્યાં સુધી ન યમનેત્ર પડે છે. ૨





અશરણદશામાં ચારેબાજુ જોઈ રહે છે. તેમને કોઈ બચાવી શકતું નથી. **૨.** હે મનુષ્ય, ત્યાં સુધી જ તું મનોન્મત્ત છે અને ગુણગૌરવવાળો છે, જ્યાં સુધી તારા ઉપર દુર્જય યમરાજની ક્રૂર દૃષ્ટિ પડી નથી! એ ક્રૂર દૃષ્ટિ પડ્યા પછી તને કોઈ બચાવી શકશે નહીં.

शिखरिणी

प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितै-
र्गतं धैर्योद्योगैः श्लथितमथ पुष्टेन वपुषा।
प्रवृत्तं तद्द्रव्यग्रहणविषये बान्धवजनै-
र्जने कीनाशेन प्रसभमुपनीते निजवशम् ॥ ३ ॥





3. જ્યારે મનુષ્ય યમરાજના બલાત્કારનો ભોગ બને છે, ત્યારે તેનો પ્રતાપ નષ્ટ થઈ જાય છે, તેનું ઉદિત તેજ અસ્ત થઈ જાય છે, તેનાં ધૈર્ય અને પુરુષાર્થ વિલય પામી જાય છે. પુષ્ટ શરીર શિથિલ થઈ જાય છે અને એનાં સ્વજનો એના

શિખરિણી

બલાત્કારે પ્રાણી વિકલ બનતો આ યમવશે,
પ્રતાપી તેજસ્વી ઉદિત પણ અસ્તાચલ ધસે,
શ્રમે હારે જ્યારે શિથિલ બનતું પુષ્ટ તન આ,
કરે યત્નો ત્યારે સ્વજન જન સૌ દ્રવ્ય હરવા. ૩

ધન-વૈભવ લઈ લેવા પ્રયત્નશીલ બની જાય છે! મૃત્યુની આગળ માનવી સાવ વામણો બની જાય છે. આ છે મનુષ્યની ઘોર અશરણતા!...

॥ २४ ॥

## गेयाष्टक

(राग : चंद्रकौंस)

स्वजनजनो बहुधा हितकामं, प्रीतिरसैरभिरामम् ।
मरणदशावशमुपगतवन्तं, रक्षति कोऽपि न सन्तम्
विनय! विधीयतां रे, श्रीजिनधर्मः शरणम् ।
अनुसन्धीयतां रे, शुचितरचरणस्मरणम् ॥ विनय ॥ १ ॥

तुरगरथेभनरावृतिकलितं, दधतं बलमस्खलितम् ।
हरति यमो नरपतिमपि दीनं, मैनिक इव लघुमीनम् ॥ वि० ॥ २ ॥

प्रविशति वज्रमये यदि सदने, तृणमथ घटयति वदने ।
तदपि न मुञ्चति हतसमवर्ती, निर्दयपौरुषनर्ती ॥ वि० ॥ ३ ॥

૧: અનેક પ્રકારે હિતકારી અને પ્રીતિપાત્ર સજ્જનો જ્યારે મૃત્યુના મહાસાગરમાં ડૂબતા હોય છે ત્યારે કોઈ સ્વજન તેમને બચાવી શકતા નથી. માટે હે આત્મન્, તું મહામંગલકારી જિનધર્મનું જ શરણ સ્વીકારી લે અને અત્યંત નિર્મળ ચારિત્રધર્મનું સ્મરણ કર. તે ધર્મ જ તને ડૂબતાં બચાવશે. ૨: જેમ માછીમાર નાનાં માછલાંઓને જોતજોતામાં પકડી

(રાગ: તપ કરજો મન શુદ્ધ-ભાવિકજન / યોગી થઈને જાય મહાવીર)

જિન ધર્મ શરણ સ્વીકાર... ભવિકજન જિન ધર્મ શરણ સ્વીકાર
નિર્મલ દર્શન જ્ઞાન ચરણ ગુણ શિવ મારગ સુખકાર. ભવિક૦

જિનવર ભાખ્યો ધર્મ જ સાચો, જિમ ભવસાગર નાવ,
મુક્તિકિનારે એ લઈ જાવે, આરાધો શુભ ભાવ,
હિતકર સ્નેહી સ્વજનો સૌએ, સ્નેહ ભલે જ બતાવે,
આવે યમનાં તેડાં ત્યારે, કોઈ ન રક્ષક થાવે. ભવિક૦૧

હયગયરથ લઈ નરપતિ જાતા, કરતા હુકમ હજાર,
કાલ ગ્રહે જ્યું મીન ગલાગલ, કરે તે દીન ચિત્કાર. ભવિક૦૨

ભલે પેસે કોઈ વજ્રમય ભવને, મુખમાં તૃણ યા ધારે,
તો યે ન છોડે નિર્દય યમ આ, કરે કોળીયો ત્યારે. ભવિક૦૩





લે છે, તેમ યમરાજ, ઘોડા, રથ, હાથી અને પદાતિ સૈન્યથી સજ્જ અને અપ્રતિમ બળવાળા રાજાઓને પકડી લે છે... ભલે તે રાજાઓ યમરાજ સમક્ષ દીનતા કરતા હોય! ૩: મહાકાળથી બચવા ભલે કોઈ વજ્રના બનેલા ઘરમાં છુપાઈ જાય અથવા મોઢામાં તણખલું લઈ એ મહાકાળની આગળ પોતાની હાર કબૂલે, છતાં એ નિર્દય કાળ કોઈને છોડતો નથી.

विद्यामन्त्रमहौषधिसेवां, सृजतु वशीकृतदेवाम् ।
रसतु रसायनमुपचयकरणं, तदपि न मुञ्चति मरणम् ॥ वि०॥ ४ ॥

वपुषि चिरं निरुणद्धि समीरं, पतति जलधिपरतीरम् ।
शिरसि गिरेरधिरोहति तरसा, तदपि स जीर्यति जरसा ॥ वि०॥ ५ ॥

सृजतीमसितशिरोरुहललितं, मनुजशिरः सितपलितम् ।
को विदधानां भूघनमरसं, प्रभवति रोद्धुं जरसम् ॥ वि० ॥ ६ ॥

उद्यत उग्ररुजा जनकायः, कः स्यात्तत्र सहायः ।
एकोऽनुभवति विधुरुपरागं, विभजति कोऽपि न भागम् ॥ वि०॥ ७ ॥

शरणमेकमनुसर चतुरङ्गं, परिहर ममतासङ्गम् ।
विनय! रचय शिवसौख्यनिधानं, शान्तसुधारसपानम् ॥ वि० ॥ ८ ॥



**૪:** ભલેને દેવોને આધીન કરનારા મંત્રો, વિદ્યાઓ કે ઔષધિઓના પ્રયોગ કરો, અથવા તમારા શરીરને પુષ્ટ કરનારાં રસાયણોનું સેવન કરો, યાદ રાખો, મૃત્યુ તમને છોડવાનું નથી! **૫:** ભલે તમે લાંબા સમય સુધી પ્રાણાયમ કરીને શ્વાસનિરોધ કરો, ભલે તમે સમુદ્રની પેલે પાર જઈને રહો, ભલે તમે પહાડોના શિખર ઉપર ચઢી જાઓ... પરંતુ એક દિવસ તમારું આ દેહનું પિંજરુ જીર્ણ થવાનું જ છે. **૬:** કાળાભમ વાળથી શોભતા મસ્તકને સફેદ કરી નાંખનારી અને સુંદર શરીરને શુષ્ક કરી નાંખનારી 'જરા' વૃદ્ધાવસ્થાને રોકવા કોણ સમર્થ છે? કોઈ જ સમર્થ નથી. **૭:** જ્યારે મનુષ્યના દેહમાં ઉગ્ર

દેવ સાધના વિદ્યા મંત્રો, જાણે ઔષધ ખંતે,
ભલે ધરે જીવ વિવિધ રસાયણ, યમ આધીન એ અંતે. ભવિક૦૪

ભલે કાયમાં વાયુ રોકે, જાયે સાગરતીર,
ગિરિશૃંગે જઈ બેસે તોયે, જરા જીર્ણ શરીર. ભવિક૦૫

કાળા કેશ જે હોય સુંવાળા, તે પણ ધોળા થાય,
લાલ બુંદ શી કાયા પણ આ, જીર્ણ કાષ્ટ શી થાય. ભવિક૦૬

જરા રોગને નવ શકે ખાળી, ઈંદ્ર સૂર્ય પણ હોય,
સહુની પીડા ચંદ્ર સહે છે, ભાગ ન પાડે કોય. ભવિક૦૭

દાન શીલ તપ ભાવ અનુસર, ત્યજ મમતા ને માન,
ધર સદ્‌ગુણ! આ શિવસુખ સાધન શાંત સુધારસ પાન. ભવિક૦૮



કોટિના રોગ દેખા દે છે ત્યારે એને કોણ બચાવી શકે છે? કોઈ જ નહીં. રાહુની પીડા ચન્દ્ર એકલો જ સહન કરે છે. તમારી પીડા તમારે એકલાએ જ સહવાની છે, કોઈ ભાગ નહીં પડાવે. ૮ઃ એમ સમજીને હે આત્મન્, દાન-શીલ-તપ અને ભાવરૂપ ચતુર્વિધ ધર્મનું જ શરણ તું અંગીકાર કર. સમતાની શત્રુ મમતાનો સંગ તું છોડી દે અને શિવસુખના નિધાનરૂપ શાન્તસુધાનું આસ્વાદન કર્યા કર.

## સંસારભાવના

॥ ૨૮ ॥ સંસાર ચતુર્ગતિમય છે. દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક ગતિ. આ ચાર ગતિની વિચારણા ખાસ આર્ત ધ્યાન નિવારવા કરવાની છે. દા.ત., તમને લકવા થઈ ગયો છે, ઉનાળાના દિવસો છે, બપોરનો સમય છે, રવિવારનો દિવસ છે. તમે પાણી માંગ્યું, તે ભાઈ ઘરમાં હતા તમને પાણી આપ્યું, દસ મિનિટે બીજી વાર તરસ લાગી,ત્રીજી વાર વળી પાણી માંગ્યું તે વખતે તમને પાણી ન આપ્યું અને છણકો કર્યો કે કેટલી વાર પાણી આપવાનું? ત્યારે તમારે વિચારવાનું કે સંસારની તાસીર જ આવી છે કે જીવો કષાય આધીન હોય છે, રાગદ્વેષને આધીન હોય છે, વ્યક્તિ પ્રત્યેની વિચારણા ન કરવી, મારું પૂણ્ય ઓછું છે, તે નાનો હતો અને માંદો હતો ત્યારે આખી રાતની રાત ઉજાગરા કરીને તેના તાવને કાબુમાં લેવા પોતાં મૂક્યાં, તે છોકરો મને પાણી પણ નથી આપતો એવું ન વિચારવું. સંસારનો સ્વભાવ જ એવો છે. ખરે તો સંસાર શબ્દનો અર્થ કષાય કરવો જોઈએ. જગત આખું કષાયને આધીન છે. હું પણ તેમાં આવી જઉં, મારો છોકરો પણ તેમાં આવી જાય છે તેવું વિચારવું. લોભ કષાયની પ્રબળતા હોય છે. એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી ઇચ્છા ઊભી થઈ જાય છે. અને આવું ઘણા ભવોથી ચાલતું આવે છે. એની સામે સંતોષ રાખવો તે ધર્મ છે. તે માટે વ્યાખ્યાન શ્રવણ કરતી વખતે ખાસ ખ્યાલ રાખવાનો છે. કયા વિચારો સંસારવૃદ્ધિનું કારણ બને તેમ છે, કયા વિચારો ભવના ઘટાડામાં નિમિત્ત બને છે. તેના માટે એક પદ કંઠસ્થ કરવા જેવું છે. જે આ પ્રમાણે છે :

*બહુ પૂણ્ય કેરા પૂણ્યથી શુભ દેહ માનવનો મળ્યો,*
*તો યે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો.*
*સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે રહો,*
*ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો!*

આ પદ્યની વિચારણા પણ ખપમાં લેવા જેવી છે. સંસારભાવનાનો વિચાર કરવાથી વૈરાગ્ય દઢ બને છે. ખૂબ જ ઉપયોગી આ વિચારણા છે. (ભાવના)

આપણે સંસારમાં છીએ અને સંસારમાં, સંસાર વડે, કર્મ નિર્જરા અર્થાત્ નિર્જરા કર્મ કરીને મનુષ્ય-ભવને સાર્થક કરવાનો છે. ક્યારેક વિચારવું જોઈએ કે મારું શું છે, પુદ્ગલનું શું છે, જે દેખાય છે તે બધું પુદ્ગલ છે, અને જે નથી દેખાતું, સુક્ષ્મ છે, અરૂપી છે તે બધું આત્મિક છે. પણ આત્માને કર્મથી મુક્ત કરાવવા માટે મનુષ્યનો ભવ છે. ત્યાં કર્મથી આત્માને ભારે બનાવવાનું કાર્ય ધર્મતત્ત્વ ટકાવે છે. રૂટિન મુજબની ધર્મક્રિયા, પિંડ પર પડળ ચઢાવે છે. પરિવર્તન થતું જ નથી. ક્યારેક ચાંદીનો વરખ, ક્યારેક સોનેરી વરખ તેમ ચઢતો રહે છે. પણ પરિવર્તન થતું નથી. મૃત્યુનું પરિવર્તન તે પરિવર્તન છે. તે માટે દસ પ્રકારનો ધર્મ સેવવો જોઈએ, તે ધર્મ કહેવાય છે. જેને સિદ્ધ કર્યો હોય તેની પાસે તેનો વિનિયોગ ઇચ્છવો જોઈએ. સિદ્ધ થયેલો ધર્મ સંકલ્પથી વિનિયોગ કરી શકાય છે. સંકલ્પ અને પ્રેમની શક્તિ અગાધ છે.

# तृतीय
# संसारभावना

शिखरिणीवृत्त

इतो लोभ; क्षोभं जनयति दुरन्तो दव इवोल्लसल्लाभाम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाक्षाणां तुदति मृगतृष्णेव विफला कथं स्वस्थैः स्थेयं विविधभयभीमे भववने ॥ १ ॥

गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका मनोवाक्काये हा विकृतिरतिरोषात्तरजसः ।
विपद्गर्तावर्त्ते झटिति पतयालोः प्रतिपदं न जन्तोः संसारे भवति कथमप्यर्त्तिविरतिः ॥ २ ॥

सहित्वा सन्तापानशुचिजननीकुक्षिकुहरे ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः ।
सुखाभासैर्यावत्स्पृशति कथमप्यर्तिविरतिं जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी ॥ ३ ॥

૧. આ ભયંકર ભવ-વન છે. ભેંકાર વનવગડો છે. આ વનમાં લોભનો દાવાનળ સળગી રહ્યો છે. તેને કોઈ પણ રીતે બુઝાવી શકાતો નથી. લાભનાં લાકડાંથી લોભનો દાવાનળ વધુ ને વધુ ઉગ્ર થતો જાય છે. બીજી બાજુ મૃગતૃષ્ણા જેવી વિષયતૃષ્ણા જીવોને ઘોર પીડા આપી રહી છે. આવા ભીષણ ભવ-વનમાં નિરાંતે અને નિશ્ચિતપણે કેવી રીતે રહી શકાય?

૨. આ સંસારમાં મનુષ્યની એક ચિંતા દૂર થાય છે ત્યાં એનાથી ચઢિયાતી બીજી ચિંતા ઉત્પન્ન થાય છે! મન-વચન

# તૃતીય
# સંસારભાવના

શિખરિણી

શમે ના આ લાભાધિક જલ થકી લોભ-અગની, વળી પીડે તૃષ્ણા મૃગજલ સમી આ વિષયની,
પડે નેત્રો જ્યાં જ્યાં વિવિધ કલહે વિશ્વ સળગે, કઈ રીતે પ્રાણી ભવવન મહીં સ્વસ્થ જ રહે? ૧

ઘણા યત્ને ચિંતા તન ધન તણી એક શમતી, ઉગે ચિંતા બીજી, નવ મન તણી શાંતિ મળતી,
અરે દુઃખો કેરા સઘન સહસા મેઘ ઉમટે, છતાં વૈરાગ્યે આ નર-મન અહો કેમ ન વળે? ૨

સહે માતા કેરા અશુચિ ઉદરે જીવ વિપદા, ઘણા કષ્ટે જન્મે, ક્ષણિક સુખમાં મસ્ત બનતા,
ગ્રસે ત્યાં તો પેલી પરિચિત જરા મૃત્યુ-ભગિની, છતાં પ્રાણી ના આ સુખદ ધરતા ધર્મતરણી. ૩



અને કાયામાં નિરંતર વિકારો સ્ફૂર્યા કરે છે. તમોગુણ અને રજોગુણથી પગલે-પગલે આપત્તિઓના ઊંડા ખાડામાં ગબડનારા જીવોનાં દુઃખોનો અંત કેવી રીતે આવે? **૩.** માતાના અશુચિમય ઉદરમાં આવીને નવ-નવ મહિના કષ્ટ સહન કર્યાં, તે પછી જન્મનાં દુઃખ સહ્યાં... મોટાં મોટાં કષ્ટોને સહતાં... ક્ષણિક અને કલ્પિત સુખો.... વૈષયિક સુખો મળતાં માન્યું કે દુઃખો ગયાં... ત્યાં જ મૃત્યુની પરિચારિકા જરાવસ્થા આવી... ઘડપણ આવ્યું અને કાયા ખખડી જાય છે. મોંઘેરું માનવજીવન એળે ચાલ્યું જાય છે.

उपजाति

विभ्रान्तचित्तो बत बम्भ्रमीति, पक्षीव रुद्धस्तनुपञ्जरेऽङ्गी ।
नुन्नो नियत्याऽतनुकर्मतन्तुसन्दानितः सन्निहितान्तकौतुः ॥ ४ ॥

अनुष्टुप

अनन्तान्पुद्गलावर्ताननन्तानन्तरूपभृत् ।
अनन्तशो भ्रमत्येव जीवोऽनादिभवार्णवे ॥ ५ ॥



૪. આ બાપડો જીવ! ભવિતવ્યતાથી પ્રેરાયેલો, ભારે કર્મોથી દોરીથી બંધાયેલો અને કાળરૂપી બિલાડાની પાસે રહેલો જીવ દિશાશૂન્ય બની ગયો છે... પાંજરામાં પુરાયેલ પંખીની જેમ દેહના પિંજરામાં પુરાયેલો જીવ આ સંસારમાં પરિભ્રમણ

ઉપજાતિ

વિભ્રાન્ત ચિત્તે ભમતો જ આત્મા, પક્ષી સમો તે તન પિંજરામાં,
દિગ્મૂઢશો કાલબિડાલ આગે, દુષ્કર્મના બંધન દોરબાંધ્યો. ૪

અનુષ્ટુપ

અનાદિ સંસારસમુદ્ર મધ્યે, અનંત રૂપે ભમતો શરીરી,
અનંત આ પુદ્ગલ કાલ વીત્યો, ના ધર્મ પામે ભમતો રહે છે. ૫

કર્યા જ કરે છે. **૫.** આ જીવ સંસારની ચાર ગતિમાં અને ૮૪ લાખ યોનિમાં ભટકતો અનંત-અનંત દેહ-શરીર ધારણ કરે છે. અનંત પુદ્ગલ પરાવર્ત કાળ... અનાદિ ભવસાગરમાં... અનંતવાર ભ્રમણ કર્યા કરે છે.

# गेयाष्टक

(राग : भैरवी)

कलय संसारमतिदारुणं, जन्ममरणादिभयभीत रे ।
मोहरिपुणेह सगलग्रहं, प्रतिपदं विपदमुपनीत रे ॥ कलय० ॥ १ ॥

स्वजनतनयादिपरिचयगुणैरिह मुधा बध्यसे मूढ रे ।
प्रतिपदं नवनवैरनुभवैः, परिभवैरसकृदुपगूढ रे ॥ कलय० ॥ २ ॥

घटयसि क्वचन मदमुन्नतेः, क्वचिदहो हीनतादीन रे ।
प्रतिभवं रूपमपरापरं, वहसि बत कर्मणाधीन रे ॥ कलय० ॥ ३ ॥

जातु शैशवदशापरवशो, जातु तारुण्यमदमत्त रे ।
जातु दुर्जयजराजर्जरो, जातु पितृपतिकरायत्त रे ॥ कलय० ॥ ४ ॥

**१:** હે જીવ! મોહ શત્રુએ તને ગળેથી પકડીને, ડગલે ને પગલે ત્રાસ આપેલો છે. તું આ સંસારને જન્મ-મૃત્યુના ભયથી ભરેલો જો એને તેને અત્યંત બિહામણો સમજ. **૨:** હે મૂઢ જીવ! સ્વજન-પરિજનો સાથેના તારા મીઠા સંબંધોનાં બંધન વ્યર્થ છે. ડગલે ને પગલે તને આ સંસારના નવા નવા અનુભવો નથી થતા શું? વાત-વાતમાં તારો પરાભવ નથી થતો શું? જરા શાન્તિથી વિચાર કર. **૩:** ક્યારેક તું તારી સંપત્તિથી અભિમાની બને છે, તો ક્યારેક દરિદ્રતાથી દીનતા કરે

## ગેયાષ્ટક

(રાગ: ધન્યાશ્રી અથવા આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા)

દારુણ છે સંસાર અતિ આ, જન્મમરણ ભય ભીતિ,
પદ પદ પીડે મોહ-અરિ આ, ગળે પકડી કરે દુઃખી. દારુણ૦૧

સ્વજન સુત પરિચય બંધનમાં, શીદને જીવ બંધાયે?
પદ પદ અનુભવ અવનવ થાયે, પરભવ કલેશ તું પાયે. દારુણ૦૨

જીવ કદાચિત મદાંધ ફરતો, હોયે કદા દીન હીન કંગાળ,
કર્મવશે આ વિધવિધ વેશે, નાટક કરતો આ સંસાર. દારુણ૦૩

શૈશવ વશ પરવશ આ આતમ, યૌવનમાં મદથી ફુલાય,
જર્જર થાય જરાવશ પ્રાણી, છેવટ યમને હાથ મુકાય. દારુણ૦૪

છે! તું કર્મોને પરાધીન છે... માટે દરેક જન્મમાં તું નવાં-નવાં જુદાં-જુદાં રૂપ ધારણ કરે છે! સંસારના રંગમંચ ઉપર તું એક નાટકિયો છે! **૪:** ક્યારેક તારી બાલ્ય અવસ્થા હોય છે... પછી તારુણ્યના તરવરાટથી ઉન્મત્ત હોય છે... તે પછી દુર્જય ઘડપણથી તારો દેહ ખખડી જાય છે અને છેલ્લે તું યમરાજની હથેળીમાં પડ્યો હોય છે!

व्रजति तनयोऽपि ननु जनकतां, तनयतां व्रजति पुनरेष रे ।
भावयन्विकृतिमिति भवगतेस्त्यजतमां नृभवशुभशेष रे ॥ कलय० ॥ ५ ॥

यत्र दुःखार्तिगददवलवैरनुदिनं दह्यसे जीव रे ।
हन्त तत्रैव रज्यसि चिरं, मोहमदिरामदक्षीव रे ॥ कलय० ॥ ६ ॥

दर्शयन् किमपि सुखवैभवं, संहरंस्तदथ सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनं, कालबटुकोऽयमत्रैव रे ॥ कलय० ॥ ७ ॥

सकलसंसारभयभेदकं, जिनवचो मनसि निबधान रे ।
विनय परिणमय निःश्रेयसं, विहितशमरससुधापान रे ॥ कलय० ॥ ८ ॥



**५:** આ સંસારમાં, ભવના પરિવર્તન સાથે પુત્ર પિતા બને છે, પિતા પુત્ર બને છે! તું આવી સંસારસ્થિતિની વિષમતાનું સિંચન કર અને આવા સંસારના હેતુભૂત પાપોનો ત્યાગ કર. હજુ આ મનુષ્યજન્મરૂપી શુભ સામગ્રી તારી પાસે છે. માટે પુરુષાર્થ કર. **૬:** હે જીવ, જે સંસારમાં તું અનેક પ્રકારનાં દુઃખ, ચિંતાઓ... અને રોગોની અગ્નિ-જ્વાળાઓમાં પ્રતિદિન બળ્યા કરે છે, તે સંસાર પર તું રાગ ધારણ કરે છે? પરંતુ એમાં તારો દોષ નથી. મોહમદિરા તેં ઢાંસી-ઢાંસીને પીધી છે... તેથી તારી બુદ્ધિ નાશ પામી છે... અફસોસની આ વાત છે. **૭:** આ કાળ... મહાકાળ... એક જાદુગર છે.

પિતા મરીને પુત્ર બને છે, જનક બને છે પુત્રનો પ્રાણ,
એ વિષમતા ચિત્ત વિચારી, કર સાર્થક ભવ ચતુર સુજાણ. દારુણ૦૫

દુઃખ ને ચિંતા રોગની જ્વાલા, એમાં ફસાયે જીવ બહુ વાર,
રાગ ધરે શીદ એમાં ચેતન, એ છે ખેદની વાત વિચાર. દારુણ૦૬

આ યમ જાણે કાલ બટુક શો, કંઈક બતાવે સુખની લ્હેર,
સર્વે એકી સાથ સંહરતો, ઠગતો લઈ જાયે નિજ ઘેર. દારુણ૦૭

સકલ સંસારના ભયને છેદે, જિન વચનામૃત કલશ નિધાન,
વિનય ધરે શિવ સુખ તે પામે, સદ્ગુણ શાંત સુધારસ પાન. દારુણ૦૮





આ સંસારમાં જીવોને એ સુખ-સમૃદ્ધિ બતાવે છે. અને પછી એ માયાજાળ સંકેલીને લોકોને, બાળકની જેમ ઠગી લે છે. સંસાર એક ઇન્દ્રજાળ છે. સાચું કાંઈ નથી. ૮: હે આત્મન્! તું તારા મનમાં જિનવચનોનું ચિંતન કર. એ જિનવચનો જ સંસારના સર્વ ભયોનો નાશ કરશે. શમરસનું અમૃતપાન કરીને તું મુક્તિને પ્રાપ્ત કરીશ. એ મુક્તિ, સર્વ દુઃખોના સંપૂર્ણ વિલયરૂપ છે અને શાશ્વત સુખનું એક માત્ર ધામ છે.



॥ ३८ ॥

॥ शान्त सुधारस ॥

# એકત્વભાવના

કોઈ પણ આત્મા જ્યારે જન્મ ધારણ કરે ત્યારે એકલો જ હોય છે, મૃત્યુ પામે તો પણ એકલો જ હોય, કર્મ બાંધે ત્યારે પણ એકલો, કર્મના ફળ ભોગવે ત્યારે પણ એકલો હોય છે. પાપ આજીવિકા માટે, ઘરની ઘણી વ્યક્તિઓ માટે કરે, પણ કર્મ ભોગવવામાં પણ તે એકલો જ હોય છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય તે આત્માના સ્વભાવરૂપ છે પણ ગાઢ, રૂઢ અને દઢ આવરણથી તે આવરાયેલા છે. તેવો આત્મા પણ એકલો જ છે. એટલે જ્યારે બહુ વ્યક્તિઓના સંપર્કથી છૂટા પડવાનું આવે ત્યારે દુઃખનો અનુભવ થાય છે. ત્યારે એકત્વ ભાવના (વિચારણા) બહુ ઉપકારક થાય છે.

આત્મા નામનો પદાર્થ છે તેની અભિલાષા રાખવી જોઈએ. તે આત્મા ઇન્દ્રિયાતીત છે એટલે કે પાંચે ઇન્દ્રિયોથી પર છે અને મનથી પણ પર છે.

*દેહ-મન-વચન-પુદ્‌ગલથી કર્મથી ભિન્ન તુજ રૂપ રે*
*અખય, અકલંક, છે જીવનું જ્ઞાન આનંદ સ્વરૂપ રહે.*

આમ એકત્વ ભાવનામાં હું એકલો આવ્યો છું અને એકલો જવાનો છું તે ભાવથી ભાવિત થવું જરૂરી છે.

## चतुर्थ
## एकत्वभावना

स्वागता

एक एव भगवानयमात्मा ज्ञानदर्शनतरङ्गसरङ्गः।
सर्वमन्यदुपकल्पितमेतद्व्याकुलीकरणमेव ममत्वम् ॥ १ ॥

प्रबोधता

अबुधैः परभावलालसालसदज्ञानदशावशात्मभिः।
परवस्तुषु हा स्वकीयता विषयावेशवशाद्विकल्प्यते ॥ २ ॥

कृतिनां दयितेति चिन्तनं, परदारेषु यथा विपत्तये।
विविधार्तिभयावहं तथा, परभावेषु ममत्वभावनम् ॥ ३ ॥

अधुना परभावसंवृतिं हर चेतः परितोऽवगुण्ठिताम्।
क्षणमात्मविचारचन्दनद्रुमवातोर्मिरसाः स्पृशन्तु माम् ॥ ४ ॥

**૧**. આ આત્મા એક જ છે, એ જ પ્રભુ છે, ભગવાન છે, જ્ઞાન-દર્શનના તરંગોમાં મસ્ત છે. એ સિવાયનું બીજું બધું મમત્વ માત્ર છે... કલ્પનાનું વિશ્વ છે. આ મમત્વ વ્યાકુળતાને વધારનારું છે. **૨**. ઓહ! પરભાવની લાલસામાં ડૂબેલા મૂર્ખ અને અજ્ઞાની માણસો ઇન્દ્રિયજન્ય આવેગોને પરવશ બનીને પરાઈ વસ્તુમાં પોતાપણું માને છે. **૩**. સમજુ અને

# ચતુર્થ
# એકત્વભાવના

સ્વાગતા

એક આત્મ પરમાત્મ સ્વરૂપી, જ્ઞાન દર્શન સુધારસ કુંપી,
દ્રવ્ય અન્ય ઉપકલ્પિત સર્વે, વ્યાકુલીકરણ તે મમતા છે. ૧

પ્રબોધતા

પર વસ્તુ ભણી સ્વલાલસા, જડ અજ્ઞાન દશાવશે કરે,
પર ચીજ નહીં સ્વકીય છે, અબુધાત્મન્! પરભાવ શું રમે? ૨

મનથી જિમ પુણ્યવંતને પરદારા અભિલાષ દુ:ખ છે,
તિમ જીવ વિપત્તિ પામતા, પરભાવોમાં મમતા રાખતાં. ૩

હર આ પરભાવની હવે સહુ જંજાળ અનેક, જેહથી,
ફરસે ચંદન વૃક્ષ શીત શી લહરી ક્ષણ આત્મચિંતના. ૪



શાણો માણસ બીજાની પત્ની માટે 'એ મારી પોતાની છે' એવી કલ્પના કરે તો એ જેમ દુ:ખી થાય... એવી જ રીતે જે પોતાનું નથી એમાં મમત્વની લાગણી જાતજાતની પીડાઓને નિમંત્રે છે. ૪. પરભાવના આવરણમાં લપેટાયેલા ઓ મારા મન! આ આવરણોને ભેદીને તું મુક્ત થા! જેથી આત્મ-વિચારરૂપી ચંદનવૃક્ષની શીળી ઊર્મિઓ મને સ્પર્શી શકે!

अनुष्टुप

एकतां समतोपेतामेनामात्मन् विभावय।
लभस्व परमानन्दसम्पदं नमिराजवत् ॥ ५ ॥

૫. આત્મન્! સમત્વભાવની સાથે તું એકતાનો અનુભવ કર! આમ કરીને નમિ રાજર્ષિની જેમ તું પરમ આનંદનો ખજાનો પ્રાપ્ત કરી શકીશ.

અનુષ્ટુપ

સમતા વ્યાપ્ત એકત્વ-ચેતન ચિત્ત ભાવશે,
નમિ રાજર્ષિની પેઠે-મુક્તિ સંપત્તિ પામશે. ૫

## गेयाष्टक

(राग : भीमपलास)

विनय चिन्तय वस्तुतत्त्वं जगति निजमिह कस्य किम् ।
भवति मतिरिति यस्य हृदये, दुरितमुदयति तस्य किम् ॥ विनय० ॥ १ ॥

एक उत्पद्यते तनुमानेक एव विपद्यते ।
एक एव हि कर्म चिनुते, स सैककः फलमश्नुते ॥ विनय० ॥ २ ॥

यस्य यावान् परपरिग्रहो, विविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या, पतति तावदसावधः ॥ विनय० ॥ ३ ॥

स्वस्वभावं मद्यमुदितो, भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात्, पतति विलुठति जृम्भते ॥ विनय० ॥ ४ ॥

**१:** ઓ વિનય! તું વસ્તુના વાસ્તવિક રૂપનું બરાબર ચિંતન કર! આ જગતની જેલમાં મારું પોતાનું છે શું? આવી પારદર્શી પ્રજ્ઞા જેના હૈયામાં પ્રગટી જાય... એને વળી દુઃખ-દુરિત સ્પર્શી જ કેમ શકે? **૨:** શરીરધારી આત્મા એકલો જ જન્મે છે અને એકલો જ મૃત્યુ પામે છે. કર્મોને પણ એકલો જ બાંધે છે અને એ કર્મોને એકલા જ ભોગવવાં પડે છે.

## ગેયાષ્ટક

(રાગ: ભક્ષા ભક્ષ ન જે વિણ લહીયે)

વસ્તુ તત્ત્વને જીવ વિચારો કોણ છે કોનું સંસાર,
પ્રગટે ક્ષણભર આવા ભાવો જાયે દુઃખ વિભાવ રે,
એકત્વ ભાવના ભાવો જેમ જાયે પાપ વિભાવો રે. ભવિકા૦૧

એકલો જીવ આ જન્મ ધરે ને એકલો પણ મૃત્યુ પામે,
કર્મ ઉપાર્જે એકલો પ્રાણી ફળ પણ એકલો પામે રે. ભવિકા૦૨

જેટલો પરિગ્રહ મમતા થાયે અધિકી ચિંતા જ થાય,
જેમ પ્રવહણમાં બોજ અધિકો તેમ તે ડુબતી જાય રે. ભવિકા૦૩

જેમ મદિરાનું પાન કરીને આળોટે જીવ ભૂલી ભાન,
તેમ પર ભાવે રમતો પ્રાણી ભૂલે નિજ સ્વભાવ રે. ભવિકા૦૪



**૩:** જાતજાતના મમત્વોના ભારથી દબાયેલો પ્રાણી પરિગ્રહનો બોજ વધવાથી... વધારે પડતા ભારથી દરિયામાં ડૂબી જતા વહાણની જેમ નીચે જાય છે... **૪:** દારૂના નશામાં ચકચૂર માણસની જેમ મૂઢ આત્મા પરભાવમાં પડે છે, આથડે છે, આળોટે છે અને શૂન્યમનસ્ક બની જાય છે.

पश्य काञ्चनमितरपुद्गलमिलितमञ्चति कां दशाम् ।
केवलस्य तु तस्य रूपं विदितमेव भवादृशाम् ॥ विनय० ॥ ५ ॥

एवमात्मनि कर्मवशतो, भवति रुपमनेकधा ।
कर्ममलरहिते तु भगवति भासते काञ्चनविधा ॥ विनय० ॥ ६ ॥

ज्ञानदर्शनचरणपर्यवपरिवृतः परमेश्वरः ।
एक एवानुभवसदने, स रमतामविनश्वरः ॥ विनय० ॥ ७ ॥

रुचिरसमतामृतरसं क्षणमुदितमास्वादय मुदा ।
विनय! विषयातीतसुखरसरतिरुदञ्चतु ते सदा ॥ विनय० ॥ ८ ॥



**૫:** તમને તો ખબર જ છે, સોના જેવી કીમતી ધાતુ પણ જો હલકી ધાતુમાં ભળે તો પોતાનું નિર્મળ રૂપ ગુમાવી બેસે! **૬:** પરભાવની પલોજણમાં પડેલો આત્મા ભાતભાતના સ્વાંગ સર્જે છે. પણ એ જ આત્મા જો કર્મોના મેલથી મુક્ત બની જાય તો શુદ્ધ સોનાની જેમ ઝળહળી ઊઠે છે. **૭:** આવા પરમેશ્વર સદૈવ જ્ઞાન-દર્શન અને ચારિત્રના ભાવોથી

જેમ છે શ્યામ મિશ્રિત સોનું, શુદ્ધ છે તેજનું ધામ,
તેમ શુદ્ધાત્મા શ્વેત જણાયે કર્મવશે જીવ શ્યામ રે. ભવિકા૦૫

જીવ અનાદિ કર્મવશે તે માયામાં ફસતો પ્રાણ,
કર્મ રહિત જ્યારે તે થાશે બનશે શુદ્ધ ભગવાન રે. ભવિકા૦૬

જ્ઞાન ને દર્શન ગુણ ગંભીરા અક્ષય ચારિત્ર સ્થાન,
શાશ્વત આ અનુભવ મંદિરે રમજો જિન ભગવાન રે. ભવિકા૦૭

ચેતન સર્વ ભાન ભૂલીને કર તું શમરસ પાન,
પ્રેમે અતીન્દ્રિય સુખના સ્વાદે સદ્ગુણ કર સંધાન રે. ભવિકા૦૮



પરિપૂર્ણ હોય છે. એઓ જ મારા સ્વાનુભાવના મંદિરમાં રમતા રહો! ૮: શાંત રસનો આવિર્ભાવ તારા હૈયામાં થયો છે... તું એનો જરા આસ્વાદ કર... જેથી ઐન્દ્રિક સુખભોગના રસથી ખૂબ દૂર એવા શાંતરસમાં તારું મન આનંદ પ્રાપ્ત કરશે!

# અન્યત્વભાવના

આ સંસાર પુદ્ગલમય છે. તેનાથી શરીર સુદ્ધાં નિરાળા છે, જુદા છે તેવી ભાવનાથી ભાવિત થવું, એ

અન્યત્વ ભાવના છે.

*અન્ને પુદગલ ભાવા, અન્નો એગોય નાણમિત્તો હો!*

સતત આત્માને શોધવો જોઈએ. આત્માની અનુભૂતિ માટે મનને સતત તૈયાર રાખવું. શું કરીએ કે, જગતથી જુદો એવો મારો આત્માનો અનુભવ મને થાય.

સતત લગની હોય તો પંદર પંદર દિવસે પણ આ ભાવ બદલાય, તેની પહેલાં જરૂર આત્માનો અનુભવ થાય. તીવ્રતા પર આધાર છે. નિરંતર, સત્કારપૂર્વક, દીર્ઘકાળપર્યંત જો ઇચ્છા, આકાંક્ષા આત્માનુભવની રાખવામાં આવે, અનુભવ આત્માનો થાય.

અન્યત્વ ભાવનામાં નમિ રાજર્ષિનું દૃષ્ટાંત વિચારવું ઉપયોગી છે. ઇન્દ્ર મહારાજાએ કહ્યું કે મિથિલાનગરી ભડકે બળે છે તેને ઠારીને પછી દીક્ષા લો. તે વખતે નમિ રાજર્ષિ જવાબ આપે છે કે,

*મિહિલાએ ડઝ્ઝ માણિએ*
*નમે ડઝ્ઝ જઈ કિંચણ.*

મિથિલા નગરી બળતી હોય તેમાં મારું કાંઈ બળતું નથી. ઇન્દ્ર મહારાજાને ખાતરી થઈ કે આમનો વૈરાગ્ય સાચો છે. માટે ભલે દીક્ષા લે, અને નમિ રાજર્ષિ સ્થિર થયા.

મને લાગે છે કે, તે વખતના રાજાઓ પણ અંદરથી વૈરાગી હતા. બહારથી ભલે રાજ્ય ચલાવે, વ્યવહાર બધો કરે પણ અંદરથી જાગ્રત રહે, અન્યથા કોઈ પણ પ્રકારની પરીક્ષામાં પાસ ન થાય. તેઓના હૃદયમાં વૈરાગ્યની વાત ઘોળાતી હતી.

નમિ રાજર્ષિ પ્રત્યેક બુદ્ધ કહેવાયા. તેઓ જાતે જ પ્રતિબોધ પામ્યા હતા. તેમને શરીરમાં દાહ થતો હતો એટલે ચંદન ઘસવામાં આવતું હતું, રાણીઓ જાતે જ સુખડ ઘસતી હતી, તેમના વલયો (બંગડી)ઓનો અવાજ પણ રાજાથી ખમાતો ન હતો. એટલે રાણીઓએ એક જ સૌભાગ્યકંકણ રાખીને બીજી બધી બંગડીઓ કાઢી નાંખી હતી. તે બાબતમાં જ નમિ રાજાને વૈરાગ્ય થયો અને મનમાં બોધ લાગ્યો, એક હોય ત્યાં અવાજ થતો નથી. પછી તો મન બીજા વિચારમાં ચઢી ગયું. તેથી અવાજનો વિચાર આવ્યો જ નહીં. ઉપરની રાખ ઊડી જતાં જેમ અંગારા ઝગઝગી ઊઠે છે, તેમ ઉપરનું પડ ખસી જતા અંદરનો વૈરાગ્ય ઝળહળી ઉઠ્યો.

# पंचम
# अन्यत्वभावना

उपजाति

पर: प्रविष्ट: कुरुते विनाशं, लोकोक्तिरेषा न मृषेति मन्ये।
निर्विश्य कर्माणुभिरस्य किं किं, ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥ १ ॥

स्वागता

खिद्यसे ननु किमन्यकथार्तः, सर्वदैव ममतापरतन्त्रः।
चिन्तयस्यनुपमान्कथमात्मन्नात्मनो गुणमणीन्न कदापि ॥ २ ॥

१. 'પરાઈ વ્યક્તિ ઘરમાં આવીને ભાંગતોડ કરે છે.' – આ કહેવત સાવ ખોટી નથી... જ્ઞાનથી સમૃદ્ધ એવા આત્મામાં કર્મોના પરમાણુઓએ કેવાં દુઃખો નોંતર્યાં છે? २. અરે મારા આત્મન્! શા માટે પારકી પંચાતમાં પડીને પીડા વહોરે

# પંચમ અન્યત્વભાવના

ઉપજાતિ

'પેઠો પરાયો કરતો વિનાશ' લોકોક્તિ એ કર્મ વિષે જ સાચી,
જ્ઞાનાત્મમાં કર્મ તણા પ્રવેશે સહે ન શું શું અતિ કષ્ટ આત્મા. ૧

સ્વાગતા

અન્ય વાત પર ખેદ કરે તું આ મમત્વવશ થાય જ સર્વે,
શીદ ચેતન! વિચાર કરે ના જે સ્વમાં સુખદ સદ્ગુણરત્નો. ૨

છે? તું શા માટે તારી પાસે રહેલા ગુણોના ભંડાર તરફ નજર નથી કરતો? એનો વિચાર કેમ નથી કરતો?

शार्दूलविक्रीडित

यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे
यद्यच्छोचसि यद्यदिच्छसि हृदा यत्प्राप्य पेप्रीयसे।
स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे
तत्सर्वं परकीयमेव भगवन्नात्मन्न किञ्चित्तव ॥ ३ ॥

दुष्टाः कष्टकदर्थनाः कति न ताः सोढास्त्वया संसृतौ,
तिर्यङ्नारकयोनिषु प्रतिहतच्छिन्नो विभिन्नो मुहुः।
सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा,
रज्यन्मुह्यसि मूढ! तानुपचरन्नात्मन्न किं लज्जसे ॥ ४ ॥

अनुष्टुप

ज्ञानदर्शनचारित्रकेतनां चेतनां विना।
सर्वमन्यद्विनिश्चित्य यतस्व स्वहिताप्तये ॥ ५ ॥

3. તું જેના માટે પ્રયત્ન કરે છે, તું જે માટે ભય અનુભવે છે, ક્યારેક તું ખુશ થઈ જાય છે, ક્યારેક ઉદાસી... નારાજગીથી ઘેરાઈ જાય છે, તારું મનગમતું મેળવીને હર્ષથી છલકાઈ જાય છે, તારા નિર્મળ આત્મસ્વભાવને કચડીને તું જે વસ્તુ પાછળ પાગલ બની રહ્યો છે, એ બધું જ પારકું છે... તારું કંઈ જ નથી! ૪. આ વિશ્વમાં દારુણ દુઃખો અને કઈ પીડા-વિટંબણા તેં વેઠી નથી? પશુ અને નરક ગતિમાં તેં માર ખાધો છે, વારે વારે તુ કપાયો છે, ટુકડેટુકડા થયો છે, આ

શાર્દૂલવિક્રીડિત

તે સર્વે પરનું અતિશ્રમ કરે જે કારણે તું વળી,
સંસારે ભમતો, ભયાકુલ થતો નિત્યે કરે ચાકરી,
જેનો શોક કરે વળી પ્રણયથી ચિત્તે સ્મરે હર્ષથી,
ભેટે સ્નેહ થકી તજી વિમલતા તે સર્વ તારું નથી. ૩

વેઠી કષ્ટ કદર્થના જગતમાં શી શી ન તેં જીવ હે!
સંસારે ભમતાં ગયો નરકમાં તિર્યંચ દુઃખો સહે,
વેઠ્યા છેદન દુઃખ સર્વ પરમાં વ્યામોહને કારણે,
લજ્જા તો પણ તું તજી, પણ હજી શાને રમે પુદ્ગલે? ૪

અનુષ્ટુપ

જ્ઞાન દર્શન ચારિત્ર લક્ષણ એ જ ચેતના,
બાકી છે પારકું સર્વે, સત્ય આ આત્મસાધના. ૫



બધું પારકા પદાર્થોની આસક્તિનો વિલાસ છે, અને એ બધું ભૂલીને પાછો પરભાવમાં પાગલ બનવાની મૂઢતા રાખે છે. બેશર્મીની પણ હદ છે! **૫**. 'જ્ઞાન-દર્શન-ચરિત્રનાં ચિહ્નોથી યુક્ત ચેતના સિવાયના તમામ પદાર્થો પર છે. અન્ય છે.' તું આ વિચાર સ્થિર કરીને પોતાના હિત-કલ્યાણ માટે પ્રયત્નશીલ બન.

## गेयाष्टक

(राग : श्री)

विनय निभालय निजभवनं
तनुधनसुतसदनस्वजनादिषु, किं निजमिह कुगतेरवनम् ॥ विनय० ॥ १ ॥

येन सहाश्रयसेऽतिविमोहादिदमहमित्यविभेदम् ।
तदपि शरीरं नियतमधीरं त्यजति भवन्तं धृतखेदम् ॥ विनय० ॥ २ ॥

जन्मनि जन्मनि विविधपरिग्रहमुपचिनुषे च कुटुम्बम् ।
तेषु भवन्तं परभवगमने, नानुसरति कृशमपि शुम्बम् ॥ विनय० ॥ ३ ॥

त्यज ममतापरितापनिदानं, परपरिचयपरिणामम् ।
भज निःसङ्गतया विशदीकृतमनुभवसुखरसमभिरामम् ॥ विनय० ॥ ४ ॥

पथि पथि विविधपथैः पथिकैः सह कुरुते कः प्रतिबन्धम् ।
निजनिजकर्मवशैः स्वजनैः सह, किं कुरुषे ममताबन्धम् ॥ विनय० ॥ ५ ॥

**१:** ઓ વિનય! જરા તારા પોતાના ઘરની તો સારી પેઠે સંભાળ લે! શરીર... ધન... સ્વજનો... પરિવાર... આ બધામાંથી કોણ તને દુર્ગતિમાં જતાં અટકાવી શકે છે? કોઈ તારું પોતાનું ખરું? **૨:** જેને તું પોતાનું સમજીને ધારણ કરે છે.... એ શરીર પણ અતિ ચંચળ છે... તને ખિન્ન બનાવીને... શિથિલ બનાવીને છોડી દેશે! **૩:** પ્રત્યેક જન્મમાં વિવિધ પ્રકારના પરિગ્રહો ભેગા કરે છે... કુટુંબ કબીલો રચે છે અને જ્યારે પરભવમાં ચાલ્યા જવું પડે છે ત્યારે નાનકડો હિસ્સો પણ

## ગેયાષ્ટક

(રાગ: તપ કરીએ સમતા રાખી ઘટમાં)

ચેતન તું નિજ ઘર સંભાળ
તન ધન સુત સ્વજન કુટુંબી, કોઈ ન કુગતિથી રક્ષણહાર. ચેતન૦૧

તું સદા વસતો જે કાયામાં, કરતો નિત નવલા શણગાર,
અભેદ તું માને મોહવશ જેને, પણ જાયે તજી તે તવ પ્યાર. ચેતન૦૨

જન્મે જન્મે વિવિધ પરિગ્રહ, પોષે મોહવશે પરિવાર,
જાતાં જ્યારે પરભવ જીવડો, આવે નહિ તૃણ પણ સથવાર. ચેતન૦૩

મમતા આ પરિતાપનું કારણ, તજ પુદ્ગલ પરિચય પરિણામ,
નિર્મલ સુખ અનુભવ આતમનું, હિતકર કારણ શિવ અભિરામ. ચેતન૦૪

વિવિધ માર્ગના પથિકો સાથે, મુરખ કોણ કરે પ્રતિબંધ,
નિજ કર્મો વશ એ રીત સ્વજનો સહ બાંધે શીદ મમતાબંધ? ચેતન૦૫



તારી સાથે આવી શકતો નથી. **૪:** આસક્તિ અને આવેશને જન્માવનાર મમતાને ત્યજી દે... એ માટે પારકી વસ્તુના પરિચયને છોડી દે... નિ:સંગ અને નિરાકાંક્ષ બનીને અનુભવ-રસના સુખને મેળવ! **૫:** સફરમાં મળતા જાતજાતના યાત્રાળુઓ સાથે સ્નેહનો નાતો રચાવાથી શું ફાયદો? પોતપોતાનાં કર્મોના સહારે જીવતાં સ્વજનો સાથે શા માટે સ્નેહના સંબંધો બાંધે છે?

प्रणयविहीने दधदभिष्वङ्गं, सहते बहुसन्तापम् ।
त्वयि निःप्रणये पुद्गलनिचये, वहसि मुधा ममतातापम् ॥ विनय० ॥ ६ ॥

त्यज संयोगं नियतवियोगं, कुरु निर्मलमवधानम् ।
न हि विदधानः कथमपि तृप्यसि, मृगतृष्णाघनरसपानम् ॥ विनय० ॥ ७ ॥

भज जिनपतिमसहायसहायं, शिवगतिसुगमोपायम् ।
पिब गदशमनं परिहृतवमनं, शान्तसुधारसमनपायम् ॥ विनय० ॥ ८ ॥

**૬:** જેને તારા પ્રત્યે પ્રેમ નથી એને તું મેળવવા કોશિશ કરીશ તો પારવગરની વેદના તને ઘેરી વળશે. પુદ્ગલની માયાજાળ આવી જ પ્રેમવિહોણી છે. તું નાહક એની પાછળ પાગલ બનીને પીડા વેઠે છે! **૭:** જે જુદાઈ સુધી જનાર છે, એ મિલનને પહેલેથી જ છોડી દે... તારી એકાગ્રતાને સ્વચ્છ અને પારદર્શી બનાવ. ઝાંઝવાનાં જળને હોઠે અડાડવાથી તરસ નહીં

રાગ રહિત જન પર આસક્તિ, જિમ સંતાપનું કારણ થાય,
તિમ જડ વસ્તુ પર આ મમતા દુઃખદાયી પરિતાપ કહાય. ચેતન૦૬

વિયોગ નિશ્ચિત આ સંયોગનો, ત્યજ આત્મન્! એ મૃગજલપાન,
એથી નવ તૃપ્તિ તુજ થાશે, સાચું ધર તું નિર્મલ ધ્યાન. ચેતન૦૭

ભજ દિનબંધુ જિનવર ભાવે ભાંગે સદ્ગુણ! ભવની ભૂખ,
આપદા કાપે રોગ શમાવે આપે શાંત સુધારસ સુખ. ચેતન૦૮

છીપે, બલ્કે વધારે ભડકશે! ૮: જગમાં જેનું કોઈ નથી. એને પણ સહાય કરનારા જિનેશ્વરનું તું ધ્યાન ધર! આ જ એક મોક્ષપ્રાપ્તિનો – મુક્તિનો સરળ ઉપાય છે. આધિ-વ્યાધિને શાંત કરનારા... અને સારી રીતે પચનારા શાંત સુધાના રસનો તું પાન કર!

# અશુચિભાવના



સામાન્ય નિયમ એવો હોય છે કે જે વિચાર અંદર જઈને મનમાં, આત્માવિરોધી, આત્માથી જુદા પુદ્ગલનાં પોષણમાં સહાયક હોય તેના પ્રતિપક્ષી વિચાર કરીએ તો પેલો વિચાર નિર્બળ થઈ જાય. પ્રતિપક્ષી ભાવના (વિચારણા) બહુ ઉપકારક છે. સામાન્ય રીતે મનુષ્યો શરીરને જ આત્મા માનીને ચાલે છે. એટલે એને શુચિ–પવિત્ર રાખવા માટેના સતત પ્રયત્નો કરે છે. સાબુ વાપરે, અત્તર છાંટે, છતાં થોડો સમય પછી તે શરીર પરસેવાવાળું થાય ત્યારે દુર્ગંધ વધારે ફેંકે છે.

માણસની ભ્રમણા હોય છે કે, હું શરીરને સુગંધીદાર બનાવું છું. પણ તે પાઉડર કે સ્નો, કે અત્તર થોડી જ ક્ષણોમાં શરીરને ગંધાતું બનાવી દે છે.

લસણને કપૂરથી સીંચવામાં આવે તે છતાં લસણની ગંધ જેમ જતી નથી તે રીતે શરીરને ગમે તેટલું શણગારવામાં આવે, સુગંધી બનાવવામાં આવે, છતાં સુગંધીની આવરદા કલાકોથી વિશેષ રહેતી નથી. તે વિચારણા મનમાં સ્થિર કરીને પછી તેના – એ શરીરને – અત્તર, પાઉડર વગેરેથી સુગંધી બનાવવામાં નિષ્ફળતા મળે છે. 'શું સાબુના મણ ફીણ થકી કોલસો શ્વેત થાયે?'

તે દેહ સ્વયંમાં અશુચિથી ભરેલો છે પણ જે પવિત્ર તેની પાસે આવે તેને પણ તે અશુચિમાં ફેરવી નાખે છે. એક રીતે વિચારીએ તો શરીરમાં કેટલી અશુચિ ભરેલી છે. પેટે મળ, કિડનીમાં મૂત્ર, નાકમાં શ્લેષ્મ, ગળામાં કફ, જીભે છારી, દાંતે મેલ, આંખે પિયાં, સર્વત્ર પસીનો, બિહામણું હાડપિંજર, ઠેર ઠેર લોહી, માંસ, ચરબી... નવ અને બારે દ્વારેથી એ દેહ ગંદકી વહેવરાવે છે.

એ એવું વિચિત્ર કારખાનું છે જેમાં બરફી, કેરી-રસ વગેરે જે શ્રેષ્ઠ વસ્તુ નખાય છે તે બધાંને તે વિષ્ટા, પેશાબ વગેરેમાં ફેરવી નાખે છે. જગતના બધા કારખાનાંથી આ ઊંધું કારખાનું છે.

તેની સામેની વિચારણા કરીએ તો તે શુચિ નહીં પણ અશુચિ લાગ્યા વિના રહે નહીં.

# षष्ठ
# अशुचिभावना

शार्दूलविक्रीडितम्

सच्छिद्रो मदिराघटः परिगलत्तल्लेशसंगाशुचिः
शुच्या मृद्य मृदा बहिः स बहुशो धौतोऽपि गङ्गोदकैः ।
नाधत्ते शुचितां यथा तनुभृतां कायो निकायो महा-
बीभत्सास्थिपुरीषमूत्ररजसां नायं तथा शुद्ध्यति ॥ १ ॥

मन्दाक्रान्ता

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भि-
र्वारं बत मलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते
नो शुध्यन्ते कथमवकरः शक्यते शोद्धुमेवम् ॥ २ ॥



**૧**. છિદ્રયુક્ત ઘડામાંથી દારૂ ગળતો હોય... અને એવા અપવિત્ર ઘડાને બહારથી સુંદર માટી દ્વારા માંજવામાં આવે, ગંગાના પાણીથી ધોવામાં આવે તો પણ એ પવિત્ર ના બને, એવી રીતે ગંદાં હાડકાં, મળ-મૂત્ર, શ્લેષ્મ, ચામડી અને લોહીથી ખદબતતું આ શરીર શુદ્ધ થતું નથી. **૨**. અબુધ માણસો વારે વારે સ્નાન કરીને શરીરને ચોકખું કરે છે, ચંદન-

# ષષ્ઠ
# અશુચિભાવના

શાર્દૂલવિક્રીડિત

છિદ્રો યુક્ત ઘડો ભરેલ મદિરા જ્યું ગંદકીને ઝરે,
માટીથી શુચિને કરો, બહિરમાં ધોવાય ગંગાજળે
ના તે શુદ્ધ બને, તથા તનઘડો ના શુદ્ધિ છે સ્નાનથી,
વિષ્ટા-શોણિત-અસ્થિ-મૂત્ર-મલથી નિત્યે ઝરે ગંદકી. ૧

મંદાક્રાન્તા

સાબુ સ્નાનાદિક જલ થકી કાયની શુદ્ધિ કીધી
અંગે છાંટી સુરભિત વળી અત્તરોની સુગંધી,
વસ્ત્રો ધાર્યાં અભિનવ અને જીવ આ શુદ્ધિ માને,
શું સાબુના મણ ફિણ થકી કોલસો શ્વેત થાયે? ૨



સુખડના વિલેપન કરીને પોતાની જાતને સ્વચ્છ માને છે, પણ એ ભ્રમણા છે. ઉકરડાને કંઈ શુદ્ધ ના કરી શકાય! (શુદ્ધ થાય તો ઉકરડો ના રહે!).

शार्दूलविक्रीडितम्

कर्पूरादिभिरर्चितोऽपि लशुनो नो गाहते सौरभं,
नाजन्मोपकृतोऽपि हन्त पिशुनः सौजन्यमालम्बते।
देहोऽप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां,
नाभ्यक्तोऽपि विभूषितोऽपि बहुधा पुष्टोऽपि विश्वस्यते॥ ३॥

उपेन्द्रवज्रा

यदीयसंसर्गमवाप्य सद्यो, भवेच्छुचीनामशुचित्वमुच्चैः।
अमेध्ययोनेर्वपुषोऽस्य शौचसंकल्पमोहोऽयमहो महीयान्॥ ४॥

स्वागता

इत्यवेत्य शुचिवादमतथ्यं पथ्यमेव जगदेकपवित्रम्।
शोधनं सकलदोषमलानां धर्ममेव हृदये निदधीथाः॥ ५॥

3. લસણને કપૂર વગેરે સુગંધી પદાર્થો સાથે રાખવામાં આવે તો પણ એની ખરાબ વાસ જતી નથી. નગુણા માણસ પર જીવનભર ઉપકારો કરો તો પણ એને બે આંખની શરમ નડતી નથી. એ જ રીતે મનુષ્યનો દેહ એની સ્વાભાવિક દુર્ગન્ધને છોડે નહીં. ગમે એટલું એને સજાવો... શણગારો... હૃષ્ટ-પુષ્ટ બનાવો... પણ એનો ભરોસો નહીં!

શાર્દૂલવિક્રીડિત

શું દુર્ગંધ તજે કદી લસણ આ કર્પૂરમાં રાખતાં,
પામે સંત તણા ઘણા પરિચયે શું દુર્જનો ભવ્યતા?
વસ્ત્રાભૂષણથી વિભૂષિત કરો મીઠાં ધરો ભોજનો,
તોયે ના શુચિ પામતું શરીર આ, વિશ્વાસ ના તેહનો. ૩

ઇંદ્રવજ્રા

જેના પ્રસંગે શુચિ ચીજ પામે વિરૂપ મેલી તન આ પસાયે,
જીવો છતાં યે ભ્રમથી કરે છે યત્નો સદા કાય શુચિત્વ કાજે. ૪

સ્વાગતા

કાયની શુચિ અસત્ય જ જાણી જીવ તું સુણ સદા જિનવાણી,
સર્વ દોષ મલને હરશે તે ધર્મનાં અમૃતને ધરશે તે. ૫



૪-૫. જે શરીર પોતાના સંપર્કમાં આવતી પવિત્ર વસ્તુઓને પણ મલિન બનાવી દે છે... એનામાં પવિત્રતાની કલ્પના કરવી એ જ મોટું અજ્ઞાન છે. મૂઢતા છે. આ દૈહિક સ્વચ્છતા... પવિત્રતાની ધારણા જ ખોટી છે... બધા જ દોષાનું પ્રક્ષાલન કરનાર 'ધર્મ' જ વિશ્વમાં પવિત્રતમ છે. એ ધર્મને હૃદયમાં ધારણ કર!

## गेयाष्टक

(राग : आशावरी)

भावय रे वपुरिदमतिमलिनम्, विनय विबोधय मानसनलिनम् ।
पावनमनुचिन्तय विभुमेकम्, परममहोदयमुदितविवेकम् ॥ भावय० ॥ १ ॥

दम्पतिरेतोरुधिरविवर्ते, किं शुभमिह मलकश्मलगर्ते ।
भृशमपि पिहितं स्रवति विरूपम्, को बहु मनुतेऽवस्करकूपम् ॥ भावय० ॥ २ ॥

भजति सचन्द्रं शुचिताम्बूलम्, कर्तुं मुखमारुतमनुकूलम् ।
तिष्ठति सुरभि कियन्तं कालं, मुखमसुगन्धि जुगुप्सितलालम् ॥ भावय० ॥ ३ ॥

असुरभिगन्धवहोऽन्तरचारी, आवरितुं शक्यो न विकारी ।
वपुरुपजिघ्रसि वारंवारं, हसति बुधस्तव शौचाचारम् ॥ भावय० ॥ ४ ॥

**१:** ઓ વિનય! આ શરીર ગંદું છે... મલિન છે! આ વાત તું સારી રીતે સમજ! તારા મન-કમળને વિકસિત કર! અને જે આત્મતત્ત્વરૂપ પરમાત્મા છે, જે કલ્યાણકારી છે, પ્રકૃષ્ટ વિવેકથી યુક્ત છે, એનું તું ચિંતન કર! **૨:** સ્ત્રી પુરુષના રજ અને વીર્યના ચકરાવામાં પડેલા મળ અને કચરાના સમૂહરૂપ શરીરમાં શું સારું હોય! એને સારી રીતે ઢાંકો તોયે ખરાબ પદાર્થો સ્રવ્યા જ કરે. આવા ગંદા કૂવાને કોણ સમજુ માણસ સારો ગણે? **૩:** મુખમાંથી સારી વાસ આવે –

(રાગ: ગરબો જામ્યો રે... યમુનાજીને કાંઠે)

ચેતન ભાવો રે... આતમ સ્વરૂપ વિચારો,
તનના ત્યાગો રે... મલિન શુચિ આચારો. ચેતન૦

ચિંતન કરજો શુદ્ધ છે આતમ, એક છે તે જ સ્વરૂપ,
વિકસે હૃદયકમલ એ ભાવે, પ્રગટે મહોદય રૂપ. ચેતન૦૧

દંપતી વીર્યના છિદ્ર વિકારો, અશુચિ કેરાં એ સ્થાન,
બંધ કરે પણ ઝરતી મલિનતા, શીદ એ કૂપ બહુમાન. ચેતન૦૨

મુખને લાલ સુગંધિત કરવા, કરતો તાંબુલ-પાન,
એ સૌરભ મુખમાં જે રહેતી, કેટલો કાળ પ્રમાણ? ચેતન૦૩

તનમાં વહે દુર્ગંધી વાયુ, રોકવા સુરભિત દ્રવ્ય,
લેપ કરે પણ નવ રોકાયે, જ્ઞાની હસે તુજ કર્મ. ચેતન૦૪

એ માટે પાનમાં બરાસ વગેરે સુગંધી પદાર્થો નાંખીને ખાય છે. પણ આ મોઢું જ દુર્ગન્ધયુક્ત લાળથી ભરેલું છે. એમાં ખુશબોદાર શ્વાસ રહેશે કેટલો સમય? **૪:** શરીરમાં વ્યાપ્ત ખરાબ વાસ મારતો વાયુ દાબ્યો દબાય નહીં, ઢાંક્યો ઢંકાય નહીં, તોયે તું એ શરીરને વારે વારે સૂંઘે છે, ચાટે છે, આ રીતે તું શરીરને પવિત્ર બનાવવાની ચેષ્ટા કરે છે. એના પર પ્રબુદ્ધ માણસો હસી રહ્યા છે!

द्वादश नव रन्ध्राणि निकामम्, गलदशुचीनि न यान्ति विरामम् ।
यत्र वपुषि तत्कलयसि पूतम्, मन्ये तव नूतनमाकूतम् ॥ भावय० ॥ ५ ॥

अशितमुपस्करसंस्कृतमन्नम्, जगति जुगुप्सां जनयति हन्नम् ।
पुंसवनं धैनवमपि लीढम्, भवति विगर्हितमति जनमीढम् ॥ भावय० ॥ ६ ॥

केवलमलमयपुद्गलनिचये, अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिन्तय परमिह सारम्, शिवसाधनसामर्थ्यमुदारम्॥ भावय० ॥ ७ ॥

येन विराजितमिदमतिपुण्यं, तच्चिन्तय चेतन नैपुण्यम् ।
विशदागममधिगम्य निपानं, विरचय शान्तसुधारसपानम् ॥ भावय० ॥ ८ ॥

**૫:** શરીરના બાર (સ્ત્રીના) અને નવ (પુરુષના) છિદ્રોમાંથી સતત અશુચિ પદાર્થો નીકળ્યા કરે છે. એને તું પવિત્ર માનવાની ઘેલછા કરે છે. મને લાગે છે આ તારો કોઈ નવી નવાઈનો અભિગમ છે! **૬:** સારી રીતે તૈયાર કરેલું, સ્વાદિષ્ટ અને સરસ ભોજન પણ વિષ્ટા થઈને જુગુપ્સા પેદા કરે છે. ગાયનું દૂધ પીધા પછી એ મૂત્ર બનીને ગંદકી ફેલાવે છે. **૭:** આ શરીર કેવળ મળથી ભરેલા પરમાણુઓનો ઢગલો છે. સુંદર-સરસ ભોજન કે મનોહારી વસ્ત્રોને પણ અપવિત્ર

નરનાં નવ ને બાર નારીનાં, છિદ્રો અશુચિ ધામ,
સતત ઝરે મલ, તેને માનવ! શીદ માને અભિરામ! ચેતન૦૫

મિષ્ટ મધુરું ભોજન ખાધું, થાયે વિષ્ટા રૂપ,
વીર્ય ને વર્ધક દૂધ જે પીધું, થાયે મૂત્ર સ્વરૂપ. ચેતન૦૬

સારાં વસ્ત્ર ને ભોજન જેથી, મલિન જુગુપ્સિત થાય,
તે કાયાને મોક્ષનું સાધન, કરતાં તત્ત્વ પમાય. ચેતન૦૭

જેથી પવિત્ર નિપુણ બને આ, કાયા પરમ નિધાન,
શાંત સુધારસ આગમવાણી, કરજે સદ્ગુણ! પાન. ચેતન૦૮



બનાવનાર છે. પણ આ જ શરીરમાં જો સારભૂત કંઈ હોય તો મોક્ષમાર્ગની આરાધના કરવાનું સામર્થ્ય છે! એનો તું વિચાર કર! ૮: આ જ શરીરને મહાપુણ્યશાળી ગણાવી શકાય એવી કળાનો તું વિચાર કર. મહાપવિત્ર આગમ-શાસ્ત્રોરૂપી જળાશયના તીરે બેસીને તું શાંત સુધાના રસનું આસ્વાદન કર. તારું શરીર તો ઠીક, – મન પણ પવિત્ર બની જશે!

# આશ્રવભાવના, સંવરભાવના

જેમ તળાવમાં પાણી આવવાના ચારેતરફ દ્વાર હોય છે, તેના દ્વારા પાણી આવે છે તેવી રીતે આત્મામાં કર્મનો ભરાવો થાય છે. સતત આશ્રવ ચાલુ છે, જૈનદર્શન આશ્રવના રોધમાં માને છે. આત્મા સતત વિષય અને કષાયમાં ફસાયેલો રહે છે.

એટલે સતત અશુભ આશ્રવનો બંધ ચાલુ જ રહે છે. તેનાથી ઉગરવાનું છે.

પચ્ચકખાણ લેવાનો અર્થ આ જ છે કે આશ્રવો બંધ થઈ જાય અને સંવર શરૂ થઈ જાય. સંવરને સેવવો જોઈએ.

જૈનદર્શને શબ્દોની ભેટ આપી છે. તેમાં એક શબ્દ ઉમેરાય છે સંવરણ.

દમન, શમન અને સંવરણ. દમન, શમન એ પ્રસિદ્ધ છે પણ સંવરણ અલ્પપ્રસિદ્ધ છે. દમન એટલે આંખો રૂપ જુએ છે માટે ફોડી નાખો. શમન એટલે માગે છે માટે આપો અને ઘીના સિંચનથી અગ્નિને ઠારવાનો પ્રયત્ન કરવો કદી સફળ ન થાય. સમજણથી જે ન જોવું તે સંવરણ છે.

સંવરણના પ્રકાર સત્તાવન છે. નવતત્ત્વ પ્રકરણમાં એક જ ગાથામાં સત્તાવન પ્રકાર બતાવ્યા છે. સમીતિ, ગુપ્તિ, **'પરિસહ જઈ ધમ્મો ભાવણા ચરિતાણિ'**.

નવ તત્ત્વ પ્રકરણ સાર્થ જે ભણ્યા હોય તેમને આ બધું પ્રત્યક્ષ થઈ જાય છે.

આશ્રવનો ત્યાગ અને સંવરનો સ્વીકાર તેમાં જૈનદર્શનનો નિચોડ આવી જાય છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ આમાં સમાયેલી છે સમીતિ એટલે કે, હાલતાં-ચાલતાં, હલન-ચલન કરતાં, ઉપયોગ રાખવો, જયણા રાખવી તે ધર્મ છે. સંવરનો પ્રકાર છે.

પછી ભાષા આવે. તે પણ સમીતિ એટલે કે, બોલતી વખતે હાસ્ય ન જોઈએ, લોભ ન જોઈએ, ભય ન જોઈએ, સત્ય હોવું જરૂરી છે. વસ્તુ લેતા કે મૂકતા પ્રમાર્જના કરવી જરૂરી છે. તે કરવાપૂર્વક જ વસ્તુની લેવડ કરવી અને મુકતા પહેલા પ્રમાર્જના કરવી જરૂરી છે. બીનજરૂરી હોય પછી તે ખોરાક હોય, કે બીનજરૂરી પાણી હોય તેનું જમીન પર શોષાઈ જાય તે રીતે ત્યાગ કરવો અને તે પણ સમીતિ છે.

આ પાંચ સમીતિ અને મન-વચન કાયાની નિવૃત્તિરૂપ, ત્રણ ગુપ્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સર્વજ્ઞ સિવાય કોણ કરી શકે? આવી રીતે જ બાવીસ પરિસહો સમજવાના છે. અહીં વિસ્તારના ભયે એક એક કરી સમજાવ્યા નથી.

# सप्तम आश्रवभावना

भुजंगप्रयात

यथा सर्वतो निझरैरापतद्भिः, प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः।
तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी, भवेद्व्याकुलश्चञ्चलः पङ्किलश्च ॥ १ ॥

शार्दूलविक्रीडित

यावत्किञ्चिदिवानुभूय तरसा कर्मेह निर्जीर्यते
तावच्चाश्रवशत्रवोऽनुसमयं सिञ्चन्ति भूयोऽपि तत्।
हा कष्टं कथमाश्रवप्रतिभटाः शक्या निरोद्धुं मया
संसारादतिभीषणान्मम हहा मुक्तिः कथं भाविनी ॥ २ ॥

**१**. જેમ ચારે બાજુથી દોડ્યા આવતાં ઝરણાંઓ તળાવને પાણીથી છલકાવી દે છે, તેમ પ્રાણીઓ જાતજાતના પાપ-આશ્રવો વડે ઊભરાય છે, આકુળ-વ્યાકુળ બને છે, અસ્થિર અને ગંદાં બને છે. **૨**. થોડીક મહેનત કરીને, જલ્દી જલ્દી

# સપ્તમ
# આશ્રવભાવના

ભુજંગપ્રયાત

યથાં મેઘ વર્ષે તળાવો ભરાયે, તથા કર્મના મેઘથી જીવ થાયે,
સદા વ્યગ્ર નિસ્તેજ ને ભ્રાન્ત દુઃખી, બને કર્મનાશે ચિદાનંદ રૂપી. ૧

શાર્દૂલવિક્રીડિત

જ્યાં હું કાંઈક કર્મ દૂર કરતો ત્યાં હેતુ કર્મો તણા,
નામે આશ્રવ શત્રુ, પાછળ પડે બોજા ભરે કર્મના,
તેથી દૂર બનું અને ભવ થકી છૂટું કદા નાથ! હે,
હા! સંસાર કદા વિલીન બનશે ક્યારે મલે મુક્તિ એ? ૨

થોડાંક કર્મોને જ્યાં દૂર કરીએ ત્યાં તો આશ્રવરૂપી શત્રુઓ હુમલો કરીને પ્રતિક્ષણે કર્મોથી આત્માને ભરી દે છે! આ કેવી વિટંબણા છે! મારે આ આશ્રવોને રોકવા કેવી રીતે? આ ભયંકર સંસારમાંથી છૂટકારો મેળવવો કેમ કરીને?

प्रहर्षिणी

मिथ्यात्वाविरतिकषाययोगसंज्ञाश्चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभिर्बध्नन्तो भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥ ३ ॥

रथोद्धता

इन्द्रियाव्रतकषाययोगजाः पंच पंच चतुरन्विताास्त्रयः ।
पञ्चविंशतिरसत्क्रिया इति, नेत्रवेदपरिसङ्ख्ययाऽप्यमी ॥ ४ ॥

इंद्रवज्रा

इत्याश्रवणामधिगम्य तत्त्वम्, निश्चित्य सत्त्वं श्रुतिसन्निधानात् ।
एषां निरोधे विगलद्विरोधे सर्वात्मना द्राग् यतितव्यमात्मन् ॥ ५ ॥

3. મહામનીષિ પુરુષોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ નામના ચાર આશ્રવો બતાવ્યા છે. આ આશ્રવો દ્વારા પળેપળ પ્રાણીઓ કર્મોના કીચડમાં ફસાય છે અને સંસારના ચકરાવે રખડ્યા કરે છે. ૪. આ આશ્રવો જન્મે છે પાંચ ઇન્દ્રિયો, પાંચ જાતના અવ્રત, ચાર જાતના કષાય અને ત્રણ પ્રકારના યોગમાંથી! આની સાથે પચ્ચીસ અસત્ક્રિયાને મેળવવાથી

પ્રહર્ષિણી

મિથ્યાત્વાવિરતિ કષાય યોગ ચારે, નામે 'આશ્રવ' સવિ કર્મ હેતુ ભારે,
ને એથી પ્રતિ પલ જીવ કર્મ બાંધે, એથી આતમ ભવપંક્તિને વધારે. ૩

રથોદ્ધતા

પંચ ઇંદ્રિય, કષાય ચાર છે, છે પચીસ કિરિયા, ત્રિયોગ છે,
એમ આશ્રવ તણા પ્રભેદ જે, તે દ્વિ ચાલીશ કહેલ આગમે. ૪

ઇંદ્રવજ્રા

એ આશ્રવોના શ્રુતમાં કહેલા, ભેદો વિચારી, કર શક્તિ ભેગી,
સામર્થ્યથી કર્મદળો વિદારી, ને મુક્તિ કાજે કર યત્ન ભારી. ૫



એના બેંતાલીશ પ્રકાર થઈ જાય. **૫.** આ રીતે આશ્રવ તત્ત્વોને જાણીને અને શાસ્ત્રાભ્યાસથી તત્ત્વનો નિર્ણય કરીને આત્મન્! તું એમના સર્વાંગીણ નિરોધ માટે તમામ તાકાત લગાવીને પ્રયત્નશીલ બન!

## गेयाष्टक

(रागः तोडी)

परिहणीया रे, सुकृतिभिराश्रवा, हृदि समतामवधाय ।
प्रभवन्त्येते रे, भृशमुच्छृङ्खला, विभुगुणविभववधाय ॥ परि० ॥ १ ॥

कुगुरुनियुक्ता रे, कुमतिपरिप्लुताः, शिवपुरपथमपहाय ।
प्रयतन्तेऽमी रे, क्रियया दुष्टया, प्रत्युत शिवविरहाय ॥ परि० ॥ २ ॥

अविरतचित्ता रे, विषयवशीकृता, विषहन्ते वितनानि ।
इह परलोके रे, कर्मविपाकजा-न्यविरलदुःखशतानि ॥ परि० ॥ ३ ॥

करिझषमधुपा रे, शलभमृगादयो, विषयविनोदरसेन ।
हन्त लभन्ते रे, विविधा वेदना, बत परिणतिविरसेन ॥ परि० ॥ ४ ॥



**૧:** શ્રેયાર્થી જીવોએ હૈયામાં સમત્વને ધારણ કરીને કર્મબંધ માટે પ્રબળ કારણરૂપ આશ્રવોને છોડવા જોઈએ! આ આશ્રવો જો નિરંકુશ બની ગયા... તો ગુણોના વૈભવને વેરવિખેર કરી નાંખશે! **૨: મિથ્યાત્વ** : દંભી ગુરુઓના રવાડે ચડીને અથવા પોતાની ગલત બુદ્ધિના ભોગ બનીને ચંચળ જીવો મોક્ષનો સાચો રસ્તો પડતો મૂકીને અશુદ્ધ અને અશુભ ક્રિયાઓમાં ફસાઈ જાય છે. આ રીતે મોક્ષથી વધુ ને વધુ દૂર ફેંકાય છે. **૩: અવિરતિ** : ત્યાગ... પ્રતિજ્ઞા કે અનુશાસન માટે જેને

## ગેયાષ્ટક

(રાગઃ સાંભળજો મુનિ સંયમ રાગે ઉપશમશ્રેણી ચડીયારે)

પુણ્યશાળી એ સમતા ધારી, આશ્રવને પરિહરવા રે,
એ આત્માની ગુણલક્ષ્મીનો લોપ કરે સુણો મનવા રે. પુણ્ય૦૧

કુગુરુ વેષ્ટિત કુમતિ જીવો, મુક્તિમારગ તજતા રે,
દુષ્કર્મોના ગંજને ખડકી, ભવવૃદ્ધિને ભજતા રે. પુણ્ય૦૨

વિરતિ હીણ આ પ્રાણી જગમાં, વિષયા રસના આશી રે,
ઈહ પરલોકે કર્મ વિપાકે, દુર્ગતિ દુઃખના વાસી રે. પુણ્ય૦૩

ગજ મત્સ્ય મૃગ ભ્રમર પતંગા, વિવિધ વેદના પાયે રે,
એક જ ઇંદ્રિયથી દુઃખ એવું, પંચિન્દ્રિય શું કહીએ રે. પુણ્ય૦૪





કોઈ તમા જ નથી, એવા પ્રાણીઓ આવેગોને પરવશ બનીને આ લોક અને પરલોકમાં કર્મના કારણે ઉત્પન્ન થયેલાં ભીષણ દુઃખોના શિકાર બની જાય છે. **૪ઃ ઇન્દ્રિય** : હાથી, માછલી, ભ્રમર, પતંગિયું અને હરણ – આ પ્રાણીઓ પોતપોતાના ગમતા પદાર્થો પાછળ પાગલ બનીને પીડા પામે છે અને છેલ્લે મોતના પંજામાં જકડાય છે.

उदितकषाया रे, विषयवशीकृता, यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे, नियतमनन्तशो, जनमजरामरणेषु ॥ परि० ॥ ५ ॥

मनसा वाचा रे, वपुषा चंचला, दुर्जयदुरितभरेण ।
उपलिप्यन्ते रे, तत आश्रवजये, यततां कृतमपरेण ॥ परि० ॥ ६ ॥

शुद्धा योगा रे, यदपि यतात्मनाम्, स्रवन्ते शुभकर्माणि
काञ्चननिगडांस्तान्यपि जानीयात्, हत निर्वृतिशर्माणि ॥ परि० ॥ ७ ॥

मोदेस्वैवं रे, साश्रवपाप्मनाम्, रोधे धियमाधाय ।
शान्तसुधारसपानमनारतम्, विनय विधाय विधाय ॥ परि० ॥ ८ ॥

**૫: કષાય** : આવેશ અને આવેગના શિકાર બનેલા પ્રાણીઓ નરકની યાત્રાએ જઈ પહોંચે છે અને અનંત અનંત જન્મમરણની ઘટમાળમાં આથડ્યા કરે છે. **૬: યોગ** : મન, વાણી અને વર્તનથી ચંચળ પ્રાણીઓ પાપના ભારથી બેવડ વળીને કર્મરૂપી કાદવથી ખરડાઈ જાય છે. માટે બીજાં બધાં કામો ગૌણ કરીને ઓ આત્મન્! તું આશ્રવો ઉપર વિજય મેળવ! **૭:** સંયમી અને વિશુદ્ધ આત્માઓના શુદ્ધ-શુભ યોગો પણ સારાં કર્મોને એકત્ર કરે છે. આખરે તો મોક્ષ માટે આ શુભ કાર્યો પણ

વિષય કષાયને વશવર્તી જીવ, જન્મમરણને કરતા રે,
ઘોર નરકનાં દુઃખડાં સહેતા, અનંત ભવમાં ભમતા રે. પુણ્ય૦૫

મનવચકાયાથી જીવ ચંચલ, પાપપંક લેપાય રે,
કર શ્રમ આશ્રવનો જય કરવા, ત્યજ તું અન્ય ઉપાય રે. પુણ્ય૦૬

મનવચકાયાના શુભ યોગો, વ્રતીના શુભ વ્યાપાર રે,
પુણ્ય કર્મ એ કાંચન બેડી, મુક્તિમાં રોકણહાર રે. પુણ્ય૦૭

શુદ્ધ મતિ ધર હે બડભાગી!, કર આશ્રવનો રોધ રે,
શાંત સુધારસ પાન કરીને, ધર સદ્ગુણ મન બોધ રે. પુણ્ય૦૮





સોનાની જંજીર બનીને બાધક બને છે. ૮: હે વિનય! આશ્રવરૂપી પાપોને રોકવા માટે તારી બુદ્ધિને કામે લગાડ અને સાથે સાથે થાક્યા વગર શાન્ત સુધારસનું પાન કર્યા કર!

# अष्ट
# संवरभावना

स्वागता

येन येन य इहाश्रवरोधः, सम्भवेन्नियतमौपयिकेन ।
आद्रियस्व विनयोद्यतचेतास्तत्तदान्तरदृशा परिभाव्य ॥ १ ॥

संयमेन विषयाविरतत्वे, दर्शनेन वितथाभिनिवेशम् ।
ध्यानमार्तमथ रौद्रमजस्रम्, चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥ २ ॥

शालिनी

क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानम्, हन्या मायामार्जवेनोज्ज्वलेन ।
लोभं वारांराशिरौद्रं निरुन्ध्याः, सन्तोषेण प्रांशुना सेतुनेव ॥ ३ ॥

**૧**. જે જે ઉપાયો દ્વારા આશ્રવોને અટકાવી શકાય, એ બધાની આંતરદષ્ટિથી સમાલોચના-વિચારણા કરીને તું એ ઉપાયોનો આદર કર, અમલમાં મૂક. **૨**. ઇન્દ્રિયો, વિષયો અને અસંયમના આવેગોને સંયમથી દબાવી દે. સમ્યક્ત્વથી મિથ્યાત્વને

## અષ્ટમ
## સંવરભાવના

સ્વાગતા

જે ઉપાય સવિ આશ્રવ રોધે, તેહ સંવર, સદાગમ બોધે,
દષ્ટિ અંતર થકી વિચારી, ચિત્તમાં વિનય! આદર ધારો. ૧

તું નિરોધ કર, સંયમથી આ, આશ્રવો વિષય અવ્રત મિથ્યા,
દષ્ટિ ને બોધિ રત્ન થકી આ, ધ્યાન જે અશુભ તે, સ્થિર મને. ૨

શાલિની

જીતો પ્રાણી ક્રોધને આ ક્ષમાથી, જીતો નિત્યે માનને નમ્રતાથી,
જીતો માયા આર્જવે, લોભસિન્ધુ, જીતો તેને સેતુ સંતોષ બાંધી. ૩

– ખોટા આગ્રહોને અવરોધી દે. આર્ત અને રૌદ્ર ધ્યાનને સ્થિરચિત્ત વડે રૂંધી દે. 3. ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા માનને, પારદર્શી સરળતા દ્વારા માયાને અને સંતોષના બંધ વડે સાગર જેવા વિશાળ લોભને નિગ્રહિત કર.

स्वागता

गुप्तिभिस्तिसृभिरेवमजय्यान्, त्रीन् विजित्य तरसाधमयोगान्।
साधुसंवरपथे प्रयतेथाः, लप्स्यसे हितमनीहितमिद्धम्॥ ४॥

मंदाक्रांता

एवं रुद्धेष्वमलहृदयैराश्रवेष्वाप्तवाक्य-श्रद्धाचञ्चत्सितपटपटुः सुप्रतिष्ठानशाली।
शुद्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः स्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्याम्॥ ५॥

**૪**. મન વચન કાયાના દુર્જય એવા અશુભ યોગોને ત્રણ ગુપ્તિઓ વડે શીઘ્ર જીતીને તું સુંદર સંવર પંથે વિચરણ કર. એનાથી તને ઇચ્છિત મુક્તિસુખ મળશે. **૫**. આ પ્રમાણે સ્વચ્છ હૃદય દ્વારા આશ્રવોનાં દ્વારોને બંધ કરીને સ્થિર બનેલું

स्वागता

આ ત્રિગુપ્તિ વશથી ત્રણ યોગો જીતજે, સુમતિ! સત્વર સાધુ-
તુલ્ય સંવર પથે કર યત્નો, પામશે શિવ અખંડ રત્નો. ૪

મંદાક્રાન્તા

એ રીતે તું વિમલ હૃદયે આશ્રવોને નિવારી, ધારી આત્મ પ્રવહરમાંહી ધૈર્યતા-સ્તંભ ભારી,
સમ્યગ્ યોગ ધ્વજ સઢ અને આપ્તશ્રદ્ધા સમીરે, પ્રેરાયેલી સુદૃઢ તરણી લાધશે મુક્તિતીરે. ૫

જીવાત્મારૂપી વહાણ પ્રાજ્ઞપુરુષોનાં વાક્યોમાં શ્રદ્ધારૂપ ઝળકી રહેલા સઢથી સજ્જ બનીને, શુદ્ધ યોગરૂપી હવાના સહારે સહારે તરીને નિર્વાણપુરી (મોક્ષ) સુધી પહોંચી જાય છે.

# गेयाष्टक

(राग: शिवरंजनी)

श्रृणु शिवसुखसाधनसदुपायम्, सदुपायं रे सदुपायम् श्रृणु शिवसुखसाधन सदुपायम् ।
ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनमनपायम् ॥ श्रृणु० ॥ १ ॥

विषयविकारमपाकुरु दूरम्, क्रोधं मानं सह मायम् ।
लोभरिपुं च विजित्य सहेलम्, भज संयमगुणमकषायम् ॥ श्रृणु० ॥ २ ॥

उपशमरसमनुशीलय मनसा, रोषदहनजलदप्रायम् ।
कलय विरागं धृतपरभागम्, हृदि विनयं नायं नायम् ॥ श्रृणु० ॥ ३ ॥

आर्तं रौद्रं ध्यानं मार्जय, दह विकल्परचनाऽनायम् ।
यदियमरुद्धा मानसवीथी, तत्त्वविदः पन्था नाऽयम् ॥ श्रृणु० ॥ ४ ॥

**१:** ચેતન, તું શિવસુખના સાધનરૂપ સદુપાયો... સુંદર ઉપાયોને સાંભળ. જ્ઞાન-દર્શન–ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનારૂપ એ ઉપાયો અવશ્યમેવ ફળ આપનારા છે. એને તું ધ્યાનથી સાંભળ. **૨:** વિષયોના વિકારોને દૂર કર. ક્રોધ, માન, માયા અને લોભરૂપી શત્રુઓ પર સહજ રીતે વિજય મેળવીને, કષાયમુક્ત બનીને જલ્દીથી સંયમગુણની આરાધના કર. **૩:**

# ગેયાષ્ટક

(રાગઃ સાંભળજો તુમે અદ્દ્ભુત વાતો વયરકુંવર મુનિવરની રે)

સાંભળજો રે તુમે શિવસુખ સાધન, સાચા શ્રેષ્ઠ ઉપાય રે,
જ્ઞાન ને દર્શન ચારિત્ર ઉજ્વલ, સમ્યગ શાસ્ત્રે કહાય રે. સાંભળજો૦૧

વિષયવિકારને દૂર કરીને, ક્રોધમાન નિવારો રે,
લોભરિપુનો જય કરીને, નિર્મલ સંયમ ધારો રે. સાંભળજો૦૨

ક્રોધની આગ શમાવન કારણ, સમતારસ આરાધો રે,
ટાળી પર પુદ્દગલની મૈત્રી, વૈરાગ્ય રંગને સાધો રે. સાંભળજો૦૩

આર્ત રૌદ્ર ધ્યાન તજીને, રોધો વિકલ્પની આંધી રે,
તત્ત્વજ્ઞાની મન જીતી ધરો, નિર્વિકલ્પ સમાધિ રે. સાંભળજો૦૪



ક્રોધરૂપી આગને બુઝાવવા માટે લગભગ વાદળા જેવા ઉપશમ ભાવનું તું વારેવારે ચિંતન કર. વૈરાગ્યની ઉત્કૃષ્ટ દશાને ઓળખવા પ્રયત્ન કર. **૪:** વિકલ્પોનાં જાળાંને જલાવીને આર્ત-રૌદ્ર ધ્યાનને વાળી ઝૂડી નાખ. તત્ત્વના અર્થીઓ માટે માનસિક વિકલ્પોને ઉઘાડનારો પંથ બરાબર નથી! (એનાથી તું દૂર રહે.).

संयमयोगैरवहितमानसशुद्ध्या चरितार्थय कायम् ।
नानामतरुचिगहने भुवने, निश्चिनु शुद्धपथं नायम् ॥ शृणु० ॥ ५ ॥

ब्रह्मव्रतमङ्गीकुरु विमलम्, बिभ्राणं गुणसमवायम् ।
उदितं गुरुवदनादुपदेशम्, सङ्गृहाण शुचिमिव रायम् ॥ शृणु० ॥ ६ ॥

संयमवाङ्मयकुसुमरसैरतिसुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षयकृतलक्षणज्ञानचरणगुणपर्यायम् ॥ शृणु० ॥ ७ ॥

वदनमलङ्कुरु पावनरसनम्, जिनचरितं गायं गायम् ।
सविनयशान्तसुधारसमेनम्, चिरं नन्द पायं पायम् ॥ शृणु० ॥ ८ ॥

**૫:** સજગતાભરી માનસિક શુદ્ધિ સાથેના સંયમ યોગોથી તું તારા શરીરને સાર્થક કર. વિશ્વ તો મતમતાંતરો અને માન્યતાઓના ગીચ જંગલ જેવું છે. એમાં તું તારો શુદ્ધ માર્ગ નિશ્ચિત કર. **૬:** પવિત્ર – નિર્મળ બ્રહ્મચર્ય વ્રતને સહજ રીતે તું ધારણ કર. ગુણોના દરિયારૂપ ગુરુદેવના શ્રીમુખથી નીકળતાં વચનોને તું સારી રીતે ગ્રહણ કર. **૭:** સંયમ

મનશુદ્ધિથી સંયમયોગે, સાર્થક કરજો કાયા રે,
વિવિધ દર્શન કરી પરીક્ષા, જિન મતની કરો માયા રે. સાંભળજો૦૫

બ્રહ્મચર્ય છે જગમાં દીવો, ધરજો નિર્મલ ભાવે રે,
સદ્ગુરુવાણી ચિત્તમાં ધરજો, જ્યું નિધાનને પાવે રે. સાંભળજો૦૬

આપ્તવચન પુષ્પોથી કરજો, સુરભિત અધ્યવસાયો રે,
સાધો પરિચય જ્ઞાન ચરણ ગુણ, આતમ શુદ્ધ ઉપાયો રે. સાંભળજો૦૭

પાવન કરજો વદન ને રસના, ગાતાં જિનગુણગાન રે,
પામશો સદ્ગુણ ચિર સમાધિ, કરતાં શમરસ પાન રે. સાંભળજો૦૮



અને શાસ્ત્રરૂપી ફૂલોથી તું તારા મન-પરિણામને મઘમઘતા રાખ. જ્ઞાન-ચારિત્ર વગેરે ગુણોના પર્યાયરૂપ ચેતનને (આત્મસ્વરૂપને) સારી રીતે ઓળખી લે. ૮: જિનેશ્વરોના જીવન-કવનને ગાઈ ગાઈને તારા મોંઢાને અલંકૃત કર. તારી જિહ્વાને પવિત્ર કર. વિનય સાથે શાંતરસનું વારંવાર પાન કરીને દીર્ઘ સમયપર્યંત આનંદને પ્રાપ્ત કર.

# નિર્જરાભાવના

નિર્જરા વગેરે શબ્દો જૈનદર્શનની આગવી ભેટ છે. કોઈ પણ ધર્મમાં નિર્જરા જેવો શબ્દ નથી. ભગવાન

મહાવીર સ્વામીએ જે કેટલાંક શબ્દો – જેને આપણે પારિભાષિક કહીએ છીએ તેવા – શબ્દોની ભેટ આપી. જેમ કે, ત્રિકાળવંદના, વર્તમાન જોગ, ક્ષેત્રસ્પર્શના, ધર્મલાભ આ બધા શબ્દો અર્થસંગત પણ છે.

તે પૈકીનો એક શબ્દ છે નિર્જરા. મોક્ષતત્ત્વ જે નવમું છે, તેમાં ફરી એ કર્મો જીવને વળગતા નથી. જ્યારે નિર્જરામાં કર્મનો એક વખત વિયોગ થઈ જાય પછી જીવનું પરિણામ બદલાઈ જાય. તો એ કર્મ લાગે પણ છે. નિર્જરા થવામાં મુખ્યત્વે બાર પ્રકારનાં તપ છે. તેમાં છને અભ્યંતર તપ કહ્યા છે અને છને બાહ્ય તપ કહ્યા છે. બાહ્ય તપ પણ અભ્યંતર તપની પુષ્ટિ નિમિત્તે કરવાનું કહ્યું છે. કોઈનો વિનય કરવો તે અભ્યંતર તપ છે. વિનય તપો ધર્મમાં પાંચ પ્રકાર દર્શાવ્યા છે. તેમાં ગુણ સ્તુતિ, અવગુણઢાંકણને પણ વિનય કહ્યો છે તે ખૂબ જ ચિંતન પછી નિપજતું તત્ત્વ છે.

બાહ્ય તપમાં પહેલું અણશણ બતાવેલું છે. તેનો અર્થ આપણે કર્યો છે ઉણોદરી. જે ખાતાં હોય તે ઓછું ખાવું આ નિયમ આરોગ્યની દૃષ્ટિએ પણ ઉત્તમ છે. લોકોએ અપનાવવા જેવો નિયમ છે. મોટે ભાગે ઉણોદરીને બદલે ઠેઠ સુધી ઠાંસીને ખાય છે તેઓને શ્રમ હોતો નથી એટલે રોગરૂપે બહાર આવે છે. આજના માણસની જીવનશૈલી (લાઇફસ્ટાઇલ) બદલવા જેવી છે. પ્રભુ મહાવીરે ચીંધેલા માર્ગ ઉપર આજના માણસને આવવું પડશે, જો નિરોગી અને સુખી થવું હોય તો.

વૃત્તિસંક્ષેપ – રસત્યાગ અને સંલિનતાને તપ કહેનારા સર્વજ્ઞ હોવા જોઈએ. આપણે ત્યાં અણશણ (ઉપવાસ) તેને જ તપોધર્મ કહેવામાં આવે છે, તે અધૂરી સમજની નીપજ છે.

જે કોઈ પાપ અજાણતાં પણ થઈ જાય તેનું પ્રાયશ્ચિત લેવું તે અભ્યંતર તપ છે. કોઈનું વૈયાવચ કરવું તે પણ તપોધર્મ છે. સ્વાધ્યાય કરવો તે પણ બાર પ્રકારમાં બતાવ્યો છે. સૂત્રવાચના, અર્થવાચના, જિજ્ઞાસાથી કોઈને પૂછવું તે પણ સ્વાધ્યાય છે. જે સૂત્ર મોઢે કર્યાં હોય તેનું પુનરાવર્તન કરવું તે પણ સ્વાધ્યાય છે અને સૂત્રોના રહસ્યોને વિચારવા તે અનુપ્રેક્ષા કહેવાય છે અને તેને પણ અભ્યંતર તપમાં સમાવેશ કર્યો છે અને તે નિર્જરાનું પ્રબળ સાધન છે.

આ રીતે સંક્ષિપ્તમાં બાર વ્રતોની નિર્જરાભાવનાના ઉપક્રમે વિચારણા કરી.

# नवम
# निर्जराभावना

इंद्रवज्रा

यन्निर्जरा द्वादशधा निरुक्ता, तद् द्वादशानां तपसां विभेदात् ।
हेतुप्रभेदादिह कार्यभेदः स्वातन्त्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥ १ ॥

अनुष्टुप

काष्ठोपलादिरूपाणां, निदानानां विभेदतः ।
वह्निर्यथैकरूपोऽपि, पृथग्रूपो विवक्ष्यते ॥ २ ॥

निर्जरापि द्वादशधा, तपोभेदैस्तथोदिता ।
कर्मनिर्जरणात्मा तु, सैकरूपैव वस्तुतः ॥ ३ ॥



**१**. બાર પ્રકારના તપના ભેદના કારણે નિર્જરા પણ બાર પ્રકારની બતાવાઈ છે. ઉપાયો જુદા જુદા હોવાથી અહીં ભેદ દેખાય છે, બાકી કાર્યરૂપે તો નિર્જરા એક જ પ્રકારની છે. **૨**. અગ્નિ એક જ જાતનો હોવા છતાં તેને ઉત્પન્ન કરનાર

# નવમ
# નિર્જરાભાવના

ઇંદ્રવજ્રા

જે નિર્જરા બાર પ્રકારે ભેદે, તે ભેદ કીધા તપના વિશેષે,
છે નિર્જરા એક જ ભેદ જાણો, તેને સદા ચિત્ત મહીં વખાણો. ૧

અનુષ્ટુપ

કાષ્ટ પાષાણનો અગ્નિ ભિન્ન છતાંય એક તે,
તે રીતે નિર્જરા બાર તપભેદે, વળી એક છે. ૨

જે હેતુએ ઝરતાં કર્મો શાસ્ત્રે તે કહી નિર્જરા,
બાહ્યાન્તર તપસ્યાગ્નિપ્રજાળે કર્મકાષ્ટને. ૩



લાકડાં, ચકમક વગેરેના કારણે અગ્નિને પણ અલગ અલગ રીતે ઓળખવામાં આવે છે. **૩.** એ જ રીતે તપના ભેદને લીધે નિર્જરા બાર પ્રકારની હોય છે. પણ કર્મને નષ્ટ કરવાના કાર્યરૂપે તો તે એક જ પ્રકારની હોય છે.

उपजाति

निकाचितानामपि कर्मणां यद्, गरीयसां भूधरदुर्धराणाम्।
विभेदने वज्रमिवातितीव्रम्, नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥ ४ ॥

किमुच्यते सत्तपसः प्रभावः, कठोरकर्मार्जितकिल्बिषोऽपि।
दृढप्रहारीव निहत्य पापम्, यतोऽपवर्गं, लभतेऽचिरेण ॥ ५ ॥

यथा सुवर्णस्य शुचिस्वरूपम्, दीप्तः कृशानुः प्रकटीकरोति।
तथात्मनः कर्मरजो निहत्य, ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥ ६ ॥

स्रग्धरा

बाह्येनाभ्यन्तरेण प्रथितबहुभिदा जीयते शत्रु-
श्रेणी बाह्यान्तरङ्गा भरतनृपतिवद्भावलब्धद्रढिम्ना।
यस्मात्प्रादुर्भवेयुः प्रकटितविभवा लब्धयः सिद्धयश्च,
वन्दे स्वर्गापवर्गार्पणपटु सततं तत्तपो विश्ववन्द्यम् ॥ ७ ॥



४. મોટા મોટા પર્વતોને ભેદવામાં વજ્રની જેમ સક્ષમ તપના સહારે નિકાચિત કર્મો પણ નાશ પામે છે. એવા અદ્ભુત પ્રભાવશાળી તપને નમસ્કાર થાઓ. **૫**. સમીચીન તપના પ્રભાવ માટે શું કહેવું? દઢપ્રહારી જેવા મહાપાપી-હત્યારાનાં પાપોને પણ અલ્પ સમયમાં નષ્ટ કરીને મોક્ષ આપી દે છે! **૬**. અગ્નિ જેમ સોનાનું નિર્મળ સ્વરૂપ પ્રગટ કરે છે, તેમ તપ આત્મા પર જામેલો કર્મરૂપી કચરો દૂર કરીને એના શુદ્ધ સ્વરૂપને જાજ્વલ્યમાન બનાવે છે. **૭**. જે તપના બાહ્ય

ઉપેન્દ્રવજ્રા

મહીધરોને જિમ વજ્ર કાપે, તથા વિદારે તપ ઘોર કર્મો,
તપે વધે નિર્મલ તેજ સાચું, નમું પ્રભાતે તપને જ યાચું. ૪

ઉપજાતિ

શું શું પ્રભાવો તપના કહીયે?, કઠોર પાપી પણ સૌમ્ય થાયે,
દઢપ્રહારી જિમ મુક્તિ ધામે, અનંત આત્મા શિવ સૌખ્ય પામે. ૫

સોનું બને શુદ્ધ યથાગ્નિ તાપે, આત્મા પ્રકાશે તપના પ્રતાપે,
કર્મો ખરે નિર્મલ જીવ થાયે, અનંત લક્ષ્મી તપના પસાયે. ૬

સ્રગ્ધરા

જેનાથી બાહ્ય અભ્યંતર અરિ વિષયો શીઘ્ર સર્વે જીતાયે,
પાયે કૈવલ્ય લક્ષ્મી નૃપ ભરત સમી તે તપસ્યા કહાયે,
તેથી ચૈતન્ય રશ્મિ પ્રવર વિભવ સૌ પામતો જીવ સાક્ષાત્,
વિશ્વે લબ્ધિ પ્રભાવો, સુરશિવ પદવી, વંદું તે હું તપસ્યા. ૭

અને આભ્યંતર ભેદો છે, જે તપ આંતર-બાહ્ય શત્રુઓની ફોજને ભરત ચક્રવર્તીની જેમ ભાવનાયુક્ત દઢતાથી જીતી લે છે, અને જેનાથી લોકો જોઈ શકે એવી સિદ્ધિઓ – વૈભવો આવી મળે છે, સ્વર્ગ અને મોક્ષને આપવામાં સક્ષમ એવા વિશ્વ માટે વંદનીય તપને હું નમું છું.

## गेयाष्टक

(राग: सारंग)

विभावय विनय तपोमहिमानम्,
बहुभवसंचितदुष्कृतममुना, लभते लघु लघिमानम् ॥ विभा० ॥ १ ॥

याति घनाऽपि घनाघनपटली, खरपवनेन विरामम् ।
भजति तथा तपसा दुरिताली, क्षणभङ्गुरपरिणामम् ॥ विभा० ॥ २ ॥

वाञ्छितमाकर्षति दूरादपि रिपुमपि व्रजति वयस्यम् ।
तप इदमाश्रय निर्मलभावादागमपरमरहस्यम् ॥ विभा० ॥ ३ ॥

अनशनमूनोदरतां वृत्ति-ह्रासं रसपरिहारम् ।
भज सांलीन्यं कायक्लेशम्, तप इति बाह्यमुदारम् ॥ विभा० ॥ ४ ॥

**૧:** હે વિનય... તું તારી રીતે તપના મહિમાનું ચિંતન કર! જેનાથી જન્મોજન્મનાં એકઠાં કરેલાં પાપો એકદમ ઓછાં થઈ જાય છે! **૨:** વાદળાંઓનો સમૂહ ગમે એટલો ઘનઘોર ઘેરાયો હોય પણ આંધી બનીને ત્રાટકતા પવનથી એ વેરવિખેર બની જાય છે. તેમ પાપોની પંક્તિઓ પળભરમાં તપશ્ચર્યાના તેજથી બળીજળી જાય છે. **3:** તપનો પ્રભાવ દૂર રહેલા

## ગેયાષ્ટક

(રાગઃ સંયમ કબહી મિલે)

તપગુણ કબ હી મિલે....સસનેહિ પ્યારા હો...

પવનથી પ્રેરિત મેઘઘટા જિમ ક્ષણમાં વિખરી જાય,
તિમ ભવસંચિત કર્મ કરે દૂર, તપ પદ આ સુખદાય. સસનેહિ૦૧

તપ પદ પૂરે મનનાં વાંછિત શત્રુને મિત્ર બનાવે,
આગમ કેરું એ નવનીત છે તપને ભજો રે ભાવે. સસનેહિ૦૨

અણસર ઉણોદર ને વૃત્તિ-સંક્ષેપ રસ ત્યાગ,
સંલીન કાય કલેશ કહ્યા છે તપ ષટ્ બાહ્ય પ્રકાર. સસનેહિ૦૩

વળી અભ્યંતર તપ ષટ્ ભેદે પ્રાયશ્ચિતને ધારો,
સ્વાધ્યાય વિનય ને વૈયાવચ્ચ કાઉસગ્ગ ધ્યાન પ્રકારો. સસનેહિ૦૪



મનવાંછિતને પાસે ખેંચી લાવે છે, દુશ્મનને દોસ્ત બનાવી દે છે, આ તપ તો જિનાગમના પરમ રહસ્યરૂપ છે. સારરૂપ છે. એ તપને સાચા દિલથી અપનાવી લે. **૪ઃ** ૧. અનશન, ૨. ઉણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસત્યાગ, ૫. સંલીનતા અને ૬. કાયાકલેશ. આ પ્રમાણે બાહ્યતપ છે.

प्रायश्चितं वैयावृत्त्यम्, स्वाध्यायं विनयं च ।
कायोत्सर्गं शुभध्यानम्, आभ्यन्तरमिदमं च ॥ विभा० ॥ ५ ॥

शमयति तापं गमयति पापम्, रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं, तप इति विगताशंसम् ॥ विभा० ॥ ६ ॥

संयमकमलाकार्मणमुज्ज्वलशिवसुखसत्यङ्कारम् ।
चिन्तितचिन्तामणिमाराधय तप इह वारंवारम् ॥ विभा० ॥ ७ ॥

कर्मगदौषधमिदमिदमस्य च, जिनपतिमतमनुपानम् ।
विनय समाचर सौख्यनिधानम्, शान्तसुधारसपानम् ॥ विभा० ॥ ८ ॥

**૫:** ૧. **પ્રાયશ્ચિત્ત**, ૨. **વૈયાવચ્ચ**, ૩. **સ્વાધ્યાય**, ૪. **વિનય**, ૫. **કાયોત્સર્ગ** અને ૬. **શુભ ધ્યાન** – આ **આભ્યંતર તપના** પ્રકાર છે. **૬:** તપના તેજથી તાપ શમે છે. પાપ વિરમે છે. મન-હંસને ક્રીડા કરાવે છે. અરે, અજેય ગણાતા મોહને પણ આ તપ દૂર કરી દે છે. **૭:** તપ એ સંયમલક્ષ્મીનું સાચું વશીકરણ છે. નિર્મળ એવા મોક્ષસુખ માટે વચનરૂપ

સમતા ભાવે તપ આચરતા ત્રિવિધ તાપ શમાવે,
પાપમોહને દૂર કરે તે, મનહંસ આનંદ પાવે. સસનેહિ૦૫

સંયમ કમલા કામણ થાયે, નિર્મલ શિવસુખ યાન,
ચિંતામણિ શું વંછિત પૂરે, નિત કરજો તપ ધ્યાન. સસનેહિ૦૬

જગમાં કામના જેહ કરો તે તપથી સફલ પ્રમાણ,
તીર્થંકર પદ પામીએ રે સાધો ચતુર સુજાણ. સસનેહિ૦૭

દૂર કરે કર્મરોગ એ ઔષધ જિન મત તપ અનુષ્ઠાન,
શાંત સુધારસ વિનયને ધારી સદ્દ્ગુણ કરજો પાન. સસનેહિ૦૮



છે. મનવાંછિત પૂરનાર ચિંતામણી રત્ન છે. માટે તું એનું વારંવાર આરાધન કર. ૮: આ તપ કર્મરૂપી રોગો માટે ઔષધ સમાન છે અને જિનેશ્વરોની આજ્ઞા એ ઔષધ સાથેનું અનુપાન છે. સર્વ સુખોના નિધાનરૂપ શાંતસુધાના રસનું તું પાન કર.

॥ ९६ ॥

॥ शान्त सुधारस ॥

## ધર્મભાવના

આ સૂર્ય રોજ ઊગે છે, આપણને ઉષ્મા અને પ્રકાશ આપે છે. આ ચંદ્ર નિયમિત રીતે આવીને આપણને શીતળતા આપે છે. અને આ વિશાળ સમુદ્ર પોતાની મર્યાદા ક્યારેય છોડતો નથી. – આ તાકાત ધર્મની છે. ધર્મના પ્રભાવે જ સૂર્ય, ચંદ્ર, સમુદ્ર એ બધા પોતપોતાના નિયત કામ કરે છે.

ધર્મ એ દાન, શીલ તપ અને હૃદયના ભાવરૂપે પ્રગટે છે. જે વિશિષ્ટ વ્યક્તિઓ નિરંતર ધર્મના માર્ગ પર વિચરી રહ્યા છે એનો આ સૃષ્ટિ પર પ્રભાવ છે. સર્વ વિરતિધર મુનિવરો, ઉપલક્ષણા સાધ્વીજી મહારાજો દસ પ્રકારના યતિધર્મોને પાળે છે તેનો પ્રભાવ કામ કરે છે. અને જે દાન કરે છે, શીલ પાળે છે, તપ કરે છે, હૃદયમાં ભાવ રાખે છે તેમનો પણ પ્રભાવ આ સૂર્ય-ચંદ્રના ઊગવા પર અને સમુદ્રની મર્યાદા પાલનની નિયમિતતા પર અવશ્ય પડે જ છે.

# दशम
# धर्मभावना

उपजाति

दानं च शीलं च तपश्च भावो, धर्मश्चतुर्धा जिनबान्धवेन।
निरूपितो यो जगतां हिताय, स मानसे मे रमतामजस्रम् ॥ १ ॥

सत्यक्षमामार्दवशौचसङ्गत्यागाऽऽर्जवब्रह्मविमुक्तियुक्तः।
यः संयमः किञ्च तपोवगूढश्चारित्रधर्मो दशधाऽयमुक्तः ॥ २ ॥

यस्य प्रभावादिह पुष्पदन्तौ, विश्वोपकाराय सदोदयेते।
ग्रीष्मोष्मभीष्मामुदितस्तडित्वान्, काले समाश्वासयति क्षितिं च ॥ ३ ॥

उल्लोलकल्लोलकलाविलासैर्न प्लावयत्यम्बुनिधिः क्षितिं यत्।
न घ्नन्ति यद् व्याघ्रमरुद्दवाद्या, धर्मस्य सर्वोऽप्यनुभाव एषः ॥ ४ ॥

**૧**. જગતના હિત અને કલ્યાણ માટે જિનેશ્વર ભગવંતોએ દાન, શીલ, તપ તથા ભાવ – આ પ્રમાણે ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. એ ધર્મ મારા હૃદયમાં નિરંતર વસી રહો. **૨**. ૧. સત્ય, ૨. ક્ષમા, ૩. માર્દવ, ૪. શૌચ, ૫. સંગત્યાગ, ૬. આર્જવ, ૭. બ્રહ્મચર્ય, ૮. મુક્તિ, ૯. સંયમ, અને ૧૦. તપ – આ પ્રમાણે દસ પ્રકારનો ચારિત્રધર્મ બતાવ્યો છે. **૩**. ધર્મના પ્રભાવથી સૂર્ય અને ચંદ્ર આ વિશ્વ ઉપર ઉપકાર કરવા દરરોજ ઊગે છે અને કાળઝાળ તાપથી સંતપ્ત

# દશમ
# ધર્મભાવના

ઉપજાતિ

જિનેશ્વરોએ જગના હિતાર્થે, ચારે પ્રકારે જિન ધર્મ ભાખ્યો,
જે દાન ને શીલ તપાદિ ભાવે, વસો સદા તે મુજ ચિત્ત સદ્મે. ૧

વળી જિનેશે યતિધર્મ ભાખ્યો, દશ પ્રકારે તપ સત્ય દાખ્યો,
બ્રહ્મ ક્ષમા આર્જવ શૌચ મુક્તિ, વિનમ્ર આકિંચન સંયમાદિ. ૨

આ ધર્મના તેજ તણા પ્રભાવે, તેજસ્વિ આ ચંદ્રકલા જણાયે,
વર્ષા થકી શીતલ થાય પેલી, જે ગ્રીષ્મ તાપે વસુધા તપેલી. ૩

સમુદ્ર કલ્લોલ મૂકે ન માઝા, ને વાયુ અગ્નિ પ્રસરે ન ઝાઝા,
હિંસા તજે વાઘ સમાન જીવો, આ ધર્મનો તે મહિમા બતાવ્યો. ૪



બનેલી ધરાને ઉચિત સમયે વીજળીના તડતડાટ સાથે મેઘ આવીને શીતળતા આપે છે. **૪.** ઊછળતો અને ઉભરાતો દરિયો આખી પૃથ્વીને પોતાના આગોશમાં ડૂબાડી નથી દેતો. વાઘ, સિંહ વગેરે હિંસ્ર પશુઓ અને વાવાઝોડાં, દાવાનળ વગેરે માણસજાતને ભરખી નથી જતા, એ બધો ધર્મનો પ્રભાવ છે.

शार्दूलविक्रीडित

यस्मिन्नैव पिता हिताय यतते, भ्राता च माता सुतः,
सैन्यं दैन्यमुपैति चापचपलम्, यत्राऽफलं दोर्बलम् ।
तस्मिन् कष्टदशाविपाकसमये, धर्मस्तु संवर्मितः,
सज्जः सज्जन एष सर्वजगतस्त्राणाय बद्धोद्यमः ॥ ५ ॥

त्रैलोक्यं सचराचरं विजयते यस्य प्रसादादिदम्,
योऽत्राऽमुत्र हितावहस्तनुभृतां सर्वार्थसिद्धिप्रदः ।
येनानर्थकदर्थना निजमहःसामर्थ्यतो व्यर्थिता,
तस्मै कारुणिकाय धर्मविभवे, भक्तिप्रणामोऽस्तु मे ॥ ६ ॥

मंदाक्रांता

प्राज्यं राज्यं सुभगदयिता, नन्दना, नन्दनानाम्, रम्यं रूपं सरसकविताचातुरी सुस्वरत्वम् ।
निरोगित्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिं, किं नु ब्रूमः फलपरिणतिम् धर्मकल्पद्रुमस्य ॥ ७ ॥



**५**. જ્યારે માતા, પિતા, ભાઈ-બહેન બધાં જ મોઢું ફેરવી લે, પોતાના જ સૈનિકો-માણસો દીન-હીન બની જાય, ધનુષ્ય-બાણ ઉઠાવનારના હાથ હેઠા પડી જાય, એવા કપરા સમયે કષ્ટભરી દશામાં પણ સજ્જ બનીને ધર્મ આખી દુનિયાનું રક્ષણ કરવા તૈયાર રહે છે. **૬**. જે ધર્મના પ્રભાવથી ચલ અને અચલ વસ્તુઓથી યુક્ત ત્રણે લોક વિજયી બને છે, જે ધર્મ પ્રાણીઓને આ ભવ, પરભવમાં હિતકર બનીને સર્વ કાર્યોની સિદ્ધિ આપે છે અને જે ધર્મ પોતાના પ્રભાવથી

શાર્દૂલવિક્રીડિત

જ્યારે માનવને વિપત્તિ પડતી સ્વાર્થી બને સૌ સગા,
માતા ભ્રાત પિતા કરે અહિતને સૈન્યો ધરે દીનતા,
ચાલે ના નિજશક્તિ ચાપ સમશી દુષ્કર્મના યોગથી,
ત્યારે ગોદ ધરી સુધર્મ જનની રક્ષા કરે પ્રેમથી. ૫

જે સદ્ધર્મ પસાયથી વિજયની માળા ત્રિલોકે મળે,
આ લોકે પરલોકમાં હિત કરે સર્વાર્થસિદ્ધિ ધરે,
જેના સત્ત્વ ગુણે મનુષ્ય જગમાં સૌ કષ્ટ દૂરે કરે,
ભાવે તે જિનધર્મને નમન હો જે દુઃખ સૌનાં હરે. ૬

મંદાક્રાન્તા

મોટું રાજ્ય પ્રિય સહચરી પુત્ર આનંદકારી, તીક્ષ્ણ પ્રજ્ઞા સુમધુર ગિરા રૂપ આ રમ્ય ભારી,
તંદુરસ્તી ગુણ સુજનતા કાવ્યચાતુર્ય શક્તિ, શું શું મીઠાં ફળ નવ મળે ધર્મ કલ્પદ્રુમેથી? ૭



અનેક અનર્થોની પીડાને ટાળી દે છે એવા મહાકરુણામય ધર્મવૈભવને મારો ભક્તિભાવભર્યો નમસ્કાર થાઓ. ૭. ધર્મ તો કલ્પવૃક્ષ છે! એ બધું જ આપે છે. મહાન્ સામ્રાજ્ય, સૌભાગ્યશીલ પત્ની, પુત્ર-પૌત્રોથી ભર્યોભર્યો પરિવાર, જનપ્રિયતા, સુંદરતા, કાવ્યશક્તિ, ચાતુરી, વક્તૃત્વ, નીરોગિતા, ગુણગ્રાહકતા, સજ્જનત્વ, સુંદર બુદ્ધિ, આવાં તો કેટલાં ફળ કહીએ?

## गेयाष्टक

(राग: सोहिनी)

पालय पालय रे पालय मां जिनधर्म ।
मङ्गलकमलाकेलिनिकेतन, करुणाकेतन धीर ।
शिवसुखसाधन भवभयबाधन, जगदाधार गम्भीर ॥ पालय० ॥ १ ॥

सिञ्जति पयसा जलधरपटली, भूतलममृतमयेन ।
सूर्याचन्द्रमसावुदयेते, तव महिमातिशयेन ॥ पालय० ॥ २ ॥

निरालम्बमियमसदाधारा, तिष्ठति वसुधा येन ।
तं विश्वस्थितिमूलस्तम्भम्, त्वां सेवे विनयेन ॥ पालय० ॥ ३ ॥

दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोक ।
शरणस्मरणकृतामिह भविनाम्, दूरीकृतभयशोक ॥ पालय० ॥ ४ ॥

**१:** ઓ જિનેશ્વરો દ્વારા કથિત ધર્મ! તું મારું પાલન કર! મારો ઉદ્ધાર કર! મંગલમયી ક્રીડાઓના સ્થાનરૂપ, કરુણાથી સભર, ધૈર્યવાન, મુક્તિસુખના સાધનરૂપ, સંસારના ભયોને દૂર કરનાર જગતના આધારરૂપ ધીર-ગંભીર ધર્મ! તું મારું પાલન કર! **૨:** તારા પ્રભાવથી પાણીથી લચેલાં વાદળાંઓ પૃથ્વીને ભીંજવે છે. સિંચે છે. સૂર્ય-ચંદ્ર ઊગે છે. પ્રકાશ

## ગેયાષ્ટક

(રાગઃ ગરબો જામ્યો રે... યમુનાજીને કાંઠે)

રક્ષા કરજો રે... હે જિનધર્મ અમારી, નૌકા કરજો રે... ભવજલ પાર અમારી,
મંગલં કમલા કેલિ નિકેતન-કરુણા કેતન ધીર,
શિવસુખ સાધન ભવભય બાધન-જગદાધાર ગંભીર. રક્ષા૦૧

સિંચે જલધર અમૃતમય જલ, વસુધા વિલસિત થાય,
નભમાં રવિ-શશિ ઉદય પામે, તે સૌ ધર્મ પસાય. રક્ષા૦૨

વિણ અવલંબન પૃથ્વી રહેતી, એ પણ ધર્મ આધાર,
જગ મર્યાદાનું મૂલ કારણ, સેવો તે નરનાર. રક્ષા૦૩

દાન શીલ તપ ભાવથી જેણે, કરીયા લોક કૃતાર્થ,
શોક હરે જે સ્મરણ કરંતાં, તે છે ધર્મ સમર્થ. રક્ષા૦૪



આપે છે. **૩:** તારા મહિમાથી જે કોઈ પણ જાતના આધાર વગર આ પૃથ્વી સ્થિર રહી છે. વિશ્વની સ્થિતિના મૂળ સ્તંભરૂપ ધર્મને હું વિનયપૂર્વક સ્વીકારું છું. **૪:** જે પ્રાણીઓ ધર્મનું શરણ કે સ્મરણ કરે એ બધાને દાન, શીલ, શુભભાવ, તપ વડે કૃતાર્થ કરે છે અને બધા જ ભયો તથા શોકને દૂર કરનાર આ ધર્મ છે.

क्षमासत्यसंतोषदयादिकसुभगसकलपरिवार ।
देवासुरनरपूजितशासनकृतबहुभवपरिहार ॥ पालय० ॥ ५ ॥

बन्धुरबन्धुजनस्य दिवानिशमसहायस्य सहाय ।
भ्राम्यति भीमे भवगहनेऽङ्गी, त्वां बान्धवमपहाय ॥ पालय० ॥ ६ ॥

द्रङ्गति गहनं जलति कृशानुः, स्थलति जलधिरचिरेण ।
तव कृपयाखिलकामितसिद्धिर्बहुना किं नु परेण ॥ पालय० ॥ ७ ॥

इह यच्छसि सुखमुदितदशाङ्गम् प्रेत्येन्द्रादिपदानि ।
क्रमतो ज्ञानादीनि च वितरसि, निःश्रेयससुखदानि ॥ पालय० ॥ ८ ॥

सर्वतन्त्रनवनीत सनातन, सिद्धिसदनसोपान ।
जय जय विनयवतां प्रतिलम्भितशान्तसुधारसपान ॥ पालय० ॥ ९ ॥

**૫:** ધર્મનો પરિવાર ક્ષમા, સત્ય, સંતોષ દયાથી ભર્યો ભર્યો છે. ધર્મ-શાસન અસુરો અને માનવોથી પૂજિત છે. આ ધર્મ અનેક ભવપરંપરાને તોડનાર છે. **૬:** જેનું કોઈ નથી એનો સહાયક આ ધર્મ છે. રાતદિવસ બધાને આશ્રય આપનાર છે. હે ધર્મ! તારા સરખા સહાયકને તજીને પ્રાણી ભીષણ ભવ-વનમાં ભટકી જાય છે. **૭:** ધર્મ! તારી કૃપાથી ભયંકર જંગલો નગરમાં બદલાઈ જાય. અગ્નિ પાણી બની જાય. મોટો દરિયો સપાટ જમીન બની જાય. તારી કૃપાથી બધી

ક્ષમા સત્ય સંતોષ દયા છે, જેનો શુભ પરિવાર,
જેને પૂજે સુરનર કિન્નર, તે જિનનય સુખકાર. રક્ષા૦૫

હે જિનધર્મ! શરણ જગબંધુ! દીનબંધુ! હિતકાર!,
તુજ સમ બાંધવને જે છોડે, તે ભમતા સંસાર. રક્ષા૦૬

વન બનતું તે નગર, ને અગ્નિ જલ બને તુજ પસાય,
જંગલમાં પણ મંગલ થાયે, કામિત સિદ્ધિ થાય. રક્ષા૦૭

ધર્મ જ આપે ઇંદ્રના વૈભવ, લોક લોકોત્તર સુખ,
શ્રેયસ્કર દે જ્ઞાન ને દર્શન, ભાંગે ભવની ભૂખ. રક્ષા૦૮

સર્વ શાસ્ત્ર નવનીત સનાતન, સિદ્ધિ સદન સોપાન,
ધર્મ તું આપે વિનય ને સદ્ગુણ, શાંત સુધારસ પાન. રક્ષા૦૯



જ મનોકામનાઓ પૂર્ણ થાય છે. બીજાનું હવે મારે કંઈ કામ નથી! ૮: આ જન્મમાં તું દશ પ્રકારનું સદૈવ વધતું સુખ આપે છે. આવતા જન્મમાં ઇન્દ્ર વગેરે મહાન્ પદવી આપે છે અને અનુક્રમે મોક્ષસુખના સાધનરૂપ જ્ઞાન વગેરે ગુણો પણ આપે છે. ૯: બધા જ તંત્રોનું નવનીત-માખણ રૂપ, મુક્તિમંદિરે પહોંચવા માટે પગથિયારૂપ... વિનયી પુરુષોને સહજ પ્રાપ્ત શાંત અમૃતના પાનરૂપ ધર્મ! તારો વિજય હો!

॥ १०६ ॥

॥ शान्त सुधारस ॥

## લોકસ્વરૂપભાવના

પ્રત્યેક મનુષ્યને માટે લોકસ્વરૂપનું ચિંતન જરૂરી છે. આપણે જ્યાં રહીએ છીએ એ પ્રદેશ ક્યાં આવ્યો એ માત્ર આ અગિયારમી ભાવના વડે જ આપણે જાણી અને સમજી શકીએ છીએ. સમુદ્‌ઘાત નામની ક્રિયા જ્યારે જિનેશ્વર ભવન્તો કે સામાન્ય કેવળજ્ઞાની કરે છે ત્યારે આપણા આત્માને એ સ્પર્શે છે. આ વખતે આપણે જો જાગ્રત હોઈએ તો મહાપુરુષોના આત્મીય સ્પર્શથી આપણે લાભાન્વિત થઈએ છીએ.

આ લોકમાં કેવી કેવી વિશિષ્ટતાઓ ભરેલી છે, એનું પણ ચિંતન કરવું જોઈએ. કોઈ એક જગ્યાએ લગ્નાદિ પ્રસંગ નિમિત્તે આનંદના ગાન ચાલતા હોય તો વળી તે જ સમયે કોઈ અન્ય ઘરમાં મુખ્ય વ્યક્તિ આયુષ્ય પૂરું કરે છે અને આખું ઘર શોકાતુર હોય છે. આવી વિશેષતાઓથી આ ભાવ ભરેલો છે. પરિભ્રમણથી થાકેલા હોઈએ પણ પાયામાં જો આ તત્વ ભરેલું હોય તો એના પર ધર્મની ઇમારત ટકે છે – કાયમ રહે છે, માટે આ ભાવના જરૂરી છે.

# एकादश
# लोकस्वरूपभावना

शालिनी

सप्ताधोऽधो विस्तृता याः पृथिव्यश्छत्राकाराः सन्ति रत्नप्रभाद्याः ।
ताभिः पूर्णो योऽस्त्यधोलोक एतौ, पादौ यस्य व्यायतौ सप्तरज्जू ॥ १ ॥

तिर्यग्लोको विस्तृतो रज्जुमेकाम्, पूर्णो द्वीपैरर्णवान्तैरसङ्ख्यैः ।
यस्य ज्योतिश्चक्रकाञ्चीकलापम्, मध्ये कार्श्यं श्रीविचित्रं कटित्रम् ॥ २ ॥

लोकोऽथोर्ध्वे ब्रह्मलोके द्युलोके, यस्य व्याप्तौ कूर्परौ पञ्चरज्जू ।
लोकस्याऽन्तो विस्तृतो रज्जुमेकाम्, सिद्धज्योतिश्चित्रको यस्य मौलिः ॥ ३ ॥

यो वैशाखस्थानकस्थायिपादः श्रोणीदेशे न्यस्तहस्तद्वयश्च ।
कालेऽनादौ शश्वदूर्ध्वदमत्वाद्, बिभ्राणोऽपि श्रान्तमुद्रामखिन्नः ॥ ४ ॥

૧. એક બીજાની નીચે રહેલી, અત્યંત વિસ્તૃત, છત્રાકાર જે રત્નપ્રભા વગેરે ભૂમિઓ છે, તેનાથી અધોલોક વ્યાપ્ત છે. એ લોકપુરુષના બે પહોળા પગની વચ્ચેની સાત રાજલોક જેટલી જગ્યામાં એ નરકભૂમિઓ આવેલી છે. ૨. તિર્યક્ (મધ્યલોક-મર્ત્યલોક) વિસ્તાર એક રજ્જુના માપનો છે. એમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો સમાયેલા છે. જ્યોતિષચક્ર એમાં સુંદર કટિસૂત્ર-કંદોરાનું સ્થાન લે છે. લોકપુરુષનો એ કટિપ્રદેશ અત્યંત પાતળો અને સુશોભિત છે. ૩. એના ઉપરના ભાગે ઊર્ધ્વલોક-દેવલોકમાં બ્રહ્મ દેવલોક પાસે (લોકપુરુષની) બે કોણીઓનો વિસ્તાર પાંચ રજ્જુ પ્રમાણ થાય છે. એના ઉપર

# એકાદશ
# લોકસ્વરૂપભાવના

ઉપજાતિ

સંપૂર્ણ આ લોક સ્વરૂપ જાણે, મનુષ્ય ઊભો કટિ હસ્ત રાખી,
કરી પહોળાં ચરણો, અનાદિ, પ્રસન્ન મુદ્રા દમ ઊર્ધ્વ રાખી. ૧

આ લોક સંપૂર્ણ જ ચૌદ રાજ-તિર્યગ્ અને ઊર્ધ્વ અધો મળીને,
અધો રહેલા કુલ સપ્ત રાજ-રત્નપ્રભા નામક સપ્ત પૃથ્વી. ૨

અધો અધો વિસ્તૃત છત્ર જેવી, તે સપ્ત રાજે પરિપૂર્ણ પૃથ્વી–
છે સપ્ત તે, લોક પુરુષના છે, જાણે પહોળા પગ બે કરેલા. ૩

તે લોક મધ્યે વળી એક રાજ-પ્રમાણ છે વિસ્તૃત લોક તીર્છો,
અસંખ્ય છે દ્વીપ સમુદ્ર જેમાં, મનુષ્યની છે વળી કર્મભૂમિ. ૪



એક રજ્જુ પછી લોકાન્ત આવે છે કે જેના શીર્ષસ્થાને સિદ્ધ પરમાત્માની જ્યોતિ બિરાજમાન છે. ૪. જેણે (લોકપુરુષે) પોતાના બે પગ પહોળા કરીને જમીન પર દૃઢપણે ટેકવ્યા છે, પોતાની કમર પર બંને હાથ મૂક્યા છે, અને જે અનાદિકાળથી એક સરખી રીતે એકદમ સીધો ઊભો રહેલો હોવા છતાં, મુખમુદ્રા પર થાક વર્તાતો હોવા છતાં પોતાની જાત પર નિયંત્રણ હોવાના કારણે ખિન્નતા દર્શાવતો નથી.

सोऽयं ज्ञेयं पुरुषो लोकनामा, षड्द्रव्यात्माऽकृत्रिमोऽनाद्यनन्तः ।
धर्माधर्माकाशकालात्मसंज्ञैर्द्रव्यैः, पूर्णः सर्वतः पुद्गलैश्च ॥ ५ ॥

रङ्गस्थानं पुद्गलानां नटानाम्, नानारूपैर्नृत्यतामात्मनां च ।
कालोद्योगस्वस्वभावादिभावैः, कर्मातोद्यैर्नर्तितानां नियत्या ॥ ६ ॥

एवं लोको भाव्यमानो विविक्त्या, विज्ञानां स्यान् मानसस्थैर्यहेतुः ।
स्थैर्यं प्राप्ते मानसे चात्मनीना, सुप्राप्यैवाध्यात्मसौख्यप्रसूतिः ॥ ७ ॥

૫. આને 'લોકપુરુષ' સમજવો. એ છ દ્રવ્યરૂપ છે, અકૃત્રિમ છે. આદિ-અંત રહિત છે. એ ચારે બાજુથી ધર્મ-અધર્મ, આકાશ, કાળ, આત્મા-જીવો, પુદ્ગલ વગેરે દ્રવ્યોથી ખચોખચ ભરેલો છે. ૬. પોતાનાં ભિન્ન ભિન્ન રૂપો લઈને કાળ, ઉદ્યોગ, પુરુષાર્થ, સ્વભાવ, નિયતિ અને કર્મરૂપી વાજિંત્રોના તાલે નાચતા પુદ્ગલો અને નાટક કરતા જીવો માટે એ રંગમંડપ

આ લોકમાં ધર્મ તણા વિહારો, સુરાસુરોનાં ભવનો, વિમાનો,
શોભે યથા જ્યોતિષ ચક્ર અત્રે કેડે તથા લોક પુરુષ કાંચી. ૫

ત્યાંથી વધો આગળ ઊર્ધ્વ લોકે, ત્યાં પંચ રજ્જુમય માન લોકે,
જ્યાં બ્રહ્મ દેવાલયની સુશ્રેણી, સીમા સુધી લોક પુરુષ કોણી. ૬

ત્યાં ઊર્ધ્વ લોકે વળી દેવસ્થાનો, ક્રમે જ વૈમાનિકનાં વિમાનો,
ને સિદ્ધશિલા વળી અંતભાગે, લાગે યથા તે નરશીર્ષ મૌલિ. ૭

ષડ્દ્રવ્ય તે લોકમહીં સ્વભાવે, અનાદ્યનંત સ્થિતિથી રહે તે,
ષડ્કાય જે ધર્મ અધર્મ આત્મા, આકાશ ને પુદ્ગલ કાલ છે ત્યાં. ૮

આ જીવ રૂપી નટકાજ જાણે, આ લોક છે નર્તન-રંગભૂમિ,
સ્વભાવ કર્મોદ્યમ યોગથી ત્યાં, જીવો કરે નિત્ય નવીન લીલા. ૯

લોકસ્વરૂપાત્મક ભાવના આ, વિવેકથી જે નિત ચિત્ત ભાવે,
તે સુજ્ઞ થાયે સ્થિર બુદ્ધિ સ્વામી, અને બને શાશ્વત સૌખ્ય ધામી. ૧૦



છે. નાટ્યશાળા છે. ૭. આવી રીતે લોકપુરુષનું ચિંતન જો વિવિધ દૃષ્ટિકોણથી કરવામાં આવે તો મનની સ્થિરતામાં સહાયક બને છે અને મનની સ્થિરતા જો મળી ગઈ તો અધ્યાત્મસુખનો પ્રાદુર્ભાવ સહેલાઈથી થઈ શકશે!

# गेयाष्टक

(राग : मालकौंस)

विनय विभावय शाश्वतम्, हृदि लोकाकाशम् ।
सकलचराचरधारणे, परिणमदवकाशम् ॥ विनय० ॥ १ ॥

लसदलोकपरिवेष्टितम्, गणनातिगमानम् ।
पञ्चभिरपि धर्मादिभिः, सुघटितसीमानम् ॥ विनय० ॥ २ ॥

समवघातसमये जिनैः, परिपूरितदेहम् ।
असुमदणुकविविधक्रियागुणगौरवगेहम् ॥ विनय० ॥ ३ ॥

एकरूपमपि पुद्गलैः कृतविविधविवर्तम् ।
काञ्चनशैलशिखरोन्नतम्, क्वचिदवनतगर्तम् ॥ विनय० ॥ ४ ॥

૧: હે વિનય! તારા હૃદયમાં તું શાશ્વત્ લોકાકાશનું ચિંતન કર. એ લોકાકાશ બધા ચલ-અચલને ધારણ કરનાર હોવાથી દ્રવ્ય તરીકે આશ્રય આપે છે. ૨: અલોકથી વીંટળાયેલો એ લોક દેદીપ્યમાન છે અને એના વિસ્તારની સીમા માપવી શક્ય જ નથી! છતાંયે ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યોના સહારે એની સીમા નિશ્ચિત છે. ૩: જ્યારે જિનેશ્વર અથવા

## ગેયાષ્ટક

(રાગ: આશાવરી અથવા મુનિવર પરમ દયાળ)

લોક સ્વરૂપ વિચાર...ચેતન... કાલ અનાદિ શાશ્વત જેનો, જ્ઞાની કહે અધિકાર...
સકલ ચરાચર વસ્તુને જે નિજ તનમાં ધરનાર. ચેતન૦૧

અસંખ્ય યોજન માન છે જેનું અલોક વેષ્ટિત જાણ,
ધર્માદિ પંચકાય નિયત ત્યાં સીમા સુઘટિત માન. ચેતન૦૨

કેવલી સમુદ્ઘાતે ભરે પૂરણ નિજ પ્રદેશથી લોક,
વિવિધ ક્રિયા ગુણ ગૌરવ કરે જીવ ને પુદ્ગલને થોક. ચેતન૦૩

લોકાકાશ છે એક છતાં પણ પુદ્ગલથી થાય ભિન્ન,
મેરુશૃંગ સમ ક્યાંક છે ઉન્નત કહીં ગર્તા કહીં ખીણ. ચેતન૦૪

સામાન્ય કેવળજ્ઞાની સમુદ્ઘાત નામની ક્રિયા કરે ત્યારે એના આખા શરીરને ભરી દે છે. પ્રાણીઓ તથા પરમાણુઓની અનેક પ્રકારની ક્રિયાઓ અને તેના ગુણો માટે એ મંદિરરૂપ છે. ૪: એ લોકાકાશ એકરૂપ છે. છતાંયે પુદ્ગલો એના અનેક આકાર-ભેદો સર્જે છે. એ ક્યાંક મેરુપર્વતથી પણ ઉન્નત છે તો ક્યાંક ખાડામાં પણ ઊતરેલો છે.

क्वचन तविषमणिमन्दिरैरुदितोदितरूपम् ।
घोरतिमिरनरकादिभिः क्वचनातिविरूपम् ॥ विनय० ॥ ५ ॥

क्वचिदुत्सवमयमुज्ज्वलं जयमङ्गलनादम् ।
क्वचिदमन्दहाहारवम्, पृथुशोकविषादम् ॥ विनय० ॥ ६ ॥

बहुपरिचितमनन्तशो, निखिलैरपि सत्त्वैः ।
जन्ममरणपरिवर्तिभिः, कृतमुक्तममत्वैः ॥ विनय० ॥ ७ ॥

इह पर्यटनपराङ्मुखाः, प्रणमत भगवन्तम् ।
शान्तसुधारसपानतो, धृतविनयमवन्तम् ॥ विनय० ॥ ८ ॥

**५:** ક્યાંક વળી એ દેવતાઓના મણિમંદિરોથી ખૂબસૂરત બનીને દીપે છે, તો ક્યાંક ઘોર અંધકારથી વ્યાપ્ત નરક વગેરેથી અત્યંત બીભત્સ અને ઘૃણિત ભાસે છે. **૬:** કોઈ પ્રદેશમાં ઉત્સવના રંગમાં મસ્ત બનીને રહે છે, ક્યાંક વળી જયમંગલ નાદથી વ્યાપ્ત રહે છે. તો ક્યાંક એના પ્રદેશો મોટી ગર્જના કે અવાજોથી નિસાસાઓ અને હાયથી ભરેલા હોય છે.

કોઈક સ્થળ ઉત્સવ જય મંગલ મધુર વીણાઝંકાર,
દુઃખ વિષાદ છે કોઈક સ્થળમાં વરતે હાહાકાર. ચેતન૦૫

મમતાવશ જીવ જન્મમરણને કરતો અનંતી વાર,
સમ વિષમ તે ભાવે પરિચિત લોકસ્વરૂપ સંસાર. ચેતન૦૬

એવા વિશ્વથી ખિન્ન હે ભવિજન! જિનવરનું ધરો ધ્યાન,
વિનય ધરી કરો સદ્ગુણ સંગમ શાંત સુધારસ પાન. ચેતન૦૭



શોક અને વિષાદથી વ્યાપ્ત છે. ૭: જન્મમરણના ચકરાવે ચડેલા પ્રાણીઓએ અનંત વખત પરસ્પર અનેક પ્રકારના સંબંધો બાંધેલા હોય છે. એ સંબંધો બાંધ્યા છે અને તોડ્યા છે. ૮: તમે જો આ પરિભ્રમણથી થાક્યા હો તો જે ભગવાને શાંત સુધારસના પાન દ્વારા વિનયવાન જીવોનું રક્ષણ કર્યું છે, એ ભગવાનને પ્રણામ કરો.

॥ ११६ ॥

॥ शान्त सुधारस ॥

# બોધિદુર્લભભાવના

આ સંસારમાં સૌથી વિશિષ્ટ કોઈ વસ્તુ હોય તો તે બોધિબીજ છે. શાસન અને તેના દરેક અંગો સંપૂર્ણતઃ અને સમગ્રતયા ગમે તો તે બોધિ છે. સમ્યગ દર્શન કરતા બોધિ એ એક અલગ અને ઉપરની વસ્તુ છે. સમ્યગ દર્શન દુર્લભ છે, પણ કોઈ કોઈને એ પ્રાપ્ય છે, જેઓ સમ્યગ દર્શન પ્રાપ્ત કરી શકે છે તેમને માટે પણ બોધિ તો દુર્લભ કહેવાય છે.

જ્યાં સુધી આપણી ઇન્દ્રિયો સાબૂત છે, જ્યા સુધી વૃદ્ધાવસ્થા દૂર છે, વ્યાધિઓ વડે શરીર ઘેરાયું નથી ત્યાં સુધી તપોધર્મ અને સંયમધર્મ સાધી લેવો જોઈએ. કારણ કે, ક્યારેક એના દ્વારા પણ બોધિ પ્રાપ્ત થઈ શકે છે. એટલા માટે ઘણા પુરુષો ભગવાન પાસે तादेवदिज्जबोहिं અને 'બોધિરતન મુજ બળિયો' (જ્ઞાન વિમળસૂરિજી) એમ માગણી કરે છે. આમ એ ખાસ ઇચ્છવા જેવું છે. વિનયવિજયજી મહારાજને સમ્યગ દર્શન અને બોધિના ભેદની ખબર હતી એ એમના લખાણો પરથી ખ્યાલ આવે છે.

# द्वादश
# बोधिदुर्लभभावना

मंदाक्रांता

यस्माद्विस्मापयितसुमन: स्वर्गसम्पद्विलासा:,
प्राप्तोल्लासा: पुनरपि जनि: सत्कुले भूरिभोगे।
ब्रह्माद्वैतप्रगुणपदवी प्रापकं नि:सपत्नम्,
तद् दुष्प्रापं भृशमुरुधिय: सेव्यतां बोधिरत्नम्॥ १॥

भुजंगप्रयात

अनादौ निगोदान्धकूपे स्थितानामजस्रं जनुर्मृत्युदु:खार्दितानाम्।
परिणामशुद्धि: कुतस्तादृशी स्याद्, यया हन्त तस्माद्विनिर्यान्ति जीवा:॥ २॥

**૧**. ઓ વિશાળ બુદ્ધિના ધારકો! બોધિરત્ન કે જેના પ્રભાવથી દેવલોકની વિસ્મયકારી સુખ-સંપત્તિ મળે છે, અનેક પ્રકારના ઉલ્લાસ-આનંદ પ્રાપ્ત થાય છે, પછીના જન્મોમાં ભાગ્યશાળી ઉત્તમ કુળોમાં જન્મ મળે છે, અદ્વૈત બ્રહ્મની પ્રકૃષ્ટ પદવીને આપે છે, જે અદ્વિતીય અને દુષ્પ્રાપ્ય છે એ બોધિરત્ન (સમ્યક્ શ્રદ્ધારૂપી રત્ન)ની ઉપાસના કરો! **૨**. નિગોદના અંધાર્યા

## દ્વાદશ
## બોધિદુર્લભભાવના

મન્દાક્રાન્તા

જેથી પામે ઝળહળ થતા સ્વર્ગના સૌ વિલાસો,
જન્મે જીવો સુભગ કુલમાં ભવ્ય શ્રીમંત વાસો,
જે છે આત્મા સકલ નયનો રત્ન તે બોધિ નામે,
તેને સેવો પરમપદની સંપદા શીઘ્ર જામે. ૧

ભુજંગપ્રયાત

નિગોદાન્ધ કૂપે રહેલા અનાદિ, વ્યથા જન્મ ને મૃત્યુથી જીવ પામે,
ન સમ્યગ્ પરિણામની શુદ્ધિ ધારે, કદાચિત્ ન સમ્યક્ત્વની રશ્મિ ભાળે. ૨

કૂવામાં પડેલા અને જન્મમરણની ઘટમાળમાં દુઃખી-દુઃખી થઈ ગયેલા જીવોના ભાવોની એવી શુદ્ધિ ક્યાંથી થાય કે જેના વડે એઓ નિગોદમાંથી બહાર આવી શકે?

ततो निर्गतानामपि स्थावरत्वम्, त्रसत्वं पुनर्दुर्लभं देहभाजाम्।
त्रसत्वेऽपि पञ्चाक्षपर्याप्तसंज्ञिस्थिरायुष्यवद् मानुषत्वम्॥ ३॥

तदेतन्मनुष्यत्वमाप्यापि मूढो महामोहमिथ्यात्वमायोपगूढः।
भ्रमन् दूरमग्नो भवागाधगर्ते, पुनः क्व प्रपद्येत तद्बोधिरत्नम्॥ ४॥

शिखरिणी

विभिन्नाः पन्थानः, प्रतिपदमनल्पाश्च मतिनः,
कुयुक्तिव्यासङ्गैर्निजनिजमतोल्लासरसिकाः ।
न देवाः सांनिध्यं विदधति, न वा कोऽप्यतिशय-
स्तदेवं कालेऽस्मिन्, य इह दृढधर्मा स सुकृती॥ ५॥

3. કદાચ એ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળે તો એ પ્રાણીને બાદર સ્થાવરપણું મળે છે, પણ ત્રસપણામાંયે પંચેન્દ્રિયપણું અને એય પર્યાપ્તિઓથી પૂર્ણ મળવું મુશ્કેલ છે. આગળ વધીને સંજ્ઞીપણું મળી જાય તો આયુષ્યની સ્થિરતા અને મનુષ્યજીવન મળવું બહું કઠિન છે. ૪. મહાપુણ્યે મનુષ્યત્વ મેળવીને પણ આ મૂર્ખ પ્રાણી મહામોહ અને મિથ્યાત્વ, માયાકપટની જાળમાં અટવાઈ જાય છે. છેવટે આથડતો-કૂટાતો સંસારના મોટા અગાધ કૂવામાં વધુ ઊંડે ધકેલાઈ જાય છે. ૫. મતમતાંતરો

તથા સ્થાવરત્વ ગ્રહે ભાગ્ય યોગે, ત્રસત્વાદિ પંચેન્દ્રિ દુર્લભ્ય તેને,
ન સંજ્ઞિત્વ દીર્ઘાયુ પામે ન જીવો, મલે જન્મ મોંઘો નહિ માનવીનો. ૩

કદાચિત્ નરત્વાદિ પામે સુભાગ્યે, છતાં મોહ મિથ્યાત્વથી વ્યાપ્ત થાયે,
બને લીન સંસારમાં મોહથી તે, તહીં બોધિ લાધે કહો કેમ રીતે? ૪

શિખરિણી

દિસે વિશ્વે પંથો વિવિધ મતના આ કલિયુગે,
કુયુક્તિ વ્યાસંગે કુમતિ નિજ આકર્ષણ કરે,
ન દેવો સાન્નિધ્યે પ્રબળ નવ કો' લબ્ધિધર છે,
છતાં સમ્યગ્ ધર્મે ભવિક પુરુષો નિશ્ચલ રહે. ૫

અને જુદા જુદા માર્ગોનો રાફડો ફાટ્યો છે. ડગલે ને પગલે ભટકાતા કહેવાતા બુદ્ધિશાળી માણસો જાતજાતના તર્ક-વિતર્ક કરીને પોતાના પંથે ખેંચે છે. અત્યારે કોઈ દેવો પણ સાન્નિધ્ય કે સહાય આપતા નથી કે કોઈ અતિશય-ચમત્કાર થતા નથી. આવા કપરા કાળમાં જે આત્મા ધર્મ પર સુદૃઢ શ્રદ્ધાવાળો હશે એ જ ભાગ્યશાળી હશે.

शार्दूलविक्रीडित

यावद्देहमिदं गदैर्न मृदितम्, नो वा जराजर्जरम्
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभङ्गुरं निजहिते तावद् बुधैर्यत्यताम्
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥ ६ ॥

अनुष्टुप

विविधोपद्रवं देहमायुश्च क्षणभङ्गुरम् ।
कामालम्ब्य धृतिं मूढैः, स्वश्रेयसि विलम्ब्यते ॥ ७ ॥

६. જ્યાં સુધી આ શરીર વ્યાધિઓથી નંખાઈ નથી ગયું, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ઘેરી નથી વળી, જ્યાં સુધી ઇન્દ્રિયો પોતાના વિષયોમાં સક્ષમ છે, મૃત્યુના ઓછાયા ઊતરી નથી આવ્યા, ત્યાં સુધીમાં સમજુ અને શાણા માણસોએ પોતાના હિત માટે પ્રયત્નો કરી લેવા જોઈએ. સરોવરનાં પાણી ધસમસતાં વહેવા માંડે પછી પાળ બાંધવાનો શો અર્થ છે?

શાર્દૂલવિક્રીડિત

યાવત્ દેહ ન રોગથી ગ્રસિત છે, વૃદ્ધત્વ આવ્યું નથી,
સર્વે ઇંદ્રિય છે સમર્થ કૃતિમાં, આયુષ્ય તૂટ્યું નથી,
તાવત્ આત્મહિતાર્થ સુજ્ઞપુરુષો કલ્યાણકાર્યો કરે,
પાણી જાય પછી સરોવરતટે પાળી કરે શું વળે? ૬

અનુષ્ટુપ

રોગનું ઘર છે કાયા, આયુષ્ય નાશવંત છે,
કરે વિલંબ તું શાને? સાધી લે આત્મશ્રેયને. ૭

૭. આ શરીર જાતજાતના ઉપદ્રવોનું ઘર છે. આયુષ્યનો જરીયે ભરોસો નથી. છતાંયે કોણ જાણે કયા પ્રકારનું આશ્વાસન મેળવીને મૂઢ આત્મા પોતાના હિત માટે આંખમીંચામણાં કરે છે?

# गेयाष्टक

(राग : ललित)

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा, जलधिजलपतितसुररत्नयुक्त्या ।
सम्यगाराध्यतां स्वहितमिह साध्यताम्, बाध्यतामधरगतिरात्मशक्त्या ॥ बुध्यतां० ॥ १ ॥

चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो, भ्राम्यतां घोरसंसारकक्षे ।
बहुनिगोदादिकायस्थितिव्यायते, मोहमिथ्यात्वमुखचोरलक्षे ॥ बुध्यतां० ॥ २ ॥

लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः, स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनाम्, माघवत्यादिमार्गनुसारी ॥ बुध्यतां० ॥ ३ ॥

आर्यदेशस्पृशामपि सुकुलजन्मनाम्, दुर्लभा विविदिषा धर्मतत्त्वे ।
रतपरिग्रहभयाहारसंज्ञार्तिभिर्हन्त! मग्नं जगद्दु:स्थितत्वे ॥ बुध्यतां० ॥ ४ ॥

**૧:** તું બોધ પામ! જાગૃત બન! બોધિ ખૂબ જ દુર્લભ છે. દરિયાના ઊંડા પાણીમાં ખોવાઈ ગયેલા દૈવી રત્નની જેમ દુર્લભ બોધિનું તું સારી રીતે આરાધન કર. પોતાના હિતની સાધના કરી લે. અને તારી આત્મશક્તિના પ્રભાવથી નરક વગેરે ગતિઓનાં દ્વાર બંધ કરી દે. **૨:** મહાભયંકર સંસારરૂપી વન કે જે નિગોદ વગેરે કાયસ્થિતિના કારણે ખૂબ વિસ્તર્યું છે, એ જંગલમાં મોહ-મિથ્યાત્વ વગેરે લૂંટારાઓ વસે છે. એમાં ભટકતા ભટકતા, ચક્રવર્તીના ભોજનની જેમ મનુષ્યનો

## ગેયાષ્ટક

(રાગ : આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા – ધન ધન શાસન મંડણ મુનિવરા)

જેમ જલધિતલ રત્ન ચિંતામણી શ્રમ થકી તે મેળવાય,
તેમ સમકિતરત્ન દુર્લભ જાણીએ સત્ય એ મુક્તિ ઉપાય,
ભવિજન સાધો રે સમકિત સાધના. ભવિજન૦૧

ભમતો નિગોદે રે ચઉગતિ આતમા મિથ્યાત્વ ચોર સંયોગ,
એમાંય દુર્લભ નરભવ પામવો જેમ ચક્રવર્તી ભોગ. ભવિજન૦૨

દેશ અનાર્યે રે જન્મ જો પામીએ હિંસા વ્યસન ને ભોગ,
એવાં પાપોના સેવન કારણે દુર્ગતિ નરક સંયોગ. ભવિજન૦૩

આર્ય દેશે રે ઉત્તમ કુલ વરે તો યે ન ધર્મ લગાર,
સંજ્ઞા પરિગ્રહ કાળ આહારથી વ્યર્થ સરે અવતાર. ભવિજન૦૪



જન્મ મળવો અત્યંત દુર્લભ છે. **૩:** સંસારમાં મનુષ્યજન્મ પણ જો અનાર્ય દેશમાં મળે તો એ નુકસાન કરનારું જ બને! કારણ કે જીવહિંસા વગેરે તીવ્ર પાપોના કારણે એ લોકો માઘવતી નામની નરક તરફ જનારા હોય છે. **૪:** આર્યદેશમાં, ઉચ્ચકુળમાં જન્મેલા પ્રાણીને પણ ધર્મની જિજ્ઞાસા થવી ખૂબ મુશ્કેલ છે. મૈથુન, પરિગ્રહ, ભય અને આહારસંજ્ઞાની પીડાના વમળમાં ગોથાં ખાતું આ જગત વિચિત્ર સ્થિતિનો શિકાર બને છે.

विविदिषायामपि श्रवणमतिर्दुलभम्, धर्मशास्त्रस्य गुरुसन्निधाने ।
वितथविकथादितत्तद्रसावेशतो, विविधविक्षेपमलिनेऽवधाने ॥ बुध्यतां ॥ ५ ॥

धर्ममाकर्ण्य सम्बुध्य तत्रोद्यमम्, कुर्वतो वैरिवर्गोऽन्तरङ्गः ।
रागद्वेषश्रमालस्यनिद्रादिको, बाधते निहतसुकृतप्रसङ्गः ॥ बुध्यतां० ॥ ६ ॥

चतुरशीतावहो योनिलक्षेष्वियम्, क्व त्वयाकर्णिता धर्मवार्ता ।
प्रायशो जगति जनता मिथो विवदते, ऋद्धिरसशातगुरुगौरवार्ता ॥ बुध्यतां० ॥ ७ ॥

एवमतिदुर्लभात्प्राप्य दुर्लभतमम्, बोधिरत्नं सकलगुणनिधानम् ।
कुरु गुरुप्राज्यविनयप्रसादोदितम् शान्तरससरसपीयूषपानम् ॥ बुध्यतां० ॥ ८ ॥

**૫:** કદાચ ધર્મતત્ત્વને સમજવાની ઇચ્છા જાગી તો ગુરુચરણોમાં બેસીને ધર્મશાસ્ત્રોનું શ્રવણ ક્યાં સુલભ છે? કારણ કે ગલત ધારણાઓના શિકાર બનીને તથા વિકથાઓના ફંદામાં ફસાઈને જીવાત્મા વિષય-કષાયના આવેશથી ચિત્તની એકાગ્રતાને મલિન કરી નાંખે છે. **૬:** ધર્મ સાંભળીને, સમજીને, એનાથી પ્રબુદ્ધ બનીને જ્યારે આત્મા ધર્મકાર્યમાં પ્રવૃત્ત બને છે ત્યારે રાગ, દ્વેષ, આળસ, શ્રમ, ઊંઘ વગેરે અંતરંગ દુશ્મનો આડા આવે છે અને સારાં કાર્યો કરવાની તક

સદ્‌ગુરુ-સંગમ ભાગ્યવશે મળે સુણે ન પ્રવચનસાર,
નિદ્રા વિકથા રે રસવશ તે પડ્યો જન્મ ગમાવે અસાર. ભવિજન૦૫

સુણે વાણી રે ધર્મની સાધના ભાવે કરે ઉજમાલ,
ત્યાં તો સ્ખલના રે અંતર અરિ કરે મોહ બીછાવે રે જાલ. ભવિજન૦૬

લખચોરાશી રે ફેરા જીવ ફરે વીસરી ધર્મની યાદ,
મદ્ધિ શાતા રે રસ ગારવ થકી પરસ્પર કરતો વિવાદ. ભવિજન૦૭

એ રીત મોંઘો રે મનુભવ પામીને બોધિરત્ન સંધાન-
વિનય ધરીને રે સદ્‌ગુણ! સાધજે શાંત સુધારસ પાન. ભવિજન૦૮

સરી જાય છે. ૭: લાખ ચોરાશીના ફેરા ફરવામાં સારી વાતો કઈ જગ્યાએ તને સાંભળવા મળી છે? મોટા ભાગે તો દુનિયાના ચોતરે માનપાન, ખાનપાન અને આરામની વાતોમાં જ બધા મશગુલ રહે છે. ૮: આ રીતે અત્યંત દુર્લભથી પણ દુર્લભ એવા ગુણસંપન્ન બોધિરત્નને પ્રાપ્ત કરીને તને વિનયના અનુગ્રહથી, જે શાંતરસનું પીયૂષપાન સાંપડ્યું છે તેનો યથાર્થ ઉપયોગ કર.

## મૈત્રીભાવના

ભગવાન મહાવીર સ્વામીએ પોતાના જીવન દ્વારા આપણને જણાવ્યું કે, સકળ જીવો સાથે મૈત્રીભાવ રાખવો. વૈરભાવ કોઈની પણ સાથે રાખવો નહીં. ક્રોધ જ્યારે સ્ટૉરેજ થાય છે ત્યારે વેર થાય છે. ક્રોધ કરવો એ જુદી વસ્તુ છે, પણ ક્રોધ જ્યારે વારંવાર થાય છે અને એક જ વ્યક્તિ પર થાય છે ત્યારે પૂર્વગ્રહ કામ કરે છે. બહુ ઓછા માણસોનું મન પૂર્વગ્રહમુક્ત હોય છે. પૂર્વગ્રહથી તેને ન કરવું હોય તો પણ ક્રોધ એ રીતે હાવી થાય છે એટલે વેર તો ન જ રાખવું. આવેશ આવી જાય, ક્રોધ પણ આવી જાય પણ વેર ન આવે. ગાંઠ ન વળાય અને મૈત્રી અખંડ રહે. સામાને એવી પ્રતીતિ થાય કે મેં ખોટું કામ કર્યું છે. ક્રોધ આવ્યો છે તો ઉત્તમ કામ છે – આપણે તો એટલું જ કરવું છે કે સામાને ભૂલનો અહેસાસ થાય. પણ જગતના જીવોની સાથે મૈત્રીભાવ અખંડ રાખવો. બધા જીવો કર્મવશ છે, કોઈ કર્મની પકડમાંથી છુટી શકતો નથી, તીર્થંકર હોય કે ચક્રવર્તી હોય.

*મૈત્રીભાવનું પવિત્ર ઝરણું,*
*મુજ હૈયામાં વહ્યા કરે.*
*શુભ થાઓ આ સકલ વિશ્વનું,*
*એવી ભાવના નિત્ય રહે.*

તમે જ્યાં રહેતા હો તે શેરીમાં કે ફ્લૅટમાં અથવા એપાર્ટમેન્ટમાં કોઈ માંદા હોય, કોઈને લકવા લાગી ગયો હોય તેની નિરંતર શુભકામના પ્રગટ કરવી.

કલ્યાણ થાઓ વિશ્વનું, અનુકૂળ વૃષ્ટિ હો સદા,
ઘર ઘર વિષે ધન ધાન્ય ને આરોગ્યની હો સંપદા,
રોગો, ગુના અપરાધ ને હિંસાદિ પાપો દૂર હો,
સર્વત્ર શાંતિ સુખ સમૃદ્ધિ, ધર્મનો જયકાર હો.

આનો પાઠ રોજ કરવો જેથી મૈત્રીભાવના અખંડ રહે. આપણા મનમાં બધા જીવો પ્રત્યે સદ્ભાવના રહે, તો આપોઆપ જ એઓ તરફથી પણ સદ્ભાવનાનું ઝરણું વહેતું રહે. જેવું વાવીએ તેવું લણીએ. મૈત્રીભાવ સકલ જગતના જીવો પ્રત્યે વહાવજો. વેર કોઈની સાથે ન રાખતા.

# त्रयोदश
# मैत्रीभावना

अनुष्टुप

सद्धर्मध्यानसंध्यानहेतवः श्रीजिनेश्वरैः ।
मैत्रीप्रभृतयः प्रोक्ताश्चतस्रो भावनाः पराः ॥ १ ॥

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुम्, तद्धि तस्य रसायनम् ॥ २ ॥

उपजाति

मैत्री परेषां हितचिन्तनं यद्, भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्ताङ्गिरुजां जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥ ३ ॥

**१**. તીર્થંકર ભગવંતોએ મૈત્રી વગેરે ચાર સુંદર ભાવનાઓ ધર્મધ્યાનના અનુસંધાન માટે દર્શાવી છે. **૨**. મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય, આ ચાર ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી માટે પ્રાયોજિત કરવી. કારણ ભાવનામાં ઘૂંટાઈને ધર્મધ્યાન

# ત્રયોદશ મૈત્રીભાવના

અનુષ્ટુપ

વિશ્વ કલ્યાણને કાજે કરવા ધર્મસાધના,
ભાખી જિનેશ્વરે સમ્યગ્ મૈત્રી પ્રમુખ ભાવના. ૧

મૈત્રી પ્રમોદ કારુણ્ય મધ્યસ્થ ચાર ભાવના,
ધર્મ સુવર્ણ સિદ્ધિમાં છે રસાયન પાવના. ૨

ઉપજાતિ

તે ભાવ મૈત્રી 'પરની હિતેચ્છા', પ્રમોદ તે છે 'ગુણની પ્રશંસા',
કારુણ્ય નિત્યે 'પરદુઃખ ચિંતા', માધ્યસ્થ - 'સૌમાં સમભાવ દૃષ્ટિ' ૩





રસાયણ બને છે. **3. મૈત્રી** : બીજાના હિતની વિચારણા, **પ્રમોદ** : ગુણના પ્રત્યે આદર-અહોભાવ, **કરુણા** : દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવાની ભાવના, **ઉપેક્ષા (માધ્યસ્થ્ય)** : એટલે દુષ્ટ બુદ્ધિવાળા જીવો પ્રત્યે સમભાવ.

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन्, चिन्तयो जगत्यत्र न कोऽपि शत्रुः।
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन्, किम् खिद्यते वैरिधिया परस्मिन् ॥ ४ ॥

सर्वेऽप्यमी बन्धुतयानुभूताः, सहस्रशोऽस्मिन् भवता भवाब्धौ।
जीवास्ततो बन्धव एव सर्वे, न कोऽपि ते शत्रुरिति प्रतीहि ॥ ५ ॥

सर्वे पितृभ्रातृपितृव्यमातृपुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम्।
जीवाः प्रपन्ना बहुशस्तदेतत्कुटुम्बमेवेति परो न कश्चित् ॥ ६ ॥

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः, पञ्चेन्द्रियत्वाद्यधिगम्य सम्यक्।
बोधिं समाराध्य कदा लभन्ते, भूयो भवभ्रान्तिभियां विरामम् ॥ ७ ॥

या रागद्वेषादिरुजो जनानाम्, शाम्यन्तु वाक्कायमनोद्रुहस्ताः।
सर्वेऽप्युदासीनरसं रसन्तु, सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥ ८ ॥

**૪**. ઓ આત્મા! તું બધે જ મારી મૈત્રીનો વિસ્તાર કર! જગતમાં કોઈને શત્રુ તરીકે ન માન. કેટલા દિવસ તારું જીવન અહીં સ્થિર છે? તો પછી શા માટે દ્વેષબુદ્ધિને પંપાળીને સંતપ્ત બને છે? **૫**. સંસારસમુદ્રના સફરમાં બધા પ્રાણીઓ સાથે હજારો વખત બંધુત્વના સંબંધો રચાયા છે. માટે બધા જીવો તારા બંધુ છે. કોઈ શત્રુ નથી. આ પ્રમાણે વિચાર કર! **૬**. બધા જીવો અનેકવાર તારી સાથે પિતા, ભાઈ, કાકા, માતા, પુત્ર, પુત્રી, પત્ની, બહેન, પુત્રવધૂ વગેરે સંબંધોથી

હે જીવ! મૈત્રી ધર ભાવના ને, વિચારજે શત્રુ ન કોઈ વિશ્વે,
થોડું જ આ જીવન શીદ થાયે?, વૈરાનુભાવો મન દુઃખ ભારે. ૪

ભવાબ્ધિમાં જીવ! સહસ્રવેળા, આત્મા થયા બંધુ સમસ્ત તારા,
તો મિત્ર! સર્વે તજ શત્રુ ભાવો, સર્વત્ર મૈત્રીઝરણાં વહાવો. ૫

વિશ્વે થયા જીવ અનેક રૂપે, તારા પિતા બંધુ વધૂ સ્વરૂપે,
ઘણી જ વેળા સુત માત પુત્રી, કુટુંબ સર્વે તવ ધાર મૈત્રી. ૬

આ મિત્રભાવો સઉ ચિત્ત જામો, એકેન્દ્રિ જીવો પણ બોધિ પામો,
પંચેન્દ્રિ પામી બહુ ધર્મ પાળો, સંસારનો પંથ વિરામ પામો. ૭

રોગો બધા વાક્ મન કાય કેરાં, ને રાગદોષાદિ શમો જનોનાં,
સમસ્ત વિશ્વે શમરાગ જામો, સર્વત્ર સર્વે સુખશાન્તિ પામો. ૮



સંકળાયેલા છે. આ બધા જીવોની દુનિયા તારું એક કુટુંબ જ છે. પછી કોઈ તારા શત્રુ નથી. એમ પ્રતીતિ રાખ. ૭. એકેન્દ્રિય વગેરે જીવો પણ પંચેન્દ્રિયપણું મેળવીને, સુંદર રીતે ધર્મની આરાધના કરીને ભવભ્રમણના ભયથી ક્યારે મુક્ત બનશે? (આવા વિચારો કર). ૮. પ્રાણીઓના મન-વચન-કાયાને અશુભમાં ખેંચી જનારી રાગ-દ્વેષ વગેરે વ્યાધિઓ શાંત બનો! બધા પ્રાણીઓ ઉદાસીન ભાવ (સુખ દુઃખથી ઉપર ઊઠીને)ના રસાસ્વાદને માણે. સર્વત્ર બધા જીવો સુખી બનો.

# गेयाष्टक

(राग : बिहाग)

विनय विचिन्तय मित्रताम्, त्रिजगति जनतासु ।
कर्मविचित्रतया गतिम्, विविधां गमितासु ॥ विनय० ॥ १ ॥

सर्वे ते प्रियबान्धवाः, न हि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो, निजसुकृतविलोपि ॥ विनय० ॥ २ ॥

यदि कोपं कुरुते परो, निजकर्मवशेन ।
अपि भवता किं भूयते, हृदि रोषवशेन ॥ विनय० ॥ ३ ॥



**૧:** વિનય! કર્મની વિચિત્રતાનો શિકાર બનીને જુદી જુદી ગતિમાં ભટકતા ત્રણે લોકના જીવો પ્રત્યે તું મિત્રતાનું ચિંતન કર. **૨:** બધા પ્રાણીઓ તારા મિત્ર છે. દુનિયામાં કોઈ તારો શત્રુ નથી. નાહક કલેશ-કંકાસને વશ થઈને મનને ખરાબ

## ગેયાષ્ટક

(રાગ : જ્યોત સે જ્યોત મિલાકે ચલો - સંત જ્ઞાનેશ્વર)

મૈત્રી ભાવના ચિત્ત ધરો, રાગ-દ્વેષનાં તિમિર હરો...

ત્રણ જગતમાં કોઈ ન વૈરી સર્વ કર્મ સ્વભાવે,
ભેગા મલીયા પંખી જાણે એક દિન ઉડી જાવે,
ભાવે સૌની મૈત્રી કરો. મૈત્રી૦૧

સર્વ જીવો છે પ્રિય તવ બંધવ, કોઈ ન દુશ્મન તારા,
કલેશ કરી મન દુઃખી ના કર, ઝગડા સર્વ નઠારા,
પ્રેમનાં સરબત પાન કરો. મૈત્રી૦૨

ક્રોધ કરે કોઈ કર્મના વશથી, તું નવ ક્રોધ જ કરજે,
ક્રોધની આગમાં સમતા જલનું પ્રેમે સિંચન કરજે,
શમ નદીમાં સ્નાન કરો. મૈત્રી૦૩

ન કર! ખરાબ થયેલું મન તારાં જ સત્કાર્યો પર પાણી ફેરવી દેશે! 3: માની લે, કોઈ માણસ પોતાના કર્મને પરવશ બનીને તારા પર કુપિત થાય તો તારે શા માટે ગુસ્સાને પરાધીન બનીને એવા બનવું જોઈએ?

अनुचितमिह कलहं सताम्, त्यज समरसमीन ।
भज विवेककलहंसताम्, गुणपरिचयपीन ॥ विनय० ॥ ४ ॥

शत्रुजनाः सुखिनः समे, मत्सरमपहाय ।
सन्तु गन्तुमनसोऽप्यमी, शिवसौख्यगृहाय ॥ विनय० ॥ ५ ॥

सकृदपि यदि समतालवम्, हृदयेन लिहन्ति ।
विदितरसास्तत इह रतिम्, स्वत एव वहन्ति ॥ विनय० ॥ ६ ॥

किमुत कुमतमदमूर्च्छिताः, दुरितेषु पतन्ति ।
जिनवचनानि कथं हहा, न रसादुपयन्ति ॥ विनय० ॥ ७ ॥

परमात्मनि विमलात्मनां, परिणम्य वसन्तु ।
विनय समामृतपानतो, जनता विलसन्तु ॥ विनय० ॥ ८ ॥

**४:** આ જગતમાં ક્લેશ કરવો એ કંઈ સારા માણસને શોભતું નથી! તું તો સમતા રસના નીરમાં વિહરનાર મીન છે. ક્લેશને ત્યજી દે. ગુણોના સંસર્ગથી સમૃદ્ધ બનેલા ઓ ચેતન! તું માનસરોવરના હંસની જેમ વિવેકબુદ્ધિવાળો બન! **૫:** શત્રુઓ પણ વૈર-વિરોધ છોડીને સમભાવને મેળવો અને સુખી બનો. એઓ પણ શાશ્વત સુખના ગૃહ તરફ જવા માટે રુચિવાળા બનો. **૬:** એકવાર જો આત્મા ભાવથી, સમતારસનું આસ્વાદન કરી લે, પછી તો એના રસ ચાખીને

સજ્જનને નવ કલહ છે પ્યારો, રહે તેથી સદા દૂરે,
શમ રસ રસિયા નિત્યે ધરતા વિવેકહંસને ઉરે,
વિવેકદષ્ટિ ચિત્ત ધરો. મૈત્રી૦૪

ભાવના ભાવજે ચેતન નિત્યે, શત્રુ પણ સુખી થાવે,
મંત્સરને તજી તે પણ આવી મૈત્રી ભાવના ભાવે,
સૌએ શાશ્વત સુખ વરો. મૈત્રી૦૫

એક જ પ્યાલો સમતારસનો ચાખ્યો જેણે ભાવે,
તે અમૃતરસ પીવા ફરી ફરી, મનડું તેનું થાવે,
એ રસનું અનુપાન કરો. મૈત્રી૦૬

આવા મધુરા શમ રસના ઘટ શાને જીવો તજતા?,
મોહ ને મમતા ક્રોધના વશથી શાને દુર્ગતિ પડતા?,
કુમતિ–મદિરા દૂર કરો. મૈત્રી૦૭

નિર્મળ મનમાં પરમાતમનાં નિત્યે આસન ધરજો,
સર્વે જનતા વિનય ધરીને, જય જિનશાસન કહેજો,
સદ્ગુણ સંચય નિત્ય કરો. મૈત્રી૦૮

એ પોતે જ સમત્વમાં ડૂબશે. ૭: સમજાતું નથી! પ્રાણીઓ ખોટા ખ્યાલ બાંધીને શા માટે પાપકર્મના ખાડામાં પડતા હશે? શા માટે એમને તીર્થંકરનાં વચનોમાં રુચિ નહીં થતી હોય? ૮: શુદ્ધ આત્માઓ પરમાત્મભાવમાં ડૂબીને રહો... વિનયસભર સમતા રસનું પાન કરીને જનતા આનંદિત બનો!

# પ્રમોદભાવના

જેને જેને મિત્ર બનાવ્યા તેનામાં ગુણો દેખાય કે તરત જ તેના ગુણગાન ગાવાં અને રાજી થવાનું એ
 પ્રમોદભાવ છે. બહુ દુર્લભ ભાવ છે, સકળ જીવોમાં જે કાંઈ સારું જોવા મળે તે રાજીપો વ્યક્ત કરે.

સ્વજનોમાં ગુણો જોવા મળે ત્યારે રાજી થવું તે અઘરું કામ છે. કોઈ પણ ગુણ દેખાય કે સંભળાય તો તેને જોઈને કે સાંભળીને આનંદ થાય તો તે ગુણ પોતાનામાં આવે ખરો. ગુણોના રાગી તો જ બનાય, જો ગુણ પ્રત્યે અનુરાગ કેળવાય. વ્યક્તિને સામે રાખી તો ગુણની પ્રાપ્તિ થાય નહીં. ગુણવંત પુરુષોમાં – ઉંમર છે, સ્ત્રી પુરુષના જે ભેદ છે તે ખરી પડે છે. માત્ર ગુણો પ્રત્યે લગાવ રહે છે. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે પ્રમોદભાવનાની 'સજ્જાય' ગીત, જે 'શાંતસુધારસ'માં સંગ્રામસિંહ સોનીની જીવનની મહત્ત્વની વાત લખી છે તેના ગુણોનું ગાન કરવું તે પણ પ્રમોદભાવના છે.

પૃથ્વીચંદ્રની વાત સાંભળીને લગ્નમંડપની ચોરીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તેનો પડઘો પૃથ્વીચંદ્રના જીવન પર પડે છે. તેની પત્નીઓ પ્રમોદભાવનાને કારણે કેવળજ્ઞાન પામે છે. તે દર્શાવે છે આત્માના ગુણના ઉઘાડમાં સામાનાં ગુણોનું ગાન નિમીતિ બની જાય છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અમૃતવેલની 'સજ્જાય'માં લખ્યું છે કે,

*થોડલો ગુણ પણ પરત ના સાંભળી હર્ષ મન આણ રે*
*દોષ લવ પણ નીજ દેખતા દુરિત નીજ આત્મા જાણ રે*
*ચેતન જ્ઞાન અજવાળીએ....*

મને તો મૈત્રીભાવ કરતાં પણ પ્રમોદભાવ કેળવવો અઘરો લાગે છે. નજીકનો માણસ પણ પારકાનાં ગુણ સાંભળીને રાજી થતો નથી. એટલે બીજાની ઉન્નતિ જોઈને રાજી થવું તે મોટામાં મોટો ગુણ છે. આપણામાં બીજાં ગુણો આવવાનો આ દરવાજો છે. તેનાથી આપણામાં ન હોય તેવા પણ ગુણ આવી જાય છે. જે માણસને જે ગુણ જોઈતો હોય તે ગુણવાળા આત્માના આશીર્વાદ મેળવે તથા તેની સાચા દિલથી અનુમોદના કરે તો તે ગુણ તેને અવશ્ય પ્રાપ્ત થાય છે. તે માટે ઝાંઝન શાહનો દાખલો પ્રસિદ્ધ છે.

# चतुर्दश
# प्रमोदभावना

स्रग्धरा

धन्यास्ते वीतरागाः क्षपकपथगतिक्षीणकर्मोपरागा-
स्त्रैलोक्ये गन्धनागाः सहजसमुदितज्ञानजाग्रद्विरागा ।
अध्यारुह्यात्मशुद्ध्या सकलशशिकलानिर्मलध्यानधारा-
मारान्मुक्तेः प्रपन्नाः कृतसुकृतशतोपार्जितार्हन्त्यलक्ष्मीम् ॥ १ ॥

तेषां कर्मक्षयोत्थैरतनुगुणगणैर्निर्मलात्मस्वभावै-
र्गायं गायं पुनीमः स्तवनपरिणतैरष्टवर्णास्पदानि ।
धन्यां मन्ये रसज्ञां जगति भगवतस्तोत्रवाणीरसज्ञा-
मज्ञां मन्ये तदन्यां वितथजनकथाकार्यमौखर्यमग्नाम् ॥ २ ॥



**૧.** તે વીતરાગ પરમાત્માને ધન્ય છે! ક્ષપક શ્રેણીના માર્ગે ગતિ કરીને જેમણે કર્મોના મેલને ધોઈ નાંખ્યો છે, ત્રણલોકમાં જેઓ ગંધહસ્તી (શ્રેષ્ઠ હાથી) સમાન છે, જેમનામાં સહજ ભાવે રહેલા જ્ઞાનથી વૈરાગ્ય-પ્રભાવ પ્રગટ્યો છે, જેઓ પૂર્ણિમાના પૂર્ણચંદ્રની કળા જેવા નિર્મળ ધ્યાનની ધારામાં આત્મવિશુદ્ધિ વડે આરોહણ કરીને, સેંકડો સુકૃતો સેવીને, અરિહંત પદની શ્રેષ્ઠ શોભાને મેળવી મુક્તિની નિકટ પહોંચ્યા છે. **૨.** કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા તેમના (વીતરાગના) અનેક ગુણોના

# ચતુર્દશ
# પ્રમોદભાવના

સ્રગ્ધરા

જેની અધ્યાત્મધારા સકલ શશિકલા તુલ્ય છે પૂર્ણધારા,
માળા જે મુક્તિની ને જિનવર પદની સંપદા ધારનારા,
કર્મોને નાથનારા ક્ષપકગતિ થકી જ્ઞાનવંતા સુભાગી,
ત્રૈલોક્યે ગંધ હસ્તિ સમ સમુદિત તે ધન્ય હો વીતરાગી. ૧

તેઓના કર્મનાશાદિક અમિત ગુણોથી તથાત્મ સ્વભાવો,
સ્તોત્રોથી ગીત ગાઈ વર પુનિત કરું અષ્ટ ઉચ્ચારસ્થાનો,
જેણે ગાયા જિનોના અનુપમ ગુણને ધન્ય છે તે રસજ્ઞા,
જુઠી વાચાળતા આ સકલ જગતની સત્ય છે દેવઆજ્ઞા. ૨



સહારે નિર્મળ આત્મ-સ્વભાવના માધ્યમથી અને એમનું વારંવાર ગાન કરીને અમારાં આઠ ઉચ્ચારસ્થાનોને પવિત્ર કરીએ છીએ. પરમાત્માના સ્તોત્રનું ગાન કરનારી જિહ્વા જ રસને જાણે છે. બાકી લોકોની વાતો કે ગામગપાટા કરનારી જિહ્વા રસજ્ઞ ના હોઈ શકે એમ હું માનું છું.

निर्ग्रन्थास्तेऽपि धन्या गिरिगहनगुहागह्वरान्तनिर्विष्टाः,
धर्मध्यानावधानाः समरससुहिताः पक्षमासोपवासाः ।
येऽन्येऽपि ज्ञानवन्तः श्रुतविततधियो दत्तधर्मोपदेशाः
शान्ता दान्ता जिताक्षा जगति जिनपतेः शासनं भासयन्ति ॥ ३ ॥

दानं शील तपो ये विदधति गृहिणो भावनां भायवन्ति,
धर्मं धन्याश्चतुर्धा श्रुतसमुपचितश्रद्धयाराधयन्ति ।
साध्व्यः श्राद्धयश्च धन्याः श्रुतविशदधिया शीलमुद्भावयन्त्य-
स्तान्सर्वान्मुक्तगर्वाः प्रतिदिनमसकृद् भाग्यभाजः स्तुवन्ति ॥ ४ ॥

उपजाति

मिथ्यादृशामप्युपकारसारम्, संतोषसत्यादिगुणप्रसारम् ।
वदान्यतावैनयिकप्रकारम्, मार्गानुसारीत्यनुमोदयामः ॥ ५ ॥



3. પર્વતના શિખરે... એકાંત વન-પ્રદેશમાં, ગુફામાં કે બીહડ પ્રદેશોમાં બેસીને ધર્મધ્યાનમાં લીન, સમતારસમાં તૃપ્ત અને પંદર દિવસ, મહિનાના ઉપવાસ કરનારા સાધુઓને પણ ધન્ય છે! અન્ય જ્ઞાનવાન, શ્રુતપ્રજ્ઞાયુક્ત, ધર્મોપદેશ દેનારા, શાંત, જિતેન્દ્રિય અને જગતમાં જિનેશ્વરના શાસનની શાન વધારનારા સાધુઓને ધન્ય છે! **૪**. જે ગૃહસ્થો દાન આપે છે, શીલવ્રત ધારણ કરે છે, તપ કરે છે, સુંદર ભાવનાઓ ભાવે છે, જ્ઞાનયુક્ત શ્રદ્ધાપૂર્વક ચારે પ્રકારના ધર્મને આરાધે

સંતોને ધન્ય છે જે ગિરિવન ગહને ધર્મધ્યાને ઊભા છે,
તેજસ્વી કો' તપસ્વી શમ રસ સદને પક્ષ માસોપવાસે,
જ્ઞાનીને વંદના તે શ્રુતજલધિ તણા પારગામી યશસ્વી,
વિશ્વે વિજ્ઞાનથી જે પ્રવચન મહિમાને પ્રસારે વચસ્વી. ૩

પાળે જે દાન શીલાદિક તપગુણને ધર્મ ચારે પ્રકારે,
ધારે જે ભાવ શ્રદ્ધા વિમલ મનથી ધન્ય તે શ્રાદ્ધ સર્વે,
સાધ્વી જે શીલવંતી વિમલમતિ સતી ધન્ય તે આર્ય નારી,
તેના ગાયે ગુણો જે ઉલસિત મનથી ધન્ય તે પુણ્યશાળી. ૪

ઉપજાતિ

મિથ્યાત્વધારી પણ જીવમાં જે, પરોપકારાદિ ગુણો વસે જે,
તેની કરું હું અનુમોદના, તે, ચિત્તે વસો સદ્‌ગુણ નિત્ય મારે. ૫



છે તેઓ ધન્ય છે! સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ કે જેઓ નિર્મળ જ્ઞાનયુક્ત શીલની શોભા ધારણ કરે છે તેમને પણ ધન્ય છે! આ બધાની સ્તવના ભાગ્યશાળી વ્યક્તિ વિનમ્ર બનીને દરરોજ કરે છે! **૫.** મિથ્યાદૃષ્ટિ(વિધર્મી લોકો)માં પણ ઉપકાર વગેરે મુખ્ય ગુણો હોય, સંતોષ, સત્ય વગેરે ગુણોનો વિસ્તાર હોય, ઉદારતા હોય, વિનય હોય, એ બધા માર્ગાનુસારી ગુણોની પણ અમે અનુમોદના કરીએ છીએ.

स्रग्धरा

जिह्वे प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना:,
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं
संसारेऽस्मिन्नसारे फलिमिति भवतां जन्मनो मुख्यमेव ॥ ६ ॥

उपजाति

प्रमोदमासाद्य गुणै: परेषां येषां मतिर्मज्जति साम्यसिन्धौ।
देदीप्यते तेषु मन:प्रसादो गुणास्तथैते विशदीभवन्ति ॥ ७ ॥

६. ઓ જિહ્વા! તું સારી રીતે પ્રસન્ન બનીને ભાગ્યશાળી પ્રાણીઓના સુંદર ચરિત્રને પ્રશંસવામાં તત્પર બન. મારા કાન અન્યના યશને સાંભળીને આનંદ મેળવનારા સારા કાન બનો! બીજાની સુખ-સાહેબી જોઈને મારાં નેત્રો પ્રફુલ્લિત

સ્રગ્ધરા

ગાવા ભાવે ગુણીના જીવન કવનને મિષ્ટ થાજે રસજ્ઞા,
કર્ણો બે સજ્જ થાજો પરયશ સુણવા ધારજો ધર્મ આજ્ઞા,
નેત્રો આનંદ પામો અગણિત પરની પ્રૌઢ લક્ષ્મી નિહાળી,
ધારી આ ભવ્ય ભાવો ભવ સફલ કરો ને વરો મુક્તિનારી. ૬

ઉપજાતિ

પ્રમોદ ભાવે પરના ગુણોમાં, શમાબ્ધિમાં છે મતિ લીન જેની,
પ્રસન્ન થાયે નિત ચિત્ત તેનું, તે આતમા સદ્‌ગુણ સિન્ધુ પામે. ૭





બનો! આ સંસારમાં આવા ભાવો એ જ જન્મની સાર્થકતા છે. મુખ્ય ફળ છે! ૭. બીજાના ગુણોથી આનંદિત થઈને જેમની પ્રજ્ઞા સમતાસાગરમાં લીન બને છે, એમના મનની પ્રસન્નતા ખૂબ શોભે છે. એમનામાં એ બધા ગુણો નિર્મળ બને છે.

## गेयाष्टक

(रागः पीलु)

विनय विभावय गुणपरितोषम्, विनय विभावय गुणपरितोषम् ।
निजसुकृताप्तवरेषु परेषु, परिहर दूरं मत्सरदोषम् ॥ विनय० ॥ १ ॥

दिष्ट्यायं वितरति बहुदानम्, वरमयमिह लभते बहुमानम् ।
किमिति न विमृशसि परपरभागम्, यद्विभजसि तत्सुकृतविभागम् ॥ विनय० ॥ २ ॥

येषां मन इह विगतविकारम्, ये विदधति भुवि जगदुपकारम् ।
तेषां वयमुचिताचरितानाम्, नाम जपामो वारंवारम् ॥ विनय० ॥ ३ ॥

अहह तितिक्षागुणमसमानम्, पश्यत भगवति मुक्तिनिदानम् ।
येन रुषा सह लसदभिमानम्, झटिति विघटते कर्मवितानम् ॥ विनय० ॥ ४ ॥

१: વિનય! તું ગુણો તરફ અત્યંત આદરભાવ રાખ! ઈર્ષ્યાભાવ છોડી દે! જેમને પોતાનાં કર્મોના પરિણામે વિશેષતાઓ મળી છે, એમાં તું આનંદનો અનુભવ કર! २: કેટલું સુંદર છે, કોઈ ભાગ્યશાળી દાન આપે છે અને દુનિયામાં માન મેળવે છે! બીજાના ઉત્કૃષ્ટ ભાગ્ય માટે તું એવા વિચારો કેમ નથી કરતો કે તને પણ એમના સુકૃતમાં ભાગ મળે! 3: જે મહાપુરુષોનાં મન વિકારરહિત છે, આ જગતમાં રહીને જેઓ પરોપકાર કરે છે, આવા ઔચિત્યગુણવાળા મહાન પુરુષોનાં નામ અમે

(રાગ : હું છું અનાથ પ્રભુ ઝાલજો રે હાથ)

પ્રમોદ ભાવનાનો ચાખજો રે સ્વાદ, હાં હાં ચાખજો રે સ્વાદ,
જાગશે જીવનમાં ત્યારે સંવાદ...

નિરખીને પરના વૈભવ મોટા, મનમાં ન દીનતા ધરજો,
પુણ્ય તણી એ છે બલિહારી, ઇર્ષ્યા જરી નવ કરજો ત્યારે સંતોષને કરજો રે યાદ. જાગશે૦૧

દાનેશ્વરી કોઈ દાન ધર્મ કરતાં, ભાગ્યથી પામે બહુમાન,
કરવી અનુમોદના તેની હંમેશાં, જૈન શાસન ફરમાન પામશો તમે તેની લક્ષ્મીનો સ્વાદ. જાગશે૦૨

સજ્જન એવા પર ઉપકારી, કરતા પરઉપકાર,
ભાવે જપીએ નિત નામ તેનાં, પાપનો થાય પરિહાર જાયે અંતરનો સર્વ વિષાદ. જાગશે૦૩

જિનવર દેવ જુઓ કેવા ગુણીયલ, સમતાસમુદ્ર કહાયે,
એવા આદર્શને રાખો જીવનમાં, રોષ અને માન જાયે, જાયે સકલ આ કર્મ ઉન્માદ. જાગશે૦૪

વારેવારે સ્મરીએ છીએ. ૪: એક સહનશીલતા ગુણ જ એવો છે કે જેની સરખામણી બીજા ગુણ સાથે થઈ ના શકે! મુક્તિ મેળવવાના પરમ સાધનરૂપ આ ગુણને તીર્થંકર પરમાત્મામાં જો! ક્ષમા ગુણ દ્વારા ક્રોધ નાશ પામે અને વધતાં કર્મોનું મૂળ પણ ઘટવા માંડે!

अदधुः केचन शीलमुदारम्, गृहिणोऽपि हि परिहृतपरदारम् ।
यश इह सम्प्रत्यपि शुचि तेषाम्, विलसति फलिताफलसहकारम् ॥ विनय० ॥ ५ ॥

या वनिता अपि यशसा साकम्, कुलयुगलं विदधति सुपताकम् ।
तासां सुचरितसञ्चितराकम्, दर्शनमपि कृतसुकृतविपाकम् ॥ विनय० ॥ ६ ॥

तात्त्विकसात्त्विकसुजनवतंसाः, केचन युक्तिविवेचनहंसाः ।
अलमकृषत किल भुवनाभोगम्, स्मरणममीषां कृतशुभयोगम् ॥ विनय० ॥ ७ ॥

इति परगुणपरिभावनसारम्, सफलय सततं निजमवतारम् ।
कुरु सुविहितगुणनिधिगुणगानम्, विरचय शान्तसुधारसपानम् ॥ विनय० ॥ ८ ॥



**५:** કેટલાક ગૃહસ્થો પરસ્ત્રીનો ત્યાગ કરીને શ્રેષ્ઠ શીલવ્રતનું પાલન કરે છે. વાંઝિયા આંબાને પણ મહોરાવે એવો એમનો યશ આજેય સંસારમાં શોભે છે. **૬:** જે સ્ત્રીઓ પોતાના પિયર અને સાસરા બંને કુળને યશની ધજા-પતાકાથી શણગારે છે, સચ્ચરિત્રયુક્ત તેમના દર્શન પણ સુકૃતના ફળરૂપ છે, એટલે કે ભાગ્યે મળે છે. **૭:** તત્ત્વના જાણનારા મહાપુરુષો, સાત્ત્વિક યોગી પુરુષો અને સજ્જનોમાં શ્રેષ્ઠ પુરુષો, જ્ઞાન આપવામાં વિશદ બુદ્ધિ ધરાવતા મહાપુરુષોએ આ જગતને

આજે પણ શ્રાવકો પરસ્ત્રીના ત્યાગી, ઉદાર શીલવ્રત પાળે,
નિર્મળ યશ તેનો વિશ્વે ગવાયે, જાણે એ આમ્ર સહકારે, અજવાળો ગુણને ત્યાગી પ્રમાદ. જાગશો૦૫

શીલ સૌભાગ્યને ધારે જે નારી, ઉભય પક્ષ અજવાળે,
પુણ્યથી તેનાં દર્શન થાતાં, નાચે આ મનમોર ભારે, સુરવર તેના કરતા જયનાદ. જાગશો૦૬

સાત્વિક તાત્વિક સજ્જન શિરોમણી, વિશ્વે છે હંસ જેવા જીવો,
સન્માર્ગે દોરે જગતને, આપે આગમ વચ રૂપ દીવો, પુણ્યથી એની આવે શુભ યાદ. જાગશો૦૭

સંતપુરુષના ગુણઝરણામાં નિતનિત સ્નાન તું કરજે,
પાન કરીને શાંત સુધારસ, આ ભવસાગર તરજે, વિનયથી લેજે સદ્ગુણનો સ્વાદ. જાગશો૦૮

દીપાવ્યો છે. એમનું નામ-સ્મરણ પણ શુભ યોગ બની જાય છે. ૮: આ રીતે બીજાના ગુણોનું સ્મરણ-સંકીર્તન કરીને એમાં આનંદ પામવો અને એનું ચિંતન કરવું એ રીતે જીવનને સફળ બનાવવું! સુવિહિત ગુણોના નિધિના ગુણગાન સાથે શાંત સુધારસનું પાન તું કર્યા જ કર!

॥ १५० ॥

॥ शान्त सुधारस ॥

# કારુણ્યભાવના

બીજાને દુઃખી જોઈને તે દુઃખ દૂર કરવાની ઇચ્છા થાય તે કરૂણા છે. પરાયાના દુઃખ જોઈને પોતાના આત્માની શાંતિ, મનની શાંતિ માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તે કરૂણા પ્રેરિત હોય છે. અને સામાના દુઃખ જોઈને, તેની વિનંતિ સાંભળીને દુઃખ દૂર કરવાની ઇચ્છા થાય તે દયા છે.

આપણને કરૂણા અને દયા એક લાગે પણ તેનો ભેદ છે. પારકાના દુઃખ દૂર કરવાની ઇચ્છા થાય તે દયા છે અને પોતાને દુઃખ થયું તેને દૂર કરવાની ઇચ્છા તે કરૂણા છે. તેમાં પણ ગુણવાન પુરુષને દુઃખ આવી પડે તે વખતે પોતાને ખૂબ દુઃખ થાય છે.

પ્રયત્ન કરીને પણ દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજા આપણા જેવા સુખદુઃખમાં આસક્ત એવા આપણને જોઈ તેમના હ્રદયમાં કરૂણા ઉત્પન્ન થઈ અને તીર્થ સ્થાપ્યું.

આપણું હ્રદય કરૂણાથી છલોછલ ભરેલું હોવું જોઈએ. ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ તે દુઃખ છે. આવું દુઃખ કયા સંસારી જીવને હોતું નથી? માટે કરૂણા ભાવનાથી મનને સતત ભાવિત રાખવું.

# पञ्चदश
# कारुण्यभावना

मालिनी

प्रथममशनपानप्राप्तिवाञ्छाविहस्तास्तदनु वसनवेश्मालङ्कृतिव्यग्रचित्ताः ।
परिणयनमपत्यावाप्तिमिष्टेन्द्रियार्थान् सततमभिलषन्तः स्वस्थतां क्वाऽश्नुवीरन् ॥ १ ॥

शिखरिणी

उपायानां लक्षैः कथमपि समासाद्य विभवं भवाभ्यासात्तत्र ध्रुवमिति निबध्नाति हृदयम् ।
अथाकस्मादस्मिन् विकिरति रजः क्रूरहृदयो रिपुर्वा रोगो वा भयमुत जरा मृत्युरथवा ॥ २ ॥



**૧**. આ જગતના પ્રાણીઓ, ખાવા-પીવા, કપડાં, ઘર, ઘરેણા-અલંકારો વગેરે માટે વ્યગ્ર રહે છે. લગ્ન-સંબંધો, સંતતિ.. અને અનુકૂળ સુખભોગ માટે વ્યાકુળ રહેતું મન સ્થિર બને જ કેવી રીતે? **૨**. ગમે તેવા ઉપાયો કરીને માણસ વૈભવ

## પંચદશ
## કારુણ્યભાવના

માલિની

પ્રથમ વય વહે છે ખાન ને પાનમાં આ, વિષયરસ વિલાસે ફેશનોમાં યુવાની,
ધન સુત પરિવારે જિંદગી જાય મોંઘી, મૃગજલ સમ ભોગે જીવ પામે ન શાન્તિ. ૧

શિખરિણી

કરી લાખો યત્નો ધન વિભવ પામે મનુજ આ, ભવાભ્યાસે તેને ધ્રુવ સુખદ માને હૃદયમાં,
પછી તેમાં આવે ગદ યમ જરા વિઘ્ન સહસા, અને જાતાં પ્રાણી પરભવ, તજે વૈભવ બધા. ૨



ભેગો કરે છે અને આદત મુજબ એને શાશ્વત સમજીને હૃદયથી એની સાથે જોડાઈ જાય છે. પણ ક્રૂર શત્રુ, રોગ, ભય કે ઘડપણ અથવા મૃત્યુ આ બધા ઉપર ધૂળ વિખેરી દે છે!

स्रग्धरा

स्पर्धन्ते केऽपि केचिद्दधति हृदि मिथो मत्सरं क्रोधदग्धाः,
युध्यन्ते केप्यरुद्धा धनयुवतिपशुक्षेत्रपद्रादिहेतोः ।
केचिल्लोभाल्लभन्ते विपदमनुपदं दूरदेशानटन्तः
किं कुर्मः किं वदामो भृशमरतिशतैर्व्याकुलं विश्वमेतत् ॥ ३ ॥

उपजाति

स्वयं खनन्तः स्वकरेण गर्ता, मध्ये स्वयं तत्र तथा पतन्ति ।
यथा ततो निष्क्रमणं तु दूरेऽधोऽधः प्रपाताद्विरमन्ति नैव ॥ ४ ॥

प्रकल्पयन्नास्तिकतादिवादमेवं प्रमादं परिशीलयन्तः ।
मग्ना निगोदादिषु दोषदग्धाः, दुरन्तदुःखानि हहा सहन्ते ॥ ५ ॥

श्रृण्वन्ति ये नैव हितोपदेशम्, न धर्मलेशं मनसा स्पृशन्ति ।
रुजः कथङ्कारमथापनेयास्तेषामुपायस्त्वयमेक एव ॥ ६ ॥

**૩**. કેટલાક સ્પર્ધામાં ડૂબે છે. કેટલાક ક્રોધથી બળીઝળીને હૃદયમાં માત્સર્ય રાખે છે. કેટલાક વળી ધન, સ્ત્રી, જમીન વગેરે માટે યુદ્ધો કરે છે. ઝઘડે છે. કેટલાક સંપત્તિ મેળવવા દેશ-પરદેશમાં રખડપટ્ટી કરીને દુઃખી થાય છે. આખું વિશ્વ જાણે ઉદ્વેગ-આપત્તિથી ઘેરાઈ ગયું છે! શું કરીએ? શું કહીએ? **૪**. માણસ પોતાના હાથે ખોદેલા ખાડામાં પોતે જ એટલો ઊંડો ગબડી પડે છે કે બહાર નીકળવાની વાત તો દૂર રહી! એ વધુને વધુ ઊંડે ધસતો રહે છે. **૫**. કેટલાક

સ્રગ્ધરા

વિશ્વે પ્રાણી નિહાળો વિવિધ વિષમતા કો' ધરે ક્રોધ ચિત્તે,
ઈર્ષ્યા સ્પર્ધા કરે કો' ધન યુવતિ તણી કો' લડે તે નિમિત્તે,
લોભે કો' દુઃખ વેઠે પ્રતિ પલ વિચરે દૂર દેશે વિદેશે,
એવા તેને અમે આ જિનવચન વિના શું કહીયે વિશેષે? ૩

ઉપજાતિ

સ્વયં બનાવી ભવ રૂપ ગર્તા પડે મહીં જીવ યથા પ્રકારે,
જ્યું જ્યું કરે નીકળવા પ્રયત્નો નીચે સરે તે, ન વિરામ પામે. ૪

વિસ્તારતા નાસ્તિકવાદને તે સ્વચ્છંદતાથી પડતા નિગોદે,
સંસારશેરી ભમતા બિચારા દુઃખો સહે દારુણ, ના સહારા. ૫

તે જૈન વાણી શ્રવણે ધરો ના, સ્પર્શે વળી ધર્મ સુધા જરી ના,
દવા વિના શીદ જ રોગ જાવે? જ્ઞાની ખરું ઔષધ આ બતાવે. ૬





વળી નાસ્તિકવાદનું પ્રવર્તન કરીને પ્રમાદને પોષે છે. દોષોમાં ડૂબીને નિગોદ વગેરેમાં અપરંપાર દુઃખોને વેઠે છે. ૬. જે પ્રાણીઓ હિતનો ઉપદેશ સાંભળતા નથી અને ધર્મના એક અંશને પણ માનવા તૈયાર નથી. તેમની ઉપાધિઓ દૂર થાય ક્યાંથી?

अनुष्टुप

परदुःखप्रतीकारमेवं, ध्यायन्ति ये हृदि।
लभन्ते निर्विकारं ते, सुखमायतिसुन्दरम् ॥ ७ ॥





૭. બીજાનાં દુઃખો દૂર કરવાના ઉપાયો જે માણસ ચિંતવે છે, તે સાચું સારું અને શ્રેષ્ઠ સુખ ભવિષ્યમાં પ્રાપ્ત કરે છે.

અનુષ્ટુપ

પરનાં ટાળવા દુઃખો, ચિત્તે જે ચિંતવે સદા,
સુભાગી ભવ્ય તે પામે, આત્મિક સુખસંપદા. ૭

## गेयाष्टक

(राग : आहीर भैरव)

सुजना भजत मुदा भगवन्तम्, सुजना भजत मुदा भगवन्तम् ।
शरणागतजनमिह निष्कारणकरुणावन्तमवन्तं रे ॥ सुजना० ॥ १ ॥

क्षणमुपधाय मनः स्थिरतायाम्, पिबत जिनागमसारम् ।
कापथघटनाविकृतविचारम्, त्यजत कृतान्तमसारं रे ॥ सुजना० ॥ २ ॥

परिहरणीयो गुरुरविवेकी, भ्रमयति यो मतिमन्दम् ।
सुगुरुवचः सकृदपि परिपीतम्, प्रथयति परमानन्दं रे ॥ सुजना० ॥ ३ ॥

कुमततमोभरमीलितनयनम्, किमु पृच्छत पन्थानम् ।
दधिबुद्ध्या नर जलमन्थन्याम्, किमु निदधत मन्थानं रे ॥ सुजना० ॥ ४ ॥

**૧:** સજ્જનો! હૈયાના હર્ષથી તમે ભગવાનને ભજો! જે પરમાત્મા શરણે આવેલા પ્રાણીઓ માટે કોઈપણ જાતની અપેક્ષા વગર કરુણાવંત છે. **૨:** મનને થોડું સ્થિર કરીને જિનાગમના સારનું પાન કરો. આડાઅવળા રસ્તાઓ તમને ભટકાવી દેશે. આવા વિચારોને નિરર્થક સમજીને છોડી દો. **૩:** હિત કે અહિતનું જેને ભાન નથી એવા અવિવેકી ગુરુનો સંગ

(રાગ : ભૈરવી)

ભવિ...ભગવંતને ભાવે સ્મરો, શિવસુખ વૈભવ વરો...

જે દીનબંધુ કરુણાસાગર, ત્રિભુવન નાયક ખરો,
ઇહ શરણાગત વત્સલ સ્વામી, ભાવે ભક્તિ કરો. ભવિ૦૧

પીવા જિનવચનામૃત સુંદર, ક્ષણ મન સ્થિર કરો,
ટાળી વિપરીત આગમ સર્વે, ભવની ભ્રમણા હરો. ભવિ૦૨

ભવમાં મુગ્ધ જનોને ભમાવે, કુગુરુ તે પરિહરો,
સદ્ગુરુ કેરાં એક વચનથી, વિસ્તરે આનંદઝરો. ભવિ૦૩

મિથ્યા અંજન જે નયને તેને, શીદ પૂછો પંથ ખરો,
મલે શું નવનીત જલ મંથનથી, કુમતિ દૂર કરો. ભવિ૦૪



છોડી દેવો જોઈએ, કારણ કે એ ઓછી બુદ્ધિવાળા લોકોને ભરમાવી દે છે. સદ્ગુરુનું વચન એકાદવાર પણ સારી રીતે સ્વીકાર્યું હોય તો આનંદનો ઉદધિ ઊછળે છે. **૪:** ખોટા માર્ગ અને વિપરીત માન્યતાના અંધકારથી જેની આંખો બંધ છે એવાને તું સાચા માર્ગની પૃચ્છા કરે છે? પાણીને દહીં સમજીને, વલોવવાથી શું મળશે?

अनिरुद्धं मन एव जनानाम्, जनयति विविधातङ्कम् ।
सपदि सुखानि तदेव विधत्ते, आत्मारामशङ्कं रे ॥ सुजना० ॥ ५ ॥

परिहरताश्रवविकथागौरवमदनमनादिवयस्यम् ।
क्रियतां सांवरसाप्तपदीनम्, ध्रुवमिदमेव रहस्यं रे ॥ सुजना० ॥ ६ ॥

सह्यत इह किं भवकान्तारे, गदनिकुरम्बमपारम् ।
अनुसरताऽऽहितजगदुपकारम्, जिनपतिमगदङ्कारं रे ॥ सुजना० ॥ ७ ॥

श्रृणुतैकं विनयोदितरचनम्, नियतायतिहितरचनम् ।
रचयत कृतसुखशतसन्धानम्, शान्तसुधारसपानं रे ॥ सुजना० ॥ ८ ॥

**५:** મનને જો સાવ નિરંકુશ છોડી દો તો એ જાતજાતના આતંક ફેલાવશે. એ જ મન જો આત્મારામના ઉપવનમાં નિશંક બનીને રમણ કરે તો અનાયાસ સુખોને આપે છે. **૬:** જન્મોથી જામી પડેલા આશ્રવો, વિકથાઓ, ગારવો, અને કામેચ્છાના કચરાને તું છોડી દે. સંવર-આત્માનુશાસનને તું તારો મિત્ર બનાવ. આ જ રહસ્યની વાત છે. **૭:** સંસારરૂપી

મનડું પામે સ્વૈરવિહારે, ત્રિવિધ વ્યાધિ જળો,
મન સંયમથી મળે શાશ્વત સુખ, ચેતન તેને વરો. ભવિ૦૫

કાલ અનાદિ સહચર આશ્રવ, કામવિકાર હરો,
ગૌરવ વિકથા ત્યાગી સર્વે, સંવર મિત્ર કરો. ભવિ૦૬

ભવકાન્તારે અગણિત રોગો, શાને સહન કરો?
ભાવ રોગના વૈદ્ય આ સાચા, અરિહંતને અનુસરો. ભવિ૦૭

મંગલ જિનશાસન વિનયામૃત, વચનો ચિત્ત ધરો,
શાંત સુધારસ પાન કરીને સદ્‌ગુણ ભવને તરો. ભવિ૦૮

વનમાં ભટકીને શા માટે બેશુમાર પીડાને વેઠો છો? જિનેશ્વર કે જેઓ જગત પર ઉપકાર કરવા તત્પર છે, એનું અનુસરણ કરો! ૮: વિનયથી જે કહેવાય છે તે અવશ્ય હિતકારી છે, એને ધ્યાન દઈને સાંભળો! અનેક પ્રકારના પુણ્ય અને વિવિધ સુખો સાથે જોડાણ કરનાર શાંતસુધાના અમૃતનું પાન કરો.

# માધ્યસ્થભાવના

દુઃખી આત્મા જોઈને કરૂણા જાગી અને તેનું દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન કર્યો પણ સામી વ્યક્તિએ ન સ્વીકાર્યું ત્યારે ઉપેક્ષા ભાવના કામ લાગે છે. દુઃખ જોઈને કરૂણા ઉપજે, કરૂણાથી આંસુ આવે, પ્રયત્ન કરવા છતાં પણ જેનું દુઃખ દૂર ન થતું હોય, દુઃખ દૂર ન થઈ શકે ત્યારે તે વ્યક્તિ પર દ્વેષ લાવવો નહીં. પણ વકીલ, ડૉક્ટરની જેમ ઉપાય અને ઉપચાર બતાવીને અળગા રહે છે તે રીતે તેના મનમાં જે આવે તે પ્રમાણે તે જીવ કરતો હોય છે.

# षोडश
# माध्यस्थ्यभावना

शालिनी

श्रान्ता यस्मिन्, विश्रमं संश्रयन्ते, रुग्णाः प्रीतिं यत्समासाद्य सद्यः ।
लभ्यं रागद्वेषविद्वेषिरोधादौदासीन्यं सर्वदा तत्प्रियं नः ॥ १ ॥

लोके लोका भिन्नभिन्नस्वरूपाः, भिन्नैर्भिन्नैः कर्मभिर्मर्मभिद्भिः ।
रम्यारम्यैश्चेष्टितैः कस्य कस्य, तद्विद्वद्भिः स्तूयते रुष्यते वा ॥ २ ॥

मिथ्या शंसन्वीरतीर्थेश्वराणां, रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।
अन्यः को वा रोत्स्यते केन पापात्, तस्मादौदासीन्यमेवात्मनीनम् ॥ ३ ॥

**૧**. જેમાં શ્રાન્ત અને થાકેલા પ્રાણીઓ વિશ્રામ પામે છે, જેના દ્વારા બીમાર અને રૂગ્ણ માણશો પ્રસન્નતા અનુભવે છે. રાગદ્વેષનો રોધ થવાથી સહજ ઉદાસીનતા જેમાં મળે છે એવો **મધ્યસ્થ્યભાવ** અમને ઇષ્ટ છે. **૨**. આ જગતમાં પ્રાણીઓ મર્મને ભેદનારાં જાતજાતનાં કર્મોના કારણે ભાતભાતના ગમા અણગમા દાખવે છે, એમાં શાણા પુરુષો કોની

# ષોડશ
# માધ્યસ્થ્યભાવના

શાલિની

અર્પે ભાવે શ્રાન્તને જે વિસામો, રોગીને શાતા સમર્પે સહારો,
જે રાગદ્વેષો અભાવે મળે છે, પ્યારી તે માધ્યસ્થ્યની ભાવના છે. ૧

વિશ્વે લોકો ભિન્ન ભિન્ન સ્વરૂપે, તેઓ કર્મે ભિન્ન ને વર્તણૂંકે,
બોલાવે કો' પ્રેમથી કો' અભાવે, જ્ઞાનીને શો રોષ કે તોષ થાવે? ૨

જે રોકાયો ના મહાવીરથી યે, મિથ્યાવાદી શિષ્ય તેનો જમાલિ,
તો પાપીને રોકવા શક્તિ કોની?, તેથી ધારો આ ઉદાસીન ભાવો. ૩



પ્રશંસા કરે અને કોના પર ગુસ્સો કરે? ૩. ખુદ પરમાત્મા મહાવીરસ્વામી પણ પોતાના શિષ્ટ જમાલિને મિથ્યા પ્રરૂપણા કરતા રોકી ના શક્યા! તો પછી કોણ કોને પાપથી રોકી શકે? માટે ઉદાસીન-મધ્યસ્થ બની જવું એ જ હિતાવહ છે.

अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किम्, धर्मोद्योगं कारयेयुः प्रसह्य।
दद्युः शुद्धं किन्तु धर्मोपदेशम्, यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति॥ ४॥

तस्मादौदासीन्यपीयूषसारम्, वारं वारं हन्त सन्तो लिहन्तु।
आनन्दानामुत्तरङ्गरङ्गै-र्जीवद्भिर्यद् भुज्यते मुक्तिसौख्यम्॥ ५॥





૪. તીર્થંકર ભગવંતો અપ્રતિમ બળ ધરાવતા હોય છે. છતાંયે એઓ બળજબરીથી ધર્મપ્રવૃત્તિ કરાવતા નથી. પણ યથાર્થ ધર્મોનો ઉપદેશ જરૂર આપે છે. જો પ્રાણી એ ધર્મને સ્વીકારે તો ભવસાગરને સામે પાર પહોંચી શકે! **૫.** માટે હે

અર્હન્ દેવો શક્તિના ધોધ જે, તે ધર્મે જોડે કોઈને ના પરાણે
આપે સમ્યગ્ દેશના, જેહ માને, તે આ સંસારાબ્ધિનો પાર પામે. ૪

તેથી આ માધ્યસ્થ્ય પીયૂષ પીવો, જેથી જાગે શાશ્વતાનંદ દીવો,
જે ભવ્યાત્મા નિત્ય આ ભાવનાને ભાવે તે તો મુક્તિનો સ્વાદ માણે. ૫

સન્તપુરુષો. તમે ઉદાસીનતારૂપી અમૃતરસનું વારંવાર આસ્વાદન કરો. ઊછળતા અને ઊભરતા એ આનંદનાં મોજાંઓના સહારે પ્રાણી મુક્તિસુખને પામે છે.

# गेयाष्टक

(राग : यमन)

अनुभव विनय सदा सुखमनुभव, औदासीन्यमुदारं रे ।
कुशलसमागममागमसारम्, कामितफलमन्दारं रे ॥ अनुभव० ॥ १ ॥

परिहर परचिन्तापरिवारम् चिन्तय निजमविकारं रे ।
तव किं कोऽपि चिनोति करीरम्, चिनुतेऽन्यः सहकारं रे ॥ अनुभव० ॥ २ ॥

योऽपि न सहते हितमुपदेशम्, तदुपरि मा कुरु कोपं रे ।
निष्फलया किं परजनतप्त्या कुरुषे निजसुखलोपं रे ॥ अनुभव० ॥ ३ ॥

सुत्रमपास्य जडा भाषन्ते, केचन मतमुत्सूत्रं रे ।
किं कुर्मस्ते परिहृतपयसो, यदि पीयन्ते मूत्रं रे ॥ अनुभव० ॥ ४ ॥

**१:** હે વિનય! તું ઉદાર અને શ્રેષ્ઠ એવા ઉદાસીનતાના સુખનો સતત અનુભવ કર. ઉદાસીનભાવ પરમ કલ્યાણ માટે સંગતિ કરાવનાર છે. બધાં શાસ્ત્રોના સારભૂત અને ઇષ્ટ ફળને આપનાર એવા ઉદાસીનભાવનો અનુભવ કર. **૨:** પરચિંતાની આળપંપાળ છોડીને તું તારું અવિકારી આત્મસ્વરૂપનું ચિંતન કર. કોઈ કાંટાવાળા કેરડાને એકઠા કરે કે કોઈ વળી આંબા ભેગા કરે, તારે શું લેવાદેવા છે એની સાથે? **૩:** કોઈ જો તારી કહેલી હિતની વાત પર ધ્યાન નથી આપતો, તો એના

## ગેયાષ્ટક

(રાગ : મૈં કીનો નહિ તુમ બીન ઓર શું રાગ)

ભાવો... માધ્યસ્થ્ય ભાવ ઉદાર, કરવા ભવજલ પાર...

અનુભવ ચેતન સુખ અચલ એ સકલ સિદ્ધાંતનો સાર,
વંછિત પૂરે કલ્પતરુ સમ મુક્તિ મંદિર ધરનાર. ભાવો૦૧

પરિહર પર ચિન્તા, વિચારી નિજ સ્વરૂપ અવિકાર,
કેરડો પામે માત્ર જે બોલે, ઉદ્યમી લહે સહકાર. ભાવો૦૨

કોઈ સુણે ના હિત-ઉપદેશો, કોપ ન કરજે લગાર,
ક્રોધ કરીને નિષ્ફળ તે પર નિજ સુખને નવ હાર. ભાવો૦૩

ઉત્સૂત્ર વદતા, જડ કોઈ તજતા નિર્મળ શાસ્ત્રનાં નીર,
મૂત્ર પીવે કોઈ અમૃતને તજી, શું કરે એમાં સુધીર. ભાવો૦૪



પર ગુસ્સો ના કરીશ! પારકાની અર્થહીન પલોજણ કરીને તું શા માટે તારા આત્મસુખને ગુમાવે છે? ૪: કેટલાક જડબુદ્ધિના લોકો શાસ્ત્રોની વાતોને બાજુએ મૂકીને ખોટી વાતો કરે છે. શાસ્ત્રવિરુદ્ધ દલીલો કરે છે. કોઈ જો સરસ દૂધ છોડીને મૂત્ર પીવા તત્પર હોય તો આપણે શું કરવાના હતા?

|| १७० ||

पश्यसि किं न मनःपरिणामम्, निजनिजगत्यनुसारं रे ।
येन जनेन यथा भवितव्यम्, तद् भवता दुर्वारं रे ॥ अनुभव० ॥ ५ ॥

रमय हृदा हृदयङ्गमसमताम्, संवृणु मायाजालं रे ।
वृथा वहसि पुद्गलपरवशतामायुः परिमितकालं रे ॥ अनुभव० ॥ ६ ॥

अनुपमतीर्थमिदं स्मर चेतनमन्तःस्थितमभिरामं रे ।
विरतिभावविशदपरिणामम्, लभसे सुखमविरामं रे ॥ अनुभव० ॥ ७ ॥

परब्रह्मपरिणामनिदानम्, स्फुटकेवलविज्ञानं रे ।
विरचय विनय! विवेचितगानम्, शान्तसुधारसपानं रे ॥ अनुभव० ॥ ८ ॥

**૫:** 'જે માણસની જેવી ગતિ હોય એવી એની મતિ થાય છે.' આ વાત શું કેમ સમજી શકતો નથી! જે માણસનું જેવું ભાવિ હોય છે, એ બદલવું ખૂબ મુશ્કેલ છે! અશક્ય છે! **૬:** ચિત્તને આહ્લાદ આપનારી સમતાને હૃદયમાં રમતી કરીને માયાજાળને સંકેલી લે! તારું આયુષ્ય બહુ ઓછું છે. તું નાહક પરપુદ્ગલની ગુલામીમાં ગરીબ બને છે. **૭:** અનુપમ

મતિ પ્રમાણે ગતિ થાયે, જુઓ જગ નરનાર,
ટાળી શકે ના દુર્ગતિ કોઈ, કરો અશુભ પરિહાર. ભાવો૦૫

સમતા રાણી સંગે રમજો સંકેલી માયા જાલ,
વ્યર્થ તજો પુદ્ગલ-પરવશતા, આયુ પરિમિત કાલ. ભાવો૦૬

અંતર સ્થિત આ ચેતન અનુપમ સકલ તીરથનો સાર,
તેના શુભ પરિણામે પામો શાશ્વત સુખ મનોહાર. ભાવો૦૭

પરબ્રહ્મ પરિણામનું કારણ કેવલજ્ઞાન નિદાન,
વિનય ધરી સદ્ગુણ રસ ચાખો શાંત સુધારસ પાન. ભાવો૦૮

તીર્થ જેવા સ્મરણીય, શુદ્ધ ચેતનામય તારા ભીતરમાં જે બિરાજે છે, એને વારે વારે સ્મરણપથમાં લાવ. જેથી તને દીર્ઘ સમય સુધી સુખ મળી શકે! ૮: પરબ્રહ્મના પરમ સાધનારૂપ ઉદાસીન ભાવ કેવળજ્ઞાનનો ઉઘાડ કરે છે. એ મેળવવા વિનયવિજયજી દ્વારા રચિત આ શાન્ત-સુધારસનું તું અમૃતપાન કર!

# प्रशस्ति

स्रग्धरा

एवं सद्भावनाभिः सुरभितहृदयाः संशयातीतगीतो-
न्नीतस्फीतात्मत्त्वास्त्वत्वरितमपसरन्मोहनिद्राममत्वाः ।
गत्वा सत्त्वाममत्वातिशयमनुपमां चक्रिशक्राधिकानां-
सौख्यानां मङ्क्षु लक्ष्मीम्, परिचितविनयाः स्फारकीर्तिं श्रयन्ते ॥ १ ॥

दुर्ध्यानप्रेतपीडा प्रभवति न मनाक्काचिदद्वन्द्वसौख्य-
स्फातिः प्रीणाति चित्तं प्रसरति परितः सौख्यसौहित्यसिन्धुः ।
क्षीयन्ते रागरोषप्रभृतिरिपुभटाः, सिद्धिसाम्राज्यलक्ष्मीः,
स्याद्वश्या यन्महिम्ना विनयशुचिधियो भावनास्ताः श्रयध्वम् ॥ २ ॥

**૧**. આ રીતે સદ્ભાવનાઓથી સુવાસિત હૃદયવાળો આત્મા સંશયાતીત બનીને આત્મતત્ત્વના ચિંતનથી મોહ-નિદ્રા-મમત્વ વગેરેને તત્કાળ દૂર કરે છે. સત્ત્વવંત બનીને નિર્મમત્વભાવને ધારણ કરે છે. અનુપમ... અને સો સો ચક્રવર્તીઓના સુખ કરતાં પણ એના ભાવનાભાવિત મનનું સુખ વધુ હોય છે. એ સુખને ચારેબાજુ પ્રસારીને એ પોતાનો યશ ફેલાવે છે અને અંતે મોક્ષશ્રીને પ્રાપ્ત કરે છે. **૨**. જે ભાવનાના પ્રભાવથી દુર્ધ્યાન પીડા લગીરે પરેશાન કરતી નથી, જેના પ્રભાવથી

# પ્રશસ્તિ

સ્રગ્ધરા

એવં સદ્ભાવના આ સુરભિત હૃદયે ગાય જે સત્વવંતા,
સાધે ત્યાગી મમત્વો ત્વરિત સુગતિને આત્મ ઉત્થાન સંતો,
આત્મા તે ચક્રવર્તી સુરવરપદનાં ભોગ પાસે રસાળા,
ધારા લક્ષ્મી વરે તે પરિચિત વિનયે કીર્તિને મુક્તિમાળા. ૧

સેવો આ ભાવનાને ભવિજન મનથી શુદ્ધ જેના પ્રભાવે,
ના'વે દુર્ધ્યાન ચિત્તે, અસુખ ન ઉપજે પ્રેત પીડા ન થાવે,
પાવે આનંદ કેરી અનુપમ સરિતા રાગ ને દ્વેષ જાવે,
આવે સામ્રાજ્ય લક્ષ્મી સ્મિત વિનયધરી ગાન ગાતી સ્વભાવે. ૨



અનિર્વચનીય સુખની વૃદ્ધિંગત છોળો ચિત્તને પ્રસન્નતા આપે છે, તૃપ્તિનો દરિયો ચારેકોર લહેરાય છે, જેના પ્રતાપે રાગ, દ્વેષ વગેરે દુશ્મનો નષ્ટ થઈ જાય છે અને આત્મઋદ્ધિ સહજ રીતે પ્રાપ્ત થાય છે, એ વિનયથી નિર્મળ બુદ્ધિયુક્ત બનીને તમે એ ભાવનાઓનું ધ્યાન કરો!

पथ्या

श्रीहीरविजयसूरीश्वरशिष्यौ सोदारावभूतां द्वौ।
श्री सोमविजयवाचक वाचकवरकीर्तिविजयाख्यौ ॥ ३ ॥

गीति

तत्र च कीर्तिविजयवाचकशिष्योपाध्यायविनयविजयेन।
शान्तसुधारसनामा संदृब्धौ भावनाप्रबन्धोऽयम् ॥ ४ ॥

शिखिनयनसिन्धुशशिमितवर्षे हर्षेण गन्धपुरनगरे।
श्रीविजयप्रभसूरिप्रसादतो यत्न एष सफलोऽभूत् ॥ ५ ॥

૩. શ્રી હીરવિજયસૂરીશ્વરજીના બે શિષ્યો કે જે સગાભાઈ હતા એ શ્રી સોમવિજયજી વાચક અને વાચકકાર કીર્તિવજયજી!
૪. એમાં શ્રી કીર્તિવિજય વાચકના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ 'શાંત સુધારસ' નામનો આ ભાવના પ્રબંધ ગ્રંથ

पथ्या

શ્રી વિજય હીરસૂરીશ્વર શીષ્યદ્વય ગુરુભ્રાત પરસ્પર,
શ્રી સોમવિજય વાચકવર પ્રસિદ્ધ શ્રી કીર્તિવિજયવાચકવર. ૩

ગીતિ

તેમાં શ્રી કીર્તિ વિજયવાચક શિષ્યોપાધ્યાય વિનયવિજયથી
શાંત સુધારસ નામે આ પ્રબંધ રચના પ્રભાવના બની. ૪

શિખિ નયન સિન્ધુશશિ મિત વર્ષે હર્ષથી ગંધપુર નગરે,
શ્રી વિજયપ્રભસૂરિ પ્રસાદથી આ યત્ન સફલ સરસ થયો. ૫

રચ્યો છે. **૫**. વિક્રમ સંવત ૧૭૨૩માં ગંધપુર (ગંધાર) નગરમાં હર્ષ ભરપૂર હૃદયથી કરેલો આ પ્રયત્ન તત્કાલીન જૈનાચાર્ય શ્રી વિજયપ્રભસૂરીશ્વરજીના પ્રસાદથી સફળ થયો.

उपजाति

यथा विधु षोडशभिः कलाभिः सम्पूर्णतामेत्य जगत्पुनीते।
ग्रन्थस्तथा षोडशभिः प्रकाशैरयं समग्रैः शिवमातनोतु ॥ ६ ॥

इन्द्रवज्रा

यावज्जगत्येष सहस्रभानुः पीयूषभानुश्च सदोदयेते।
तावत्सतामेतदपि प्रमोदम्, ज्योतिः स्फुरद्वाङ्मयमातनोतु ॥ ७ ॥

६. જેમ ચંદ્રમા સોળે કળાએ ખીલીને સૃષ્ટિને આનંદ આપે છે એમ સોળ વિભાગોમાં વહેંચાયેલો આ ગ્રંથ પણ બધાનું કલ્યાણ કરનારો બનો. ૭. જ્યાં સુધી આ વિશ્વમાં સૂર્ય અને ચંદ્ર ઊગે છે ત્યાં સુધી સજ્જનોને આ **'શાંત સુધારસ'** ગ્રંથ મનપ્રસન્નતા આપતો રહેશે અને ચિત્તસ્થૈર્યની કેડી દેખાડતો રહેશે.

ઉપજાતિ

જ્યું ચંદ્રમા સોળ કળા ધરીને વર્ષે સુધા ને વસુધા હસે છે,
વિશ્વે તથા ષોડશ આ પ્રકાશો પ્રકાશ પામે શિવ હેતુ વાસો. ૬

ઇન્દ્રવજ્રા

આ જ્યાં સુધી સૂરજ ચંદ્ર વિશ્વે સુરમ્ય નિત્યોદયથી પ્રકાશે,
આ ત્યાં સુધી શાશ્વત શાસ્ત્ર રશ્મિ પ્રભા બને સજ્જન–ચિત્ત લક્ષ્મી. ૭

## અનુવાદક પ્રશસ્તિ

સ્રગ્ધરા

સ્વસ્તિ શ્રી સિદ્ધક્ષેત્રે પ્રથમ જિનપદે 'શાંતપીયૂષ' પાયા,
રાજ્યે શ્રી નેમિસૂરીશ્વર ગુરુવર જે 'સૂરિસમ્રાટ્' કહાયા.
પાટે શાસ્ત્રજ્ઞ સૂરીશ્વર અમૃતગુરુ પ્રજ્ઞ નેતા મનાયા,
રાજે શ્રી રામસૂરીશ્વર મમગુરુ જે શાન્તમૂર્તિ કહાયા.

વસંતતિલકા

અલ્પજ્ઞ શિષ્ય મુનિ સદ્ગુણ હસ્તહર્ષે, આ વેદ નેત્ર નભ નેત્ર વિશિષ્ટ વર્ષે,
ને આશ્વિને દશમ મંગલ શુક્લ પક્ષે, સંપૂર્ણ થાય રચના 'રસસિદ્ધિ' સ્પર્શે. ૮

અનુષ્ટુપ

ભવ્યનાં મંદિરો ગાજે, નિત્ય આ ભવ્ય દૃષ્ટિથી,
ચિત્તમાં દિવ્યતા વ્યાપે, આ 'સુધારસ' સૃષ્ટિથી. ૯

ઉપાધ્યાયશ્રી વિનયવિજય મહારાજ વિરચિત

# શાન્ત સુધારસ

## ગેય કાવ્ય

સમશ્લોકી પદ્યાનુવાદ

પં. શ્રી ભદ્રંકર વિજયજી શિષ્ય મુનિશ્રી ધુરંધર વિજયજી મહારાજ

## મંગલ

જામી મોહનિશા ઝરે દશ દિશા પંચાશ્રવો ના ઘને
છાયા કર્મલતાવનો, નિબિડ ત્યાં સંસારના કાનને,
ભૂલેલા જનને પથે લઈ જતી કારુણ્યથી ઓપતા...,
અર્હંતોની ગિરા સુધા ટપકતી રક્ષો તમોને સદા. ૧

## પીઠિકા

બુધ તણાં મનમાં પણ ભાવના, વિણ સ્ફુરે નહિ શાંત સુધારસ;
નથી જ મોહ વિષાદ વિષે ઠસ, જગતમાં જરીયે સુખ તે વિના. ૨

મનડું જો ભવમાં ભમતાં થયું, વિલખું, ને સુખ જો ધ્રુવ ઇચ્છતું
બુધ! સુણો, તવ ભાવનના રસ, થકી ભર્યું મુજ શાંત સુધારસ. ૩

ઉર ધરો! સુજનો! શુભભાવના, શ્રવણ પાવન બાર, અહીં યથા;
ગતિ રૂંધાઈ વિમોહથી જેહની, ઉગતી દિવ્યલતા સમતા તણી. ૪

આર્ત્તરૌદ્ર પરિણામ અગ્નિથી, જ્યાં વિવેકપટુતા બળી ગઈ,
ચિત્તમાં વિષયલોલુપો તણાં, કેમ અંકુર ફૂટે શમત્વ ના... ૫

વસંતતિલકા

જેના વિવેક અમીવૃષ્ટિ થકી સુરમ્ય,
સમ્યક્ શ્રુતે નિપુણ, આશ્રયને શ્રયે છે,
સદ્‌ભાવના સુરલતા, ન રહે કદીયે,
તેને અલૌકિક ફળો શમનાં અગમ્ય. ૬

અનુષ્ટુપ

અનિત્ય, અશરણતા, ભવ, એકત્વ, અન્યતા;
અશૌચ, આશ્રવ, આત્મન્! ભાવ, સંવરભાવના ૭

નિર્જરા, ધર્મ ને, લોકસ્વરૂપ, બોધિદુર્લભ,
ભાવતો ભાવના બાર, ભવથી તું મૂકાઈશ! ૮

## ૧
## અનિત્ય ભાવના

॥ પુષ્પિતાગ્રા ॥

ચલ જલદ વિલાસ જેમ એહ, અતિ અતિભંગુર છે મનુષ્યદેહ;
ખિણ વિણસત યૌવન છક્યો તે, ક્યમ બનતો બુધને મહોદયાર્થે! ૧

॥ શાર્દૂલવિક્રીડિત ॥

આયુ વાયુતરંગ જેવું ચલ છે, સંપત્તિ છે આપદા,
સંધ્યારંગ સમા વિનાશી વિષયો છે ઇંદ્રિયોના બધા;
ને સ્વપ્નો વળી ઇન્દ્રજાળ સરખાં સંજોગ સૌ સ્નેહિના,
રે! આલંબન હર્ષનું સુજનને સંસારમાં ક્યાંય ના. ૨

આહિં ભાઈ, પ્રભાતમાં જડ અને ચૈતન્યના ભાવ જે,
જોયા ઉજ્જ્વળ, સૌનું હૈયું ભરતા હર્ષે સ્વયં રમ્ય તે –
પામે નાશ વિપાકથી વિરસ, તે દહાડે જ જોઉં છતાં,
રાચે પાપ હણાયું મારું મન હા! સંસારના પ્રેમમાં. ૩

## ગીત

રાગ રામગિરિ

*મૂઢ, તું મુંઝ મા! મૂઢ, તું મુંઝ મા!,*
*ચિંતવી વિભવ - પરિવાર - ગેહ;*
*વાયુકંપિત તૃણે ઉદકબિંદુ જિસ્યું,*
*વિનય, તું જાણજે જીવિત એહ... મૂઢ! તું ૧*

*પેખ, નશ્વર સદા, વિષયસુખ મિત્રતા,*
*જોતજોતાં જતી હાસ્ય સાથે,*
*એહ સંસાર છે ક્ષણિક જિમ એક પળ,*
*ઝળહળે વીજથી મેઘ માથે... મૂઢ! તું ૨*

*દુષ્ટ યૌવન ખરે શ્વાન લાંગુલ પરે -,*
*કુતિલ અતિ, તેય ઝટ નષ્ટ થાવે;*
*તેથી પરનારને વશ પડ્યા અધમ હા!*
*અહીં કર્યું કડવું ના કષ્ટ પાવે? ...મૂઢ! તું ૩*

*વિશ્વ દુર્જય જરા, પી જતી બળ ખરાં,*
*દેહ આ લડથડી જાય સારો;*
*તોય જીવોનું નિર્લજ્જ દુર્બુદ્ધિ મન,*
*ના તજે ત્યાજ્ય મન્મથવિકારો... મૂઢ! તું ૪*

સુખ અનુત્તર સુધીનું અતિ શ્રેષ્ઠ જે,
કાળથી તેય પામે વિનાશ;
તો પછી અન્ય, કઈ વસ્તુ સંસારની–,
સ્થિર થતી, તે તું મનમાં વિનાશ!... મૂઢ! તું ૫

જેની સાથે રમ્યા, જેમને બહુ નમ્યા,
જેની સાથે કર્યા પ્રીતિવાદ–,
તેમની દેખીએ ભસ્મ તોયે છીએ–,
સ્વસ્થ, હા! ધિક્ અમારો પ્રમાદ... મૂઢ! તું ૬

સિંધુની ઊર્મિ જ્યમ, વળી વળી લય ઉગમ,
સજીવ નિર્જીવ સહુ ભાવ પાવે,
ઇન્દ્રજાળની સમા સ્વજન ધન સંગમાં
રાચતા મૂઢ જન શાય ભાવે!... મૂઢ! તું ૭

તૃપ્ત ના થાય રે, ત્રસ અને સ્થાવરે
જગતને નિત્ય ગળતો કૃતાંત,
વક્ત્રગત જે ગળે તાસ હાથે ચડી
આપણે કેમ નહિ લેશું અંત?... મૂઢ! તું ૮

એક શાશ્વત ચિદાનંદમય આત્મનું
ધ્યાવતો રૂપ સુખ અનુભવું હું,
પ્રશમરસ અમૃતના પાનઉત્સવ સદા-
હો, અહીં સજ્જનોને હું ચાહું... મૂઢ! તું ૯

## ૨
# અશરણ ભાવના

॥ શાર્દૂલવિક્રીડિત ॥

જે જીતી ષટખંડભૂમિ બળથી ચક્રીપણે રાજતા!
ને અત્યંત બલિષ્ઠ દેવગણ જે આનંદથી ગાજતા!
રે, તેઓ પણ મૃત્યુના મુખ તણી દાઢે દળાતા કરે –
દૃષ્ટિ હીન બની દશે દિશ મહીં કોઈ બચાવે અરે! ૧

॥ સ્વાગતા ॥

ત્યાં સુધી જ મદમાં વિલસે છે! ત્યાં સુધી જ ગુણથી હુલસે છે!
જ્યાં સુધી મનુજકીટ બિચારે-, રક્તનેત્ર જમડે ન નિહાળ્યો! ૨

॥ શિખરિણી ॥

થયું ઝાંખું તેજ પ્રજળતું, પ્રતાપે ય વિણસ્યો,
ગયા ઉદ્યોગો ને ધીરજ બળિયો દેહ કથળ્યો!
સગા ઝૂઝે તેનું ધન લઈ જવા ખૂબ ઝગડી,
મનુષ્યોને જ્યારે જમ નિજ કને જાય ઘસડી. ૩

## ગીત

રાગ મારૂણી

સ્વજનો પણ જે બહુ હિતકારી, પ્રીતિરસે મનહારી!
તેને પણ ના કોઈ બચાવે, મરણદશા જબ આવે.
વિનય, તું સાધજે રે, શ્રી જિનધર્મનું શરણું!
હૃદયે સાંધજે રે, શુભ સંયમનું શમણું! ૧

અશ્વાદિક સૈન્યે પરિવરિયા, નરપતિ જે બહુ બળિયા!
જમથી તેય હરાય બિચારા,
મીન જિમ માછી દ્વારા... વિનય... તું. ૨

પેસે જો વજ્જરના ગૃહમાં, તૃણ લ્યે અથવા મુંહમાં!
જમડો દુષ્ટ ન તોયે છોડે,
નિર્દય નૃત્યની દોડે... વિનય ...તું. ૩

વિદ્યા-મંત્ર ઔષધિઓ સેવો, જેને વશ છે દેવો;
ખાવ, રસાયણ બળ બહુ દેતું,
તોય ન મૃત્યુ રે'તું... વિનય... તું. ૪

વપુમાં બહુદિન વાયુ રૂંધે! સાગરના જલ વીંધે,
ગિરિના શિખરે વેગે ચડતો,
તો ય જરાથી જરતો... વિનય... તું. ૫

કરતું જે કાળા વાંકડિયા, કેશના ધોળા પળીયા;
કોણ તે નીરસ કરતા નરને,
રોકી શકે ઘડપણને?... વિનય... તું. ૬

ઉગ્રરોગથી તન ઘેરાતું, કોઈ ન ભેરૂ થાતું!
ગ્રહણે વિધુ એકાકી થાવે,
કોઈ ન ભાગ પડાવે!... વિનય... તું. ૭

શરણ એક ચતુરંગ ગ્રહીને! મમતા સંગ દહીને,
વિનયે શિવના સુખને દેતું,
શમનું અમૃત પી તું... વિનય... તું. ૮

# ૩
# સંસાર ભાવના

॥ શિખરિણી ॥

અહીં સંતાપે છે અખૂટ દવ શો લોભ વધતો,
કહીં જે લાભોના જળથી જરીયે નૈવ શમતો;
અહીં તૃષ્ણા પીડે મૃગજળ સમી વ્યર્થ સુખની,
નચિંતા શેં રે'વું બહુ ભર્યાભર્યા આ ભવનને. ૧

ટળે ચિંતા પ્હેલી તુરત અધિકી તેથી ઉપજે,
ત્રિયોગોની ઇચ્છા વિકૃતિ-રતિ રોષાદિક રજે,
થતું પીડાઓનું શમન નવ કેમે ડગ ડગે,
ફસાતા જીવોને વિપદભમરીમાં અહીં જગે. ૨

સહીને પીડાઓ અશુચિ જનનીના જઠરમાં,
પછી કષ્ટે પામી જનમ સહતો દુઃખ વસમાં,
સુખોના આભાસે શમન કરતો દુઃખ તણું જ્યાં,
ગ્રસી લેતી તેનું યમસખિ જરા રમ્ય તનુ ત્યાં. ૩

॥ ઉપજાતિ ॥

પ્રાણી તનુ પિંજરમાં રૂંધાયો, પક્ષી પરે ખૂબ ભમે મૂંઝાયો;
પ્રેર્યો અદૃષ્ટે, દૃઢ કર્મતંતુએ, બાંધ્યો, સમીપે જસ મૃત્યુ મીંદડો. ૪

॥ અનુષ્ટુપ ॥

અનંતાનંત રૂપો લૈ, અનાદિ ભવસાગરે,
અનંતા પુદ્‌ગલાવર્તો, અનંતીવાર એ ફરે. ૫

## ગીત

રાગ કેદાર

જન્મ મરણાદિથી ત્રાસતો, સમજ! સંસાર અતિઘોર રે;
જ્યાં સદા વિપદમાં પાડતો, ગ્રહી ગળે મોહરિપુ જોર રે. જન્મ૦ ૧

સ્વજન પુત્રાદિના સ્નેહથી, મૂઢ, તું વ્યર્થ મૂંઝાય રે;
પળપળે અવનવા અનુભવે, પરિભવે ખિન્ન અસહાય રે. જન્મ૦ ૨

મદ કરે ક્યાંક ઉન્નતિ તણા, ક્યાંક પડતી થકી દીન રે;
ભવભવે રૂપ તે જૂજવાં, તું ધરે કર્મ આધીન રે. જન્મ૦ ૩

ક્વચિત થઈ બાળ પરવશ પડે, ક્વચિત યૌવન મદે મસ્ત રે;
ક્વચિત ઘડપણ થકી પાંગળો, ક્વચિત પકડાય યમહસ્ત રે. જન્મ૦ ૪

તાત પણ થાય છે પુત્ર ને, પુત્ર પણ થાય છે તાત રે;
ભાવતા વિકૃતિ ઇમ ભવ તણી, તજ તું તેને ભલા ભ્રાત રે. જન્મ૦ ૫

જીવ, તુજને સદા જ્યાં દહે, દુઃખ ચિંતાદિની આગ રે;
રાચતો ત્યાં જ હા! નિત છકી, મોહમદિરા તણે લાગ રે. જન્મ૦ ૬

કૈંક સુખ લેશ દેખાડતો, તે જ લઈ લેત તતકાળ રે;
કાળબટુ આ અહિં જ લોકને, નિત ઠગે જેમ લઘુબાળ રે. જન્મ૦ ૭

ભવ તણી ભીતિને જે હણે, તે જિનવચન મન ધાર રે'
પાન સમતાસુધાનું કરી, વિનય! તું પામ શિવ સાર રે. જન્મ૦ ૮

૪

# એકત્વ ભાવના

॥ સ્વાગતા ॥

એકલો જ નિત છે વિભુ આત્મા, જ્ઞાનદર્શન મહિં રમતો આ,
સર્વ અન્ય મનકલ્પિત રે! આ, વ્યર્થ વ્યાકુળ કરે મમતા હો! ૧

॥ પ્રબોધતા ॥

અબુઝો પરની જ લાલસા, રૂપ અજ્ઞાનદશામહીં ફસ્યા!
મમતા પરવસ્તુમાં કરે, વિષયોમાં થઈ લુબ્ધ હાય રે! ૨

બુધને પરનારમાં યથા, દયિતા બુદ્ધિથી થાય આપદા!
બહુલાં ભય-દુઃખ આપતી, મમતા તેમ પરાયી વસ્તુની! ૩

પડદો પરભાવનો મના! મુજ વીંટ્યો હમણાં હટાવને!
ફરસો, નિજભાવ ચંદન, દ્રુમની વા'લહરી જરી મને! ૪

॥ અનુષ્ટુપ ॥

જીવ, તું ભાવ! એકત્વ ભાવના સમતાભરી,
ને નમિરાજની જેમ, પરમાનંદ પામ રી! ૫

## ગીત

### રાગ પરજીયા

વિનય, ચિંતવ! તત્ત્વ સાચું, કોણ કોનું છે અહીં?
પાપ કર્યું તેને નડે જે, આવું સમજે મનમહીં? વિનય૦ ૧

એકલો જીવ જન્મતો ને, એકલો જ મરી જતો;
કર્મ બાંધે એકલો ને, એકલો ફળ ચાખતો? વિનય૦ ૨

જેમ બહુ ભારે ભરેલું, નાવ સાગરમાં બુડે;
તેમ પરિગ્રહ મમત ભારે, ભર્યો જીવ નીચે પડે. વિનય૦ ૩

મદ્ય પી નિજ ભાન ભૂલી, ભોંય ટળી આળોટતો;
પેખજો! પરભાવને વશ, કેવું કેવું વર્તતો? વિનય૦ ૪

જુઓ! કંચન મૃત્તિકામાં, મળી કેવું થઈ જતું!
શુદ્ધ કંચનનું સ્વરૂપ તો, છે તમોને જાણીતું! વિનય૦ ૫

એમ આત્મા કર્મને વશ, રૂપ બહુવિધ ધારતો,
તે જ કર્મથી મુક્ત થઈને, સ્વર્ણની સમ ભાસતો. વિનય૦ ૬

જ્ઞાનદર્શન ને ચરણથી, પરિવર્યો પરમેશ્વર;
એકલો અનુભવસદનમાં, તે રમો અવિનશ્વર. વિનય૦ ૭

મધુર સમતાસુધાને તું, હર્ષથી આસ્વાદજે!
પામજે સુખની રતિ તે, વિનય! વિષયાતીત જે! વિનય૦ ૮

## ૫
## અન્યત્વ ભાવના

॥ ઉપજાતિ ॥

પેઠો પરાયો કરતો વિનાશ, લોકોક્તિ આ જુઠ્ઠી નથી જ સ્હેજે,
કર્માણુઓએ જીવમાં પ્રવેશ, કરી શું? શું? કષ્ટ ન દીધું એને? ૧

॥ સ્વાગતા ॥

પીડ લૈ, તું પરની શું સદાને, ખિન્ન થાય? વશ થૈ મમતાને;
કેમ ચેતન! કદીય તું તારા, ચિંતવે ન ગુણરત્ન અનેરા? ૨

॥ શાર્દૂલવિક્રીડિત ॥

જેને મેળવવા મથે, હરખતો જ્યાં, જેહથી તું ડરે,
જેને ચિંતવતો, ઉરે તલખતો, જે પામી પ્રીતિ ધરે;
જ્યાં રાચી નિજનો સ્વભાવ વિમળો, ભૂલી નકામું બકે!
તે છે સર્વ પરાયું તારું ભગવન્ આત્મન્! નથી કાંઈ કે. ૩

બૂરી કષ્ટ કદર્થના કઈ ન તે સંસારમાં તેં સહી,
નર્કોમાં-પશુયોનિમાં વળી વળી છેદ્યો જ ભેદ્યો હણી;
તોફાનો પરનાં બધાંય વિસરી તે ત્યાં જ તું રાચતો,
મુંઝાતો મૂઢ! તેમને જ ભજતો ના કેમ તું લાજતો? ૪

॥ અનુષ્ટુપ ॥

જ્ઞાન-દર્શન-ચારિત્ર-રૂપ તે ચેતના વિના;
પરાયું સર્વ જાણી સ્વ-હિતમાં ઉદ્યમી તું થા! ૫

ગીત

રાગ શ્રી

વિનય, નિહાળો નિજ ઘરને!
દેહ પુત્ર સગામાં તારું શું! જે રક્ષે દુર્ગતિથી તને! વિનય૦ ૧

જેની સાથે મોહથી સાધી, હું આ એમ અભેદ;
તે અતિચંચળ દેહલડી પણ, તજે તને આપી બહુ ખેદ. વિનય૦ ૨

જન્મે-જન્મે વિવિધ પરિગ્રહ, ઘણાં કુટુંબ કરે તું;
તેમાંથી પરભવ જાતાં તને, ફોતરું ય ના અનુસરતું. વિનય૦ ૩

મમતા-ખેદનું કારણ પરના, સ્નેહવિકારો તજ તું!
નિ:સંગતતાથી નિર્મળ મધુરા, અનુભવ-સુખરસને ભજ તું! વિનય૦ ૪

કોણ વિવિધ પથના પથિકોને, ચાહે પંથે પંથે?
નિજનિજ કર્મોને વશ સ્વજનો-સાથે મમતા શું ગૂંથે? વિનય૦ ૫

પ્રેમરહિત પર પ્રેમ ધરે તે, બહુ સંતાપને સહતો,
તુજ પર પ્રેમરહિત પુદ્ગલની, ફોગટ મમતા શું વહતો? વિનય૦ ૬

તજ, સંયોગ વિયોગ સ્વરૂપી, કર, તું નિર્મલ ચિત્ત;
મૃગતૃષ્ણા જલ કેરા પાને, તરસ ન છીપે કેમે મિત્ત! વિનય૦ ૭

દીનબંધુ જિનવરને ભજ! એ શિવનો સરળ ઉપાય;
વમન હરતી રોગ શમંતી, શાંત સુધા પીઓ! નિરપાય. વિનય૦ ૮

## ૬
# અશુચિ ભાવના

॥ શાર્દૂલવિક્રીડિત ॥

કાણો મદ્યવિલિપ્ત મદ્યઘડુલો, જ્યાં મદ્યબિંદુ ઝરે,
માંજ્યો શુદ્ધમટોડીથી, બહુ અને ધોયો ય ગંગાજળે;
ચોકખો થાય ન જેમ, તેમ નરથી કાયા થતી ના શુચિ,
ગંધાતા મળ-મૂત્ર-હાડ-ચરબી ને મેલની ખાણ શી. ૧

॥ મંદાક્રાન્તા ॥

ન્હાયા તોયે વળી વળી કરે સ્નાન ચોક્ખા જળેથી,
વારે વારે મલિન તનુને ચર્ચતા ચંદનેથી;
મૂઢાત્માઓ નિરમળ અમે પામતા પ્રીતિ એમ,
ના જાણે હા! તન-ઉકરડો શુદ્ધ આ થાય કેમ? ૨

॥ શાર્દૂલવિક્રીડિત ॥

સંસ્કાર્યું કપૂરાદિથી લસણ ના તોયે સુગંધિ બને,
પોષ્યો દુર્જન જન્મથી પણ છતાં પામે ન સૌજન્યને;
મેલો દેહ મનુષ્યનો મલિનતા ન મૂકતો તેમ આ,
ચોળો તેલ, કરો સુપુષ્ટ, સજીએ શૃંગારથી તોય હા! ૩

॥ ઉપજાતિ ॥

સંસર્ગ જેનો લહીને તુરંત, ચોકખા પદાર્થોય બને અશુદ્ધ;
તે મેલની ખાણ સમા શરીરમાં, ચોકખાઈનો મોહ અહો અપૂર્વ ૪

॥ સ્વાગતા ॥

એમ જાણી શુચિવાદ અતથ્ય, વિશ્વમાં ઇક પવિત્ર ને પથ્ય;
સર્વદોષ મળને હરનારા, ધર્મને જ હૃદયે ધર, પ્યારા! ૫

ગીત

રાગ આશાવરી

ચિંતવ રે, તનુ આ અતિમેલું! ખોલ વિનય ઉરપદ્મ બીડેલું,
વિભુ શિવ એક વિવેક નિધાન, પાવન આતમનું ધર ધ્યાન! ચિંતવ રે ૧

દંપતિ રજવીરજ વિરચાઈ, સારી હોય શું આ મળખાઈ?
બહુ ઢાંક્યો તોય ગંદુ ઝરતા, આ મળકૂએ પ્રેમ શું ધરતા? ચિંતવ રે ૨

કર્પૂરવાસિત તાંબૂલ ચાવે, મુખને સુરભિત કરતા ભાવે;
પણ લાળે ગંદુ દુર્ગંધિ, મુખ રહે કેતો કાળ સુગંધિ? ચિંતવ રે ૩

ગંદો વાયુ અંદર ફરતો, ના રોકાતો જ્યાંથી સરતો;
તે તનુ સૂંઘે વારે વારે, બુધજન હસતા તુજ આચારે. ચિંતવ રે ૪

બાર અને નવ છિદ્ર જ્યાં ઝમતા, બહુ અશુચિને નિત ન વિરમતા;
તે વપુને તું માને પવિત્ર, માનું તે તુજ નવલ ચરિત્ર! ચિંતવ રે ૫

ખાધું સંસ્કૃત સ્વાદુ અન્ન, થાય જુગુપ્સિત જગમાં હન્ન!
પીધું પય પણ ગાયનું મીઠું; થાતું નિંદિત મૂત્ર અનીઠું. ચિંતવ રે ૬

કેવળ મળના ઢગલા ધરતા, શુચિ ભોજનને અશુચિ કરતા;
આ વપુમાં છે એક જ સાર, શિવસાધન સામર્થ્ય ઉદાર! ચિંતવ રે ૭

પુણ્યલભ્ય આ જેણે દીપતું, તે ચેતન, ચાતુરી ચિંતવ તું!
સકલ આગમનો થઈને જાણ; કર, તું શાંત સુધારસ પાન! ચિંતવ રે ૮

# ૭
# આસ્રવ ભાવના

॥ ભુજંગપ્રયાત ॥

બધી બાજુએથી પડંતા ઝરાઓ થકી જેમ જલ્દી ભરાતાં તળાવો;
ભર્યા પાપથી આશ્રવે જીવ એમ, બને આકુળા ચંચળા મ્લાન તેમ... ૧

॥ શાર્દૂલવિક્રીડિત ॥

જ્યાં હું કાંઈક ભોગવી બળ થકી ખંખેરું કર્મો જરી,
ત્યાં તો આશ્રવશત્રુઓ પળ-પળે સિંચંત કર્મો વળી;
હા! હા! આશ્રવશત્રુઓ ક્યમ કરી તે રોકવા શક્ય છે?...
શી રીતે અતિ ભીમ આ ભવ થકી ને મુક્તિ મારી થશે?... ૨

॥ પ્રહર્ષિણી ॥

૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય ૪. યોગ નામે,
એ ચારેય અશુભ આશ્રવો કહ્યા છે,
કર્મોને પ્રતિપળ એહથી ઉપાર્જી,
સંસારે ભ્રમવશ પ્રાણિઓ ભમે છે... ૩

॥ રથોદ્ધતા ॥

પાંચ ઇન્દ્રિય, કષાય ચાર ને, પાંચ અવ્રત, કુયોગ ને ત્રણે,
ને પચીશ અશુભક્રિયા મળ્યા, બાર-ત્રીશ પણ આશ્રવો કહ્યા... ૪

॥ ઇંદ્રવજ્રા ॥

એ આશ્રવો કેરું સ્વરૂપ જાણી, શાસ્ત્રો ભણી થૈ દઢ સત્ત્વશાળી,
જલ્દી કરો, તે સહુનો નિરોધ, જેથી શમે જીવ, બધા વિરોધ... ૫

ગીત

રાગ ધનાશ્રી

ભવિજન, ભાવે રે આશ્રવ પરિહરો! સમતાગુણ ઉર આણિ,
કરતા એહ રે બહુ ઉછાંછળા, આતમગુણની રે હાણિ. ભવિજન૰ ૧

કુગુરુને યોગે રે કુમતિએ ખેંચીયા, મૂકી શિવપુર પંથ,
દોડે જાવા રે શિવથી વેગળા, દુષ્ટ ક્રિયા કરી હંત! ભવિજન૰ ૨

અવિરત જીવો રે વિષયને વશ બની, કર્મવિપાક તણાં,
ઇહ પરલોકે રે અતિ કષ્ટે ભર્યાં, સહેતા દુઃખ ઘણાં. ભવિજન૰ ૩

ગજ-મછ-ભમરા રે શલભ-મૃગાદિકા, વિષયરસે થઈ લીન,
તાસ વિપાકે રે વિવિધ પ્રકારની, પામે વેદન દીન. ભવિજન૦ ૪

ઉગ્ર કષાયી રે વિષયને વશ પડ્યા, ઘોર નરક માંહિં જાય,
વાર અનંતી રે જન્મ-જરાદિના, ચક્કરમાં કચરાય. ભવિજન૦ ૫

મન-વચ-કાયે રે ચંચળ, ચીકણી પાપરજે લેપાય,
તેથી પહેલાં રે આશ્રવ જીતવા, યત્ન કરો સઘળાય. ભવિજન૦ ૬

ચોક્ખા યોગો રે જો કે શ્રમણને, બંધાવે શુભ કર્મ,
તો પણ જાણે રે બેડી હેમની, તે હણતા શિવશર્મ. ભવિજન૦ ૭

આનંદો! એમ પાપાશ્રવ તણા, રોધમહીં મતિવંત,
શાંત સુધારસ કેરા પાનને, વિનય તું નિત્ય કરંત. ભવિજન૦ ૮

૮

## સંવર ભાવના

॥ સ્વાગત ॥

જેહ જેહ કરતા સદુપાય, રોધ આશ્રવ તણો ઝટ થાય,
આદરો, વિનયમાં મન ધારી, તેહ તેહ ઉરમાંહી વિચારી! ૧

સંયમે અવિરતિ-વિષયોને, દર્શનેથી અસદાગ્રહિતાને,
ધ્યાન આર્ત્ત વળી રૌદ્ર તું રોજ, ચિત્તને સ્થિર કરી ઝટ રોક. ૨

॥ શાલિની ॥

મારો ગુસ્સો-માન ને તેમ માયા, શસ્ત્રે ક્ષાંતિ નમ્રતા ઋજુતાના!
સિંધુ જેવો રૌદ્ર તે લોભ રૂંધ, બાંધી ઊંચો ખૂબ સંતોષ-બંધ! ૩

॥ સ્વાગતા ॥

ગુપ્તિથી ત્રણથી તેમ અજેય, જીતતો અશુભયોગ ત્રણેય,
શુદ્ધ સંવરપથે ચડ ભવ્ય! પામશો, હિત અકલ્પિત દિવ્ય. ૪

॥ મંદાક્રાંતા ॥

રૂંધી દૈને વિમલ હૃદયે આશ્રવોરૂપ નાળાં,
શ્રદ્ધા કેરા ધવલ સઢને સુપ્રતિષ્ઠાનવાળા,
સદ્દ્યોગોના પ્રબળ પવને પ્રેરિયા જીવપોત,
પ્હોંચે મુક્તિપુર ઝટ તરી તે ભવામ્ભોધિ સોત! ૫

ગીત

રાગ નટ

*શિવસુખનાં સાધન સાંભળ તું!*
*સાંભળ તું રે! સાંભળ તું રે... શિવસુખનાં સાધન સાંભળ તું,*
જ્ઞાનાદિક રત્નત્રયીનું કર, આરાધન અતિ સુંદર તું.. શિવ૦ ૧

વિષય વિકારો દૂર કરીને ક્રોધ-માનને પરિહર તું,
જીતી માયા-લોભ રમતમાં, અકષાયી સંયમ વર તું. શિવ૦ ૨

ઘૂંટ હૃદયમાં ઉપશમરસ જે, રોષ–અગનમાં જલધર તું,
લાવી લાવી વિનય હૃદયમાં, પરમ વિરાગદશા ધર તું. શિવ૦ ૩

આર્ત રૌદ્રને વાળીઝૂડી, વિકલ્પજાળે કર બળતું,
તત્ત્વવેદીનો મારગ જાણી, મન મારગને સંવર તું. શિવ૦ ૪

સંયમ યોગે શુદ્ધ કરી મન, કાયાનું કર મંગળ તું,
વિવિધ મતોથી ગીચ જગતમાં, શુદ્ધ સરલ પથ આદર તું. શિવ૦ ૫

ગુણના વૃંદ ધરંતાં નિર્મળ, બ્રહ્મવ્રતને આચર તું,
ગુરુમુખથી ખરતાં વચનોને શુચિરત્નો જિમ સંઘર તું. શિવ૦ ૬

સંયમશાસ્ત્ર કુસુમ રસ ગંધે, અધ્યવસાયોને ભર તું,
જ્ઞાન-ચરણ ગુણમય લક્ષણથી, ચેતનથી ઓળખ કર તું. શિવ૦ ૭

જિનચરિતો ગાવાથી પાવન, જીભે મુખને અલંકર તું,
વિનયે શાંત સુધારસ પીને, આનંદે રહેજે ચિર તું. શિવ૦ ૮

## ૯
# નિર્જરા ભાવના

॥ ઇંદ્રવજ્રા ॥

જે નિર્જરાને કહી બાર ભેદે, છે બાર ભેદે તપ ધર્મ તેણે,
ભેદો પડ્યા કારણ ભેદથી એ, તે મૂળ તો એક જ ભેદની છે! ૧

॥ અનુષ્ટુપ ॥

કાષ્ઠ-પાષાણ ઇત્યાદિ, પ્રભેદોથી નિદાનના,
એકરૂપ છતાં વહ્નિ, સ્વરૂપો ધારતો ઘણાં! ૨

તપના ભેદથી તેમ, નિર્જરા ભેદ બાર છે,
કર્મક્ષય સ્વરૂપે તે, વસ્તુતઃ એકરૂપ છે. ૩

॥ ઉપજાતિ ॥

ભવો ભવોના અતિચીકણા ને, પહાડ શા દુર્ધર કર્મપુંજ,
જે વજ્રની જેમ તુરંત ભેદે, અપૂર્વ તે હું તપને નમું છું. ૪

અઘોરકર્મી બહુ પાપિયાએ, જેણે હણી પાતિક મુક્તિ પામે,
દૃઢપ્રહારી જ્યમ શીઘ્ર થાય, પ્રભાવ તે આ તપના કહાય? ૫

સુવર્ણનું શુદ્ધ સ્વરૂપ જેમ, ખુલ્લું કરે અગ્નિ જ્વલંત તેમ,
દૂરે કરી આત્મની કર્મધૂળ, જ્યોતિ ઉઘાડે તપ આ અમૂલ. ૬

॥ સ્રગ્ધરા ॥

બાહ્યાંતર બેય ભેદે વિપુલ, સુદૃઢ થૈ ભાવના જોશથી જે,
જીતાડે સર્વ વૈરી ભરત નૃપ પરે બાહ્ય ને માંહ્યલા તે,
જેનાથી ઋદ્ધિવંતી સવિ પ્રગટ થતી લબ્ધિ ને સિદ્ધિ સદ્ય
ને મુક્તિ સ્વર્ગ દેતો ઝટ નિત તપ તે વંદુ હું વિશ્વવંદ્ય. ૭

ગીત

રાગ સારંગ

વિનય, તું તપનો મહિમા જાણ!
ભવ ભવ સંચિત પાપો જેણે, પામે જલ્દી હાણ... વિનય૦ ૧

ગાઢાં વાદળ પણ જ્યમ ઝંઝાવાતે ઝટ વિખરાય;
તેમ દુરિતની શ્રેણિ તપથી, ક્ષણમાં નાશી જાય... વિનય૦ ૨

આઘેથી પણ ઈચ્છિત આણે, રિપુને કરે વયસ્ય,
તપ તે આદર નિર્મળ ભાવે, જે આગમનું રહસ્ય... વિનય૦ ૩

અણસણ-ઉણોદરી ને વૃત્તિ, હ્રાસ ને રસપરિહાર,
સંલીનતાને કાય કલેશ એ, તપ છે બાહ્ય ઉદાર... વિનય૦ ૪

પ્રાયશ્ચિત ને વૈયાવચ્ચ વળી, વિનય તેમ સ્વાધ્યાય,
કાઉસ્સગ્ગ ને શુદ્ધ ધ્યાન એ, આભ્યંતર તપ ભાય... વિનય૦ ૫

તાપ શમાવે પાપ ગમાવે, માનસ હંસ રમાવે;
ગાઢો મોહ હરે તપ કરતાં; નિરાશંસ શુભભાવે... વિનય૦ ૬

સંયમ લક્ષ્મીનું કામણ, ઉજ્જ્વળ-શિવસુખ કેરો કોલ!;
વળી વળી એ તપ આરાધો જે, ચિંતામણી જ્યું અમોલ!... વિનય૦ ૭

કર્મરોગના ઔષધ તપનું, જિને કહ્યું અનુપાન,
સુખનું નિધિસમ શાંતસુધારસ, તેનું કર તું પાન!... વિનય૦ ૮

# ૧૦
# ધર્મ ભાવના

॥ ઉપજાતિ ॥

જે ધર્મ દાનાદિક ચાર ભેદે કહ્યો જગદ્‌બંધુ જિનેશ્વરોએ,!
રે વિશ્વ કેરા ઉપકાર માટે, રમો અમારા મનમાં સદા તે! ૧

સત્ય-ક્ષમા-માર્દવ-શૌચ-મુક્તિ નિ:સંગતા-આર્જવ-બ્રહ્મશુદ્ધિ,
ને સંયમકિંચનતાથી યુક્ત, દશ પ્રકારે યતિધર્મ ઉક્ત. ૨

જેના પ્રભાવે શશિ-સૂર ઊગે, સદા અહીં વિશ્વ ભલાઈ કાજે,
આવી વળી વાદળવૃંદ કાળે, ઠારે તપેલી ધરતી ઉનાળે. ૩

અત્યંત ઊંચા જળના ઉછાળે, જે પૃથ્વીને સાગર ના ડૂબાડે,
ને વ્યાઘ્ર-દાવાદિ કરે ન નાશ, છે ધર્મનો એ સઘળો વિલાસ! ૪

॥ શાર્દૂલવિક્રીડિત ॥

જ્યારે માત-પિતા-સુતાદિક સગા કલ્યાણકારી મટે,
સેના દીન બને, ધનુષ ચપળ, આ શક્તિ ભૂજાની ઘટે,
તેવાએ કઠિણાઈના સમયમાં અંગો સજી બખ્તરે,
ઉભો સજ્જન ધર્મ સર્વજગની રક્ષા મહીં સજ્જ રે! ૫

જેની દિવ્ય કૃપા થકી જગ કરે કલ્લોલ સૌ જીવનું,
જે આહીં પરલોકમાં હિત વહે વાંછા બધી પૂરતો;
પીડા સર્વ અનર્થની નિજ મહા સામર્થ્યથી ચૂરતો,
જે તે વિશ્વકૃપાળુ ધર્મવિભુને હું ભક્તિભાવે નમું! ૬

॥ મંદાક્રાંતા ॥

મોટાં રાજ્યો, સુભગ દયિતા, પુત્રને ઘેર પુત્ર,
સારી બુદ્ધિ, ગુણિયલપણું, રમ્ય ને સ્વસ્થ ગાત્ર,
ઘેરો મીઠો સ્વર, સુજનતા, કાવ્યચાતુર્ય પાકે,
કેવાં? કેવાં? ફળ અજબ રે ધર્મકલ્પદ્રુશાખે! ૭

ગીત

રાગ વસંત

પાળ તું પાળ તું રે, પાળ મને જિનધર્મ!
મંગળ કમળાના ક્રીડા ઘર! કરુણાસાગર ધીર!
શિવસુખકારણ! ભવભયવારણ! જગદાધાર ગંભીર! પાળ તું૦ ૧

મેઘમાળ ભૂતળને સીંચે, જે અમૃતમય જળથી,
સૂરજ-ચંદ સદા ઊગે જે, તે તુજ મહિમા બળથી. પાળ તું૦ ૨

નિરાધાર વસુધા વણટેકે, સ્થિર છે જાસ પ્રભાવે,
વિશ્વસ્થિતિના મૂળથંભ હે! ભજું તને નતભાવે... પાળ તું૦ ૩

દાન-શીલ-શુભભાવ-તપાદિથી, કરતો વિશ્વ કૃતાર્થ,
ભીતિ-શોક હરે જે નિજનું, શરણ સ્મરે ભવિસાર્થ. પાળ તું૦ ૪

ક્ષમા-સત્ય-સંતોષ-દયાદિક, જાસ સુભગ પરિવાર,
દેવ અસુર નર પૂજે જેનું, શાસન ભવભયહાર... પાળ તું૦ ૫

નિઃસહાયનો સહાયક તું નિત, બંધુ રહિતનો ભાઈ,
તુજ સમ બંધુ તજી ભવવનમાં, ભમતા સહુ જીવ ધાઈ... પાળ તું૦ ૬

અટવી ગૃહસમ-જલસમ અગ્નિ, જલધિ સ્થલસમ થાય,
તુજ કૃપાથી સિવ કામિતસિદ્ધિ, બહુ પરથી શું પમાય? પાળ તું૦ ૭

અહીં આપે સુખ દશવિધ પરભવ, ઈંદ્રાદિક પદ દેતો,
ક્રમશઃ નિશ્રેયસ સુખદાયક, જ્ઞાનાદિક અર્પતો! પાળ તું૦ ૮

સર્વ શાસ્ત્રના સાર! સનાતન! સિદ્ધિસદન સોપાન?
જય! જય! તું વિનયીને દેતો, શાંત સુધારસપાન! પાળ તું૦ ૯

# ૧૧
# લોકસ્વરૂપ ભાવના

॥ શાલિની ॥

નીચે નીચે સાત રત્નપ્રભાદી, જે છે નર્કો છત્ર આકારધારી,
તેણે પૂર્યો આ અધોલોક જેના, પાદો બે છે સાત રજ્જુ પહોળા. ૧

પ્હોળો તિર્છોલોક ને એક રાજ, જ્યાં છે દ્વીપો અબ્ધિવીંટ્યા અસંખ્ય,
વીંટી જ્યોતિશ્ચક્રની કાંચિ રમ્ય, જેનો સોહે પાતળો કેડ ભાગ. ૨

ઊર્ધ્વે લોકો જેહનો બ્રહ્મસ્વર્ગ પ્હોળો રજ્જુ પાંચ છે કોણિભાગ,
પ્હોળો રજ્જૂ એક લોકાંત જાસ, મૌલી સિદ્ધોરૂપ જ્યોતે લસંત. ૩

જે વૈશાખ સ્થાનકે પાદ રાખી, કેડે મૂકી હાથ બન્ને અનાદિ-
કાળેથી ઊભો છ ટટ્ટાર નિત્ય, થાક્યો લાગે તોય મુદ્રા અખિન્ન. ૪

તે આ જાણો લોક નામે પુરુષ, ષટ્દ્રવ્યાત્મા શાશ્વતો ને અનાદિ–
અનંતો ને ધર્મ આકાશ આદિ, દ્રવ્યે પૂર્યા જેહના સર્વદેશ. ૫

રંગસ્થાન પુદ્ગલોનું અને જે, નાના રૂપે નાચતા જીવનું છે,
કાલોદ્યોગાદિકના ભાવે કર્મ, વાજિંત્રોથી નિયતિએ નચાવ્યાં. ૬

આવો લોક ચિંતવાતો વિવેકે, આપે ડાહ્યાને મનઃસ્થૈર્ય સ્હેજે,
સ્થૈર્ય આવ્યે ચિત્તમાં તુર્ત થાતી, આત્મા કેરા દિવ્ય સૌખ્યોની પ્રાપ્તિ. ૭

## ગીત

### રાગ કાફી

વિનય, તું ચિંતવ ચિત્તમાં, શાશ્વત લોકાકાશ,
સકલ ચરાચર વસ્તુને, આપે જે અવકાશ. વિનય૦ ૧

દીપ્ર અલોકથી વીટ્યું જે, જેનું માન અમાપ,
ધર્માદિક દ્રવ્યે રચી, જેની સીમા આપ. વિનય૦ ૨

સમુદ્ઘાત સમયે જિને, જેને નિજથી પૂર્યું,
જીવ અણુની વિવિધ ક્રિયા, ના ગૌરવે ઘેર્યું. વિનય૦ ૩

એક છતાં પુદ્ગલ વડે રૂપો, બહુવિધ કરતું,
ક્યાંક ઊંચા મેરુ ક્યહીં, ઊંડી ગર્ત્તા ધરતું. વિનય૦ ૪

ક્યાંક અમર મણિ ગેહના, તેજે દીપે જેહ,
ક્યાંક વિરૂપ નરકાદિના, ઘોર તિમિરનું ગેહ. વિનય૦ ૫

ક્યાંક ઉત્સવમય ઊજળું, ગાજે જયનાદે,
ક્યાંક મહા હાહારવે ભર્યું શોક વિષાદે. વિનય૦ ૬

મમતા કરીને મૂકતા, જન્મ-મરણે ફરતા,
વાર અનંતી જીવ સહુ, જસ પરિચય કરતા. વિનય૦ ૭

પ્રણમો જિનને જો તમે, થાક્યા અહીં ફરતાં,
જેહ શમામૃત પાનથી, વિનયીને ઉદ્ધરતા. વિનય૦ ૮

# ૧૨
# બોધિદુર્લભ ભાવના

॥ મંદાક્રાન્તા ॥

જેણે સૌને ચકિત કરતા સ્વર્ગના ભોગ રંગ,
ઊંચા ભોગી કુળ મહીં વળી જન્મ ઉલ્લાસ સંગ,
ને આપે જે પદવી પરમબ્રહ્મની તે અનન્ય,
સેવો નિત્યે પરમદુલહું બોધિનું રત્ન ધન્ય! ૧

॥ ભુજંગપ્રયાત ॥

અનાદિ નિગોદાંધ કૂપે પડેલા, સદા જન્મ ને મૃત્યુ દુઃખે પીડેલા,
જીવો ક્યાંથી તેવી પરિણામ શુદ્ધિ લહે? જેથી પામે હહા ત્યાંથી મુક્તિ? ૨

લહે નીકળી ત્યાંથી જો સ્થાવરત્વ, વળી દુલ્લહું તે જીવોને ત્રસત્વ;
ત્રસત્વેય દુર્લભ્ય છે માનવત્વ, સ્થિરાયુષ્ય પંચેદ્રિયાદિથી યુક્ત. ૩

મનુષ્યત્વ તેવું લહીનેય ઘેલો, મહામોહ-મિથ્યાત્વ-માયાથી મેલો;
ભમંતો બૂડી ઘોર સંસાર ખાડે, ફરી પામશે બોધિનું રત્ન ક્યાં રે! ૪

॥ શિખરિણી ॥

ઘણેરા પંથો, ને ડગ-ડગ ફરે કૈંક કુમતિ,
કુતર્કો વિસ્તારી નિજ-નિજ મતોને નિરૂપતા,
ન આવે દેવો હયાં, અતિશય નથી કોઈય છતાં,
રહે આવા કાળે દઢ ધરમમાં, તે જ સુકૃતિ! ૫

॥ શાર્દૂલવિક્રીડિત ॥

કાયા રોગ થકી મથાય અથવા ઝૂકે જરાથી જરી,
ને આ ઇન્દ્રિયવૃંદ નિર્બળ બને, આયુષ્ય ખૂટે વળી;
તે પ્હેલાં થઈ સજ્જ આત્મહિતમાં સૌ સજ્જનો લાગજો!
ફૂટી જાય તળાવ વારિવહતું ત્યારે શું પાળી રચો! ૬

॥ અનુષ્ટુપ ॥

ઉપદ્રવે ભર્યો દેહ, આયુને ક્ષણમાં તૂટે;
કયું ધૈર્ય ધરી મૂઢો, નિજના હિતથી હટે? ૭

ગીત

રાગ ધનાશ્રી

જાણજો! જાણજો! બોધિ દુર્લભ અતિ
જેમ સુરમણિ જલધિમાં પડેલો!
સાચું આરાધજો! સ્વહિત અહીં સાધજો!
નિજ બળે નીચગતિ દૂર ઠેલો! જાણજો૦ ૧

ચક્રિભોજન પરે મનુજભવ નવિ મળે,
ઘોર સંસારવનમાંહિં ભમતાં,
જે નિગોદાદિની સ્થિતિરૂપે વિસ્તર્યું
લાખ મોહાદિ જ્યાં ચોર રમતા. જાણજો૦ ૨

મ્લેચ્છદેશોમહીં મનુજભવ પામિયો,
થાય તે તો અહો અહિતકારી;
જીવહિંસાદિનાં ઘોર પાપો થકી,
નરકના પથમહીં થાય ચારી. જાણજો૦ ૩

આર્યદેશે મળે સુકુલમાં જન્મ પણ,
ધર્મ જિજ્ઞાસુપણું હોય દૂરે,
ચાર સંજ્ઞા તણી પીડથી જગત હા!
દુર્દશામાં ડુબી દીન ઝૂરે. જાણજો૦ ૪

હોય જિજ્ઞાસુ પણ શ્રવણ દુર્લભ અતિ,
ધર્મશાસ્ત્રો તણું સુગુરુ પાસે,
વ્યર્થ વિકથાદિને રસ રમ્યું ચિત્ત જ્યાં,
વિવિધ વિક્ષેપથી મલિન ભાસે! જાણજો૦ ૫

ધર્મને સાંભળી સમજી જ્યાં આદરે,
માંહ્યલા રિપુ મળી સર્વ ભેળા,
રાગ ને રોષ વળી થાક નિદ્રાદિ ત્યાં,
રોકતા ચૂકવી સુકૃતવેળા! જાણજો૦ ૬

લાખ ચોરાશીની યોનિમાં તેં અહો!
સાંભળી ધર્મની વાત ક્યાંયે?
ઋદ્ધિ-રસ-શાતના ગૌરવે મસ્ત થૈ
જગતમાં પ્રાયઃ ઝગડે બધાયે... જાણજો૦ ૭

એમ દુર્લભ થકી અતિ જ દુર્લભ-લહી,
બોધિમણિ સકલ ગુણથી ભરેલો,
ગુરુ તણી વિપુલ સેવા થકી મેળવી
શાંતરસનું સરસ અમૃત પી લો! જાણજો૦ ૮

## પીઠિકા

॥ અનુષ્ટુપ ॥

સમ્યગ્ ધર્મતણું ધ્યાન, જોડતી ચિત્ત પાવના,
વીતરાગે કહી શ્રેષ્ઠ, મૈત્ર્યાદિ ચાર ભાવના. ૧

વળી કહ્યું છે કે –

'મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્ય ભાવ જોડીએ,
પોષવા ધર્મનું ધ્યાન, છે રસાયણ દિવ્ય એ. ૨

॥ ઉપજાતિ ॥

'મૈત્રી' બીજાની હિતચિંતના તે, 'પ્રમોદ' હોવે ગુણ પક્ષપાતે,
'કારુણ્ય' વિશ્વાર્તિ હણ્યાની ઇચ્છા, 'માધ્યસ્થ્ય' પાપીજનની ઉપેક્ષા. ૩

## ૧૩
## मैत्री ભાવના

સૌ જીવમાં ચિંતવ જીવ! મૈત્રી, આ વિશ્વમાં કોઈ નથી જ વૈરી;
થોડાક દીની અહીં જિંદગીમાં, શું વેર બાંધી સળગો નકામાં? ૧

બધાય આ બંધુ થયા હશે આ, ભવાબ્ધિમાં વાર હજાર તારા;
તેથી જ આત્મા સઘળાય આહીં, છે બાંધવો શત્રુ ન કોઈ ભાઈ! ૨

માતા પિતા ભાઈ બહેન પુત્રી, પુત્રાદિરૂપ સઘળાય જીવો;
મળ્યા અહીં વાર અનંત તેથી, છે સૌ કુટુંબી જ ન કો પરાયો. ૩

એકેન્દ્રિયાદિ પણ જીવ પામી, પંચેન્દ્રિયાદિપણું સાચું સાધી,
સમ્યક્ત્વ ક્યારે ભવસિંધુ કેરો, મીટાવશે 'નાદિ અનંત ફેરો. ૪

લોકોની રાગાદિક જે પીડાઓ; યોગો ત્રણે પીડતી શાંત થાઓ!
બધાય ચાખો સમતાસુધાને, સર્વત્ર સર્વે સુખિ હો સદાને! ૫

## ગીત

### રાગ દેશાખ

જાણ, વિનય જગના સહુ, જીવગણને મિત્ર,
જેઓ બહુ ભવમાં ભમે, કરી કર્મ વિચિત્ર. જાણ૦ ૧

પ્રિય બાંધવ છે તે બધા, નથી રિપુ અહીં કોઈ;
મનને શું રોષે ભરો, નિજ સુકૃતને ખોઈ. જાણ૦ ૨

કોપ કરે જો પારકો, નિજ પાપને જોરે,
પણ તેથી તું શું? ભલા, હૈયે રોષને વ્હોરે. જાણ૦ ૩

કલહ સુજનને ત્યાજ્ય છે, તજ શમરસ મીન!
પામ વિવેકની ચાતુરી, ગુણસંગમાં લીન. જાણ૦ ૪

શત્રુજનો સુખિ હો! સહુ, મત્સરને છોડી,
એ પણ ઉત્સુક હો! જવા, શિવમંદિર દોડી. જાણ૦ ૫

જરી પણ સમતાબિંદુને, મનથી જો ચાખો!
તો તો રસ જાણી સ્પૃહા, અહીં પોતે રાખો! જાણ૦ ૬

કુમત મદે મૂર્છિત બની, શું પાપમાં સરતા?
જિનવચનોને કેમ હા! રસથી ના ધરતા? જાણ૦ ૭

પરમાત્મામાં પરિણમી, વિમળા સહુ વસજો!
વિનય શમામૃતપાનથી, જનતા ઉલ્લસજો! જાણ૦ ૮

## ૧૪
# પ્રમોદ ભાવના



॥ સ્રગ્ધરા ॥

જેણે કર્મો હટાવ્યાં ક્ષપક પથ ચડી ધન્ય તે વીતરાગ!,
ત્રૈલોક્યે ગંધહસ્તી સહજ ઉદિત જ્ઞાને ધરે જે વિરાગ,
આરોહી આત્મશુદ્ધે શરદ શશી સમી નિર્મલી ધ્યાન ધારે,
પામી આર્હંત્યલક્ષ્મી સુકૃત શત વડે જે ગયા મુક્તિ આરે! ૧

તેઓના કર્મનાશે ઉદિત ગુણગણો નિર્મળા સ્તોત્રપાઠે
ગૂંથેલા, ગાઈ ગાઈ શુચિતર કરીએ વર્ણના સ્થાન આઠે!
જીહ્વા તે ધન્ય માનું, જગમહીં પ્રભુના સ્તોત્રની જે રસજ્ઞા,
બીજી તે અજ્ઞ જાણું, વ્યરથ જગતની વાતમાં જેહ મગ્ના! ૨

નિર્ગ્રંથો ધન્ય છે તે ગિરિ, ગહન ગુહા–ગહ્વરોમાં નિવાસી,
ધર્મધ્યાને રમંતા શમરસ ભરિયા પક્ષ-માસોપવાસી;
ને બીજા જ્ઞાનીઓ જે શ્રુતવિપુલમતિ ધર્મનો મર્મ દેતા,
દીપાવે વિશ્વમાં જે જિન ધરમ શમી, દાંત ઇન્દ્રિયજેતા. ૩

ભાવે જે દાન-શીલાદિક નિત કરતા ધર્મ ચારે અનન્ય,
આરાધે, ધર્મશ્રદ્ધા શ્રુતથી દઢ કરી તે ગૃહસ્થોય ધન્ય!

સાધ્વી-શ્રાદ્ધીય ધન્ય શ્રુતથી મતિ કરી શુદ્ધ, જે શીલ પાળી,
સોહંતી નમ્ર થૈને નિશદિન નમતા તેમને ભાગ્યશાળી! ૪

॥ ઉપજાતિ ॥

મિથ્યાત્વિઓના ય પરોપકાર, સંતોષ સત્યાદિ ગુણો ઉદાર;
વિનમ્રતા દાનીપણું વગેરે, માર્ગાનુસારી સમજી પ્રશંસું! ૫

॥ સ્રગ્ધરા ॥

જિહ્વા, તું મસ્ત થૈને કર સુકૃતિ તણાં સચ્ચરિત્રોનું ગાન!
અન્યોની કીર્તિના થૈ શ્રવણ રસિક હો શ્રેષ્ઠ આ બેય કાન!,
બીજાની પ્રૌઢ લક્ષ્મી નિરખી તુરત હે નેત્ર થાઓ પ્રસન્ન!
આ સંસારે તમારા જનમનું ફળ તો આ જ છે નૈવ અન્ય. ૬

॥ ઉપજાતિ ॥

પ્રમોદ પામી પરના ગુણોથી, શમાબ્ધિમાં ડૂબતી જાસ બુદ્ધિ,
દીપી ઊઠે તેમની ચિત્તતુષ્ટિ, અને ગુણો ઉજ્જ્વળ થાય તેથી. ૭

## ગીત
### રાગ ટોડી

વિનય, વહો ગુણનો પરિતોષ! વિનય વહો.
નિજ પુણ્યે જેણે પાઈ વડાઈ દૂર તજો તસ મત્સર રોષ! વિનય૦ ૧

આપે અહો! આ દાને ઘણેરું! પામે એ અહીં માન ભલેરું!
એમ શું ના અનુમોદી ભાવે તાસ સુકૃતમાં ભાગ તું પાવે? વિનય૦ ૨

જેનું મન અહીં છે અવિકાર, જે કરતા જગમાં ઉપકાર;
પાળે વળી જે ઉચિત આચાર, નામ જપું તસ વારંવાર. વિનય૦ ૩

અહહ! તિતિક્ષાગુણ પ્રભુ કેરો, પેખો! મુક્તિનિદાન અનેરો!
અભિમાની અઘવૃંદ તુરંત જેણે નાસે રોષ ફુરંત! વિનય૦ ૪

પાળે કેઈક શીલ ઉદારા, ગૃહિજન પણ તજતા પરદારા,
આજે પણ અહીં યશ શુચિ તેહનો, વિલસે ફલિત અફલ સહકારા! વિનય૦ ૫

સતીઓ પણ બંને કુળમાં જે, બાંધી કીર્તિધજા શીલ સાજે,
સચ્ચરિતે પૂનમ જિમ રાજે, દર્શન પણ તસ સુકૃત નવાજે. વિનય૦ ૬

તાત્ત્વિક-સાત્ત્વિક-સુજનવતંસા, કેઈક યુક્તિવિવેકે હંસા;
જેઓ ત્રિજગત સકલ શોભાવે, સ્મરણ તાલ શુભયોગ કરાવે! વિનય૦ ૭

એમ પરાયા ગુણ નિત ભાવો! નિજ અવતારનું સત્ફળ પાવો!
સુવિહિત-ગુણનિધિના ગુણ ગાવો! શાંત સુધારસ પાન રચાવો! વિનય૦ ૮

## ૧૫
## કરુણા ભાવના

॥ માલિની ॥

પ્રથમ અશન પાને વ્યાકુળ, ત્યાર બાદ,
સરસ ઘર-ઘરેણાં વસ્ત્રમાં વ્યગ્રચિત્ત,
પછી રમણી-સુપુત્રો ભોગ હૈયે પસંદ,
સતત અભિલષંતા સ્વસ્થતા ક્યાં લહંત? ૧

॥ શિખરિણી ॥

ઉપાર્જીને ક્રમે ધનવિભવ લાખ્ખો જતનથી,
ભવાભ્યાસે માને 'ધ્રુવ' બધુંય આ એમ મનથી,
અને ઓચિંતા ત્યાં ક્રૂર હૃદય કો ભીતિ વયરી,
જરા કે રોગો કે મરણ અહ! નાંખે રજ ભરી! ૨

॥ સ્રગ્ધરા ॥

ક્રોધે અન્યોન્ય ઈર્ષ્યા હૃદય ધરત કૈં, કોઈ હોડે ચડ્યા છે,
સ્વચ્છંદે કોઈ ઝૂઝે ધન-પશુ લલના ખેતરાં સીમ માટે;
ને લોભે કેઈ પામે ડગ-ડગ વિપદા દોડતા દૂર દેશે,
શું કહેયે? શું કરીએ? શત શત દુખડે વિશ્વ આ તડફે છે! ૩

॥ ઉપજાતિ ॥

ખાડા ખણંતા નિજ હાથ પોતે, એવા સ્વયં ત્યાં સરકી પડે છે!
ત્યાંથી રહ્યું નીકળવું ય દૂરે, નીચે પડંતા નવ ક્યાંય થંભે. ૪

રચી નવા નાસ્તિકતાદિ વાદ, એણી પરે એ આચરતા પ્રમાદ,
ડૂબી નિગોદાદિકમાં અરે! તે, દોષે બળ્યા દુઃખ દુરંત વેદે! ૫

ન સાંભળે જેહ હિતોપદેશ, હૈયે ધરે ના વળી ધર્મલેશ;
શેં તેમના રોગ દૂરે કરાય? તેનો અહો એક જ એ ઉપાય. ૬

॥ અનુષ્ટુપ ॥

એમ જે પરનાં દુઃખ, હરવા ચિંતવે ઉરે;
ભાવિમાં હિતકારી તે, અવિકારી સુખો વરે! ૭

## ગીત

રાગ રામકુલિ

ભવિજન, ભજીએ પ્રભુને ભાવે!
શરણાગતને જે નિષ્કારણ કરુણાવંત બચાવે... ભવિજન૦ ૧

પળભર અંતર થિર કરી પીઓ, સાર જિનાગમ કેરો!
છોડ કુશાસ્ત્ર જે વિકૃત વિચારે, ચીંધે ખોટો કેડો! ભવિજન૦ ૨

ગુરુ અવિવેકી પરિહરવો જે, ભોળાને ભરમાવે,
સુગુરુ વચન એકાદું ચાખ્યું, પરમાનંદ અપાવે. ભવિજન૦ ૩

પંથ શું પૂછો? કુમતિ-તિમિરથી નયનો મીંચ્યાં તેને!
જળના ઘટમાં કેમ વલોણું કરીએ કહીં સમજીને? ભવિજન૦ ૪

ચંચળ મનડું એ જ જગતમાં પીડ બધી ઉપજાવે,
નિજમાં રમતું તે જ અશંકિત સુખડાં તુરત અપાવે. ભવિજન૦ ૫

સ્મર-આશ્રવ વિકથાને ગૌરવ આદિ અનાદિ વયસ્યો;
પરિહર, કર સંવરની મૈત્રી શાશ્વત એ જ રહસ્યો. ભવિજન૦ ૬

કેમ અહીં ભવરણમાં ભાઈ રોગ અપાર સહંતા?
સેવો, જગ ઉપકારે ઉદ્યત જિનવર વૈદ્ય મહંતા. ભવિજન૦ ૭

નિશ્ચિત ભાવિ હિતને કરતું, વિનય વચન સાંભળ તું,
શત શત સુખડાં આણી દેતું શાંત સુધારસ પી તું! ભવિજન૦ ૮

# ૧૬
# માધ્યસ્થ્ય ભાવના

॥ શાલિની ॥

થાકેલાને જ્યાં વિસામો મળે છે, માંદા પામે પ્રીતિ જે મેળવીને;
રોક્યે રાગ દ્વેષ વૈરી મળે જે, નિત્યે તે માધ્યસ્થ્ય વ્હાલું અમોને! ૧

જુદા જુદા કર્મથી ભિન્ન મર્મે, સૌ આ વિશ્વમાં ભિન્ન ધર્મે!
સારા માઠા ચેષ્ટિતે સુજ્ઞ ત્યારે, કોના કોના રોષ કે તોષ ધારે? ૨

વીરસ્વામીથીય કહેતો અસત્ય, ન્હોતો રોકાયો જમાલિ સ્વશિષ્ય,
બીજાને તો પાપથી કોણ વારે? તેથી કલ્યાણી ઉદાસી જ તારે. ૩

અર્હંતો યે શું મહાશક્તિવંતા, ધર્મે જોડે કોઈને યે દમંતા?
આપે સાચો ધર્મનો માર્ગ કિંતુ, જેણે પામો પાર સંસારસિંધુ! ૪

પીઓ ઔદાસીન્ય પીયૂષ તેણે, સંતો! વારંવાર... પામો જ જેણે–,
આનંદોના ઉલ્લસંતા તરંગેખેલી જીવન્મુક્તિના સૌખ્યરંગે! ૫

## ગીત

### રાગ પ્રભાતિ

ઔદાસીન્ય તણું સુખ અનુભવ વિનય, તું નિત્ય ઉદારે રે,
કુશલ મિલાવત લાવત વાંછિત સૂત્રે જ કહ્યું સાર રે. ઔદાસીન્ય૦ ૧

પરની ચિંતા જાળ તજીને, ચિંતવ શુદ્ધ સ્વરૂપ રે,
તારે શું? કોઈ વીણે કેર રે, કેરી કોઈ અનૂપ રે. ઔદાસીન્ય૦ ૨

હિત-ઉપદેશો પણ જે ન સહે, તેના પર શું? કોપે રે.
નિષ્ફલ એવી પરચિંતાથી નિજ સુખને શું? લોપે રે. ઔદાસીન્ય૦ ૩

સૂત્ર તજીને જડજન કોઈ, ભાખે મત્ત ઉત્સૂત્ર રે,
શું કરીએ? પાયસ છંડી જો, તેઓ પીએ મૂત્ર રે. ઔદાસીન્ય૦ ૪

કેમ ન જૂઓ? મનની પરિણતિ, નિજ નિજ ગતિ અનુસાર રે,
જેનું જેવું હોય થવાનું, તે તુજથી દુર્વાર રે. ઔદાસીન્ય૦ ૫

હૈય ધર! મનહર સમતાને, માયાજાળ તું મેલ રે,
પુદ્ગલની પરવશતા પરિહર! ટૂંકી આયુષ વેળ રે. ઔદાસીન્ય૦ ૬

ચેતનરૂપ અનોપમ તીરથ, અંતરનું અભિરામ રે,
વિરતિભાવે નિરમળ સમરો, મળશે સુખ અવિરામ રે. ઔદાસીન્ય૦ ૭

પરબ્રહ્મનું મૂળ જે કારણ, ખોલતું કેવળજ્ઞાન રે,
વિનયે ગાયેલું કર ભાવે શાંત સુધારસ પાન રે. ઔદાસીન્ય૦ ૮

# ઉપસંહાર

॥ સ્રગ્ધરા ॥

આ રીતે ભાવનાથી ઉર સુરભિ કરી સંશયાતીત એવો–
આત્મા ઊંચો ઉઠાવ્યો દૂર કરી મમતા મોહની નિંદ જેણે,
પામીને સત્ત્વસીમા અમમ થઈ લહે ચક્રિ ને શક્રથી યે–
ઝાઝેરી, કીર્તિવંતી નિરુપમ સુખની લક્ષ્મી તે નમ્ર જીવો! ૧

દુર્ધ્યાન પ્રેત પીડે નવ જરી, સુખની સ્ફાતિ રે કો અપૂર્વ–
હૈયાને ઉલ્લસાવે, ચિહુંગમ પ્રસરે શ્રેયને પ્રેય સર્વ?
નાશંતા રાગરોષાદિક રિપુ, વશમાં સિદ્ધિ સામ્રાજ્ય આવે,
સેવો, તે ભાવનાઓ મતિ કરી વિનયે શુદ્ધ જેના પ્રભાવે! ૨

# પ્રશસ્તિ

॥ પથ્યા ॥

શ્રી હીરવિજયસૂરીશ્વર કેરા શિષ્ય સોદર હતા બે,
શ્રી સોમવિજય વાચક – વાચકવર કીર્તિવિજય અને ૧

॥ ગીતિ ॥

તેમાં શ્રીકીર્તિવિજય વાચક-શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ;
શાંતસુધારસ નામે વિરચ્યો આ ભાવના પ્રબંધ ખરે! ૨

શિખિ નયન સિંધુ શશિમિત વર્ષે ગંધારમાં પ્રમોદભર્યો,
શ્રી વિજયપ્રભસૂરિ પ્રસાદથી યત્ન એહ સફળ થયો. ૩

॥ ઉપજાતિ ॥

રે! ચંદ્રમા સોળ કળાથી જેમ, સંપૂર્ણ થૈને જગને ઉજાળે!
વિસ્તારજો મંગળ, ગ્રંથ તેમ સંપૂર્ણ આ સોળ પ્રકાશમાળે! ૪

જિહાં લગે સૂરજ તેમ ચંદ્ર આ વિશ્વમાં નિત્ય ઊગે અતંદ્ર;
તિહાં લગે ગ્રંથ પ્રકાશવંતો આ દ્યો તમોને નિત હર્ષ સંતો! ૫

